આજનો સુવિચાર
અહંકારથી પિડીત વ્યકિતને જ વધુ અપમાનનો અનુભવ થાય છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૧૬૭ જૂનાગઢ તા.૨૮-૦૬-૨૦૨૨ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

## ન્યૂયોર્કમાં ૩૧ વર્ષનાં ભારતીય વ્યકિતની ગોળી મારી હત્યા

ન્યુયોર્ક તા. ૨૮

ન્યુયોર્ક શહેરના ક્વિન્સ વિસ્તારમાં સતનામસિંહ નામનો એક વ્યક્તિ મિત્ર પાસેથી ઉધાર લીધેલી એસયુવીમાં પાર્કિંગમાં બેઠો હતો ત્યારે જ હત્યારાએ માથામાં ગોળી મારી હતી. આ ઘટના અમેરિકાના અન્ય રાજ્ય મેરીલેન્ડમાં સાઈચરણ નામના એક ભારતીય વ્યક્તિના માથામાં ગોળી મારીને કરવામાં આવેલી હત્યાની ઘટનાના થોડા દિવસ બાદ જ બની છે. અહેવાલો અનુસાર સતનામ કાળા કલરની જીપની પાછલી બેઠકમાં બેઠોહતો ત્યારે જ તેને ગોળી મારવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આ પાર્કિંગ તેના ઘરની નજીકમાં જ છે. સતનામને ગળામાં અને છાતી ઉપર ગોળી મારવામાં આવીહતી તેને તત્કાળ નજીકની હોસ્પિટલમાં લઈ જવાયો હતો પણ ત્યાં તેનું મોત થયું હતું. અહેવાલો અનુસાર સતનામે પોતાના મિત્ર પાસેથી આ વાહન ઉધારલીધું હતુંઅને કોઈને લેવા માટે આવ્યો હતો.

## શાપુરજી પાલોનજી ગ્રુપનાં ચેરમેન પાલોનજી મિસ્ત્રીનું નિધન

નવી દિલ્હી તા. ૨૮

શાપુરજી પાલોનજી ગ્રુપના ચેરમેન અને અબજોપતિ ઉદ્યોગપતિ પાલોનજી મિસ્ત્રીનું ૯૩ વર્ષની ઉંમરે નિધન થઈ ગયુ છે. કંપની સાથે જોડાયેલા સૂત્રોએ તેની જાણકારીઆપી છે. કંપનીના તમામમોટી સિદ્ધિઓમાં મુંબઈમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની બિલ્ડિંગનું નિર્માણ પણ કરાવવાનું પણ સામેલ છે. મહત્વનું છે કે કન્સ્ટ્રક્શન સિવાય ઘણા અન્ય સેક્ટરમાં તેમણે કંપનીને નવી ઉંચાઈઓ સુધી પહોંચાડી હતી.

શાપૂરજી પાલોનજી ગ્રુપની હાજરી એન્જિનિયરિંગ, કન્સ્ટ્રક્શન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિયલ એસ્ટેટ, વોટર એનર્જી અને ફાઈનાન્સ સર્વિસના સેક્ટરમાં છે. અલગ-અલગ કંપનીઓમાં આ સમૂહ માટે ૫૦ હજારથી વધુ કર્મચારીઓ કામ કરે છે. ભારત સિવાય એશિયાના અન્ય દેશો અને આફ્રિકા સુધી શાપૂરજી પાલોનજી ગ્રુપનો કારોબાર ફેલાયેલો છે. ફોર્બ્સના તાજા અપડેટ અનુસાર દુનિયામાં તે અમીરોની યાદીમાં ૧૪૩માં નંબર ઉપર છે.

## સરકારનાં કડક વલણ સામે રેસીડેન્ટ ડોકટરોની હડતાલ ૧૩ દિવસ બાદ સમેટાઈ

અમદાવાદ તા. ૨૮

આરોગ્ય વિભાગના કડક વલણ સામે આખરે રેસિડેન્ટ ડોક્ટરો ઝૂક્યા છે. ૧૩ દિવસથી ચાલેલી હડતાળ અંતે ૧૪માં દિવસે સમેટી લેવામાં આવી છે. આજથી તમામ હડતાળિયા રેસિડેન્ટ ડોક્ટરોએ ડ્યુટી ઉપર જોડાવાની શરૂઆત કરી છે. આમ, ૧૩ દિવસ બાદ આજથી ફરી કોવિડ, ઈમરજન્સી, વોર્ડ તેમજ OPD સેવાઓ પૂર્વરત થશે. સિનિયર રેસીડેન્સીને બોન્ડમાં સમાવવાની માંગ પૂર્ણ નહી થવા છતાં હડતાળિયા ડોકટરો તમામ ડ્યુટી ઉપર જોડાવવા મજબૂર બન્યા હતા. ગઈ કાલે આરોગ્ય વિભાગના ઉચ્ચઅધિકારીઓ, મેડિકલ કોલેજના ડીન તેમજ સિવિલ સુપ્રિટેન્ડેન્ટ વચ્ચે મળેલી બેઠકમાં હડતાળિયા ડોકટરો હડતાળ યથાવત રાખે તો રેસિડેન્ટશિપ રદ્દ કરી નાંખવાની ચીમકી આપવામાં આવી હતી. જો તબીબોની રેસિડેન્ટશિપ રદ્દ કરવામાં આવે તો ડોક્ટરોએ બોન્ડની ૪૦ લાખ રૂપિયાની રકમ ભરવી પડે. આવી સ્થિતિમાં તેમની પાસે હડતાળ સમેટી લેવા સિવાય બીજો કોઈ વિકલ્પ જ ન હતો.

### ઉધ્ધવ સરકાર હવે ગણતરીનાં દિવસોની મહેમાન

# મહારાષ્ટ્રનાં રાજકારણમાં ઉથલપાથલનો દોર યથાવત વ્યાપક અટકળો વચ્ચે મીટીંગોનો દોર જારી

(મુબંઈ બ્યુરો)મુંબઈ, તા.૨૮: મહારાષ્ટ્રમાં રાજકીય ઉથલપાથલ વચ્ચે ભારતીય જનતા પાર્ટી પણ એક્શન મોડમાં દેખાવા લાગી છે. પાર્ટીએ રાજ્યમાં મોટા રાજકીય ફેરફારો માટે રણનીતિ તૈયાર કરી હોવાના અહેવાલ છે. સાથે જ એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે આ અઠવાડિયે મહારાષ્ટ્રમાં નવી સરકારનો દસ્તક આવી શકે છે. પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના ઘરે બેઠકો ચાલી રહી છે.

એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું છે કે ભાજપે મહા વિકાસ અઘાડી સરકારને તોડવાની રણનીતિ તૈયાર કરી છે. અહેવાલ મુજબ, વરિષ્ઠ નેતાએ કહ્યું, 'જો બધુ બરાબર રહ્યું તો અમે શનિવાર અથવા રવિવારે રાજ્યમાં નવી સરકારની રચનાની અપેક્ષા રાખી શકીએ છીએ. બીજી તરફ મહારાષ્ટ્ર રાજ્યમાં શિવસેનાની ગતિવિધિઓ પણ તેજ થઈ ગઈ છે.

એવી શકયતાઓ વ્યકત કરવામાં આવી રહી છે કે બળવાખોર નેતા એકનાથ શિંદે એક-બે દિવસમાં મુંબઈ પહોંચી શકે છે અને રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીને ફ્લોર ટેસ્ટની અપીલ સાથે પત્ર સુપ્રત કરી શકે છે. અહેવાલ મુજબ, બીજી યોજના એ છે કે ભાજપ કોશ્યારીને ફ્લોર ટેસ્ટ માટે પત્ર પણ સબમિટ કરી શકે છે અને જો રાજ્યપાલ વિશેષ સત્ર બોલાવે છે, તો પક્ષ ખાતરી કરશે કે બળવાખોર ધારાસભ્યો હાજર ન થાય. જે ઉધ્ધવઠાકરેની સરકારનું પતન નક્કી કરશે.

## આજથી ચંદીગઢમાં જીએસટી કાઉન્સિલની બે દિવસીય બેઠક : જીએસટી દરોમાં વ્યાપક ફેરફારોની શકયતા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૨૮

જીએસટી પરિષદની આજથી ચંદીગઢમાં શરૂ થઈ રહેલી બે દિવસીય બેઠકમાં રાજયોને વળતર આપવાની વ્યવસ્થા ઉપરાંત કેટલીક વસ્તુઓના કર દરોમાં ફેરફાર અને નાના ઈ-કોમર્સ સપ્લાયરોને રજીસ્ટ્રેશન નિયમોમાં રાહત આપવા જેવા મુદાઓ ઉપર વિચાર થઈ શકે છે.

નાણાપ્રધાન સીતારમણની અધ્યક્ષતામાં થનારી જીએસટી પરિષદની ૪૭મી બેઠકમાંરાજયોના નાણાપ્રધાનોના ગ્રુપ દ્વારા બે રિપોર્ટ રજૂ કરાશે. તેમાં વિપક્ષ શાસિત રાજયો કર દરોને તર્ક સંગત બનાવવાની સાથે રાજસ્વની ઘટનું વળતર ચાલુ રાખવાની જોરદાર વકીલાત કરશે. તો કેન્દ્ર સરકાર, નાણાંભીડની સ્થિતિનો હવાલો આપીને તેને બંધ કરવા ઈચ્છશે.

લખનૌમાં પરિષદ ૪૫મી બેઠકમાં સીતારમણે કહ્યું હતુ કે રાજયોને વળતર આપવાની વ્યવસ્થા જૂન ૨૦૨૨માં સમાપ્ત થઈ જશે. ચંદીગઢમાં યોજાઈ રહેલી બેઠકમાં અધિકારીઓની સમિતી અથવા ફીટમેન્ટ કમિટી તરફથી પ્રસ્તાવિત કર દરો ઉપર પણ વિચાર કરવામાં આવશે.

૬ મહિના પછી થઈ રહેલી જીએસટી પરિષદની આજની બેઠકમાં કૃત્રિમ અંગો અને ઓર્થોપેડીક પ્રત્યારોપણ ઉપર એક સરખો પાંચ ટકા જીએસટી લગાવવા અંગે નિર્ણય થઈ શકે છે. સમિતિએ તેના માટે ભલામણ પણ કરી છે. આ ઉપરાંત, રોપવે યાત્રા ઉપર પાંચ ટકા જીએસટી લગાવવાની પણ ભલામણ કરાઈ છે. હાલમાં તેના ઉપર ૧૮ ટકાના દરે જીએસટી ચૂકવવો પડે છે.

## અમેરીકાનાં ટેકસાસમાં એક ટ્રકમાંથી ૪૬ મૃતદેહો મળી આવતા ખળભળાટ

વોશિંગ્ટન, તા.૨૮

અમેરિકામાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. ટેક્સાસ રાજ્યના સાન એન્ટોનિયોમાં સોમવારે ટ્રેક્ટર-ટ્રેલરની અંદર ઓછામાં ઓછા ૪૬ લોકો મૃત હાલતમાં મળી આવતા ભારે ખળભળાટ મચી ગયો છે.

કાયદા અમલીકરણ અધિકારીઓએ ઘટનાની પુષ્ટિ કરી છે. સાન એન્ટોનિયોની ન્યુઝ ચેનલે જણાવ્યું હતું કે આ ટ્રક શહેરના દક્ષિણની હદમાં રેલમાર્ગના પાટા નજીકથી મળી આવી હતી. જો કે, સાન એન્ટોનિયો પોલીસે હજુ સુધી આ અંગે કોઈ ટિપ્પણી કરી નથી.

ન્યુઝ ચેનલનાં ટ્વિટર એકાઉન્ટ ઉપર પોસ્ટ કરવામાં આવેલી તસવીરોમાં, પોલીસ વાહનો અને એમ્બ્યુલન્સ એક મોટી ટ્રકની આસપાસ જોવા મળે છે. માનવામાં આવે છે કે આ ગેરકાયદેસર રીતે યુએસમાં પ્રવેશવાનો મામલો છે, કારણ કે જ્યાંથી આ ટ્રક મળી છે તે યુએસ અને મેકસિકો બોર્ડરથી ૨૫૦ કિમી દૂર છે. સિટી કાઉન્સીલના વડા એડ્રિયાના રોચા ગાર્સિયાએ જણાવ્યું હતું કે ટ્રકમાં મળત મળી આવેલા લોકો સ્થળાંતરિત હતા.

## આ વખતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ત્રિ-પાંખીયો જંગ નિશ્ચિત: દિગ્ગજ નેતાઓનાં ગુજરાત પ્રવાસ વધ્યા

અમદાવાદ તા. ૨૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘા વાગી રહ્યા છે. ત્યારે દિગ્ગજ રાજકીય નેતાઓના ગુજરાત પ્રવાસ વધી રહ્યા છે. ગુજરાતમાં આ વખતે ત્રિપાંખીયો જંગ ખેલાવા જઈ રહ્યો છે. પરંતુ લોકો કોંગ્રેસને કોરાણે મુકીને આમ આદમી પાર્ટીને મજબૂત વિપક્ષ તરીકે જોઈ રહ્યા છે. ત્યારે પંજાબમાં મળેલી જીત સાથે જ આમ આદમી પાર્ટીનો આત્મવિશ્વાસ વધ્યો છે. આમ આદમી પાર્ટીના પાર્ટી પ્રમુખ અને દિલ્લીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ગુજરાત પ્રવાસ વધી ગયા છે. આ ચૂંટણીને તેઓ એક તક તરીકે જોઈ રહ્યા છે. બીજી તરફ ભાજપ પણ પોતાના ગઢ ગુજરાતમાં ક્યાંય ગાબડુ પડવા દેવા માંગતું નથી અને તેના માટે હવે તેણે નવી વ્યુરચના અમલમાં મુકી હોય તેવું લાગી રહ્યું છે. મળતી માહિતી મુજબ ભાજપની એક ટીમ આવતીકાલે દિલ્લી જવા રવાના થશે. આ ટીમમાં ૧૭ સભ્યો સામેલ હશે. જેમાં ભાજપ મીડિયા ટીમ, પૂર્વ મંત્રીઓ અને વિશ્લેષકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આગામી ચૂંટણીના ભાગરૂપે આ પ્રવાસ થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે દિલ્હીના મોડેલને લઈને આપ દ્વારા ભાજપને ઘેરવાનો પ્રયાસ થતો હોય છે, ત્યારે હકીકતે આ કેવું મોડલ છે તે પ્રજાને બતાવવામાં આવશે. આમ આ દિલ્લી પ્રવાસ કેજરીવાલના વાસ્તવિક મોડલને પ્રજા સુધી પહોંચાડવા માટે કરવામાં આવી રહ્યો છે.

## જી-૭ દેશોની મીટીંગમાં વડાપ્રધાન મોદીનું વર્ચસ્વ દેખાયું

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી-૭ સમિટમાં ભાગ લેવા માટે જર્મનીના એલમાઉ પહોંચ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પ્રતાપ જોવા મળી રહ્યો છે. તેમના પ્રવાસની ઘણી તસવીરો સામે આવી છે. સમિટ દરમ્યાન એવી ઘણી ક્ષણો આવી હતી જેને ભારતના વધતા કદ તરીકે જોવામાં આવી રહી છે. આ દરમ્યાન એવું પણ જોવા મળ્યું હતું કે યુએસ પ્રેસિડેન્ટ જો બિડેન પીએમ મોદી સાથે હાથ મિલાવવા પાછળ દોડી આવ્યા હતા. વડાપ્રધાન મોદીએ તેમની સાથે ખૂબ જ ઉષ્મા સાથે હાથ મિલાવ્યા હતા. તેનો વીડિયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જર્મનીના શ્લોસ એલમાઉમાં જી-૭ સમિટ દરમ્યાન ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે ચા ઉપર ચર્ચા કરતા જોવા મળ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી-૭ સમિટમાં ભાગ લેવા માટે જર્મનીના એલમાઉ પહોંચ્યા છે. અહીં જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ પછી, જી-૭ ના સભ્યો અને મુલાકાતી દેશોના રાષ્ટ્રાધ્યક્ષોએ પણ સાથે ફોટા પડાવ્યા.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે પીએમ નરેન્દ્ર મોદીએ ક્લાઈમેટ, એનર્જી અને હેલ્થ ઉપર જી-૭ સત્રમાં ગ્રીન ડેવલપમેન્ટ, કલીન એનર્જી, સસ્ટનેબલ જીવનશૈલી અને વૈશ્વિક સુખાકારી તરફ ભારતના પ્રયાસો ઉપર પ્રકાશ પાડ્યો હતો.

## રશિયાએ યુક્રેનમાં મોલ ઉપર મિસાઈલ હુમલો કર્યો : અનેકનાં મોત

મોસ્કો તા. ૨૮

પૂર્વી યુક્રેનમાં રશિયાએ હુમલા વધારીદીધા છે. ત્યારે હવે રશિયાએ એક મોલ ઉપર મિસાઈલ હુમલો કર્યો છે. ન્યુઝ એજન્સી એએફપી અનુસાર અધિકારીઓએ જણાવ્યું કે, હુમલામાં લોકોના મોત થયાં હોવાની સુચના પણ મળી છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર જેલેંસ્કીએ પોતાની ટેલીગ્રામ ચેનલ ઉપર લખ્યું કે, "રશિયાએ ક્રેમેનચુકમાં શોપિંગ સેંટર ઉપર હુમલો કર્યો, હજારથી વધુ લોકો મોલની અંદર હતા.

## મુંબઈમાં ૪ માળની ઈમારત ધરાશયી ત્રણનાં મોત: ૨૦થી વધુ દટાયા

મુંબઈ તા. ૨૮ :

ગત મોડી રાત્રે મુંબઈના કુર્લા ઈસ્ટના નાઈક નગરમાં ચાર માળની ઈમારત ધરાશાયી થઈ હતી. BMCના જણાવ્યા અનુસાર, કાટમાળ નીચેથી ૮ લોકોને બચાવી લેવામાં આવ્યા છે જેમની સ્થિતિ સ્થિર છે, જયારે ત્રણ વ્યકિતનાં મોત નીપજયા છે. હાલ બચાવ કામગીરી ચાલુ હોવાથી ૨૦ થી ૨૫ લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા છે.

## ચીનનાં નૌકા કાફલામાં અતિઆધુનિક એરક્રાફટ કેરીયર શામેલ કરાશે

નવી દિલ્હી તા. ૨૮ ચીની નૌકાદળ ટૂંક સમયમાં તેના ત્રીજા એરક્રાફ્ટ કેરિયર 'ફુજીયાન'ને નેવીના કાફલામાં સામેલ કરવા જઈ રહી છે. ચીનનું કહેવું છે કે, આ એરક્રાફ્ટ કેરિયર વિશ્વની સૌથી મજબૂત અને હાઈટેક ટેક્નોલોજીથી સજ્જ છે. તેમાં ઈલેક્ટ્રોમેગ્નેટિક એરક્રાફ્ટ લોન્ચ સિસ્ટમ છે. આ એરક્રાફ્ટ કેરિયરને સમુદ્રમાં અમેરિકન વર્ચસ્વ માટે પડકાર તરીકે ગણવામાં આવી રહ્યું છે. જોકે, ભારતીય નૌકાદળના એડમિરલ્સ આ કેરિયરની ક્ષમતા ઉપર મૂળભૂત પ્રશ્નો ઊભા કરી રહ્યા છે. રિપોર્ટ અનુસાર, ભારતીય નૌકાદળના યુદ્ધ આયોજકો એ જાણવા માંગે છે કે ચીન સ્ટીમ પાવર ઉપર આ જહાજ કેવી રીતે ચલાવશે. જ્યારે તેનાથી પણ શ્રેષ્ઠ, યુએસ ગેરાલ્ડ ફોર્ડ હજુ પણ આ સિસ્ટમ સાથે સંઘર્ષ કરી રહ્યું છે.

## અગ્નીપથ યોજના યુવાનોને બરબાદ કરી નાખશે : સત્યપાલ મલિક

શિલોંગ તા. ૨૮

મેઘાલયના રાજયપાલ સત્યપાલ મલિકે કહ્યું કે, અગ્નિપથ યોજના યુવાનોને બરબાદ કરશે. તેમના લગ્ન પણ નહીં થાય. આ યોજનાથી સેનાનું સન્માન પણ ઘટી જશે. તેથી, તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળશે અને તેમને સમજાવશે, જેથી આ યોજના પાછી ખેંચી શકાય. પત્રકારો સાથે વાતચીત કરતી વખતે રાજ્યપાલ સત્યપાલ મલિકે જણાવ્યું હતું કે, અગ્નિપથ યોજના હેઠળ નોકરી કરનાર યુવાનો ચાર વર્ષ પછી પાછા આવશે અને પોતાના ઘરે બેસી જશે. કારણ કે તે પછી નિશ્ચિત નથી કે તેમને કોઈ બીજી જગ્યાએ નોકરી મળશે. તેનાથી યુવાનોનું ભવિષ્ય બરબાદ થઈ જશે. આ યોજનાને લઈને યુવાનોમાં ભારે ગુસ્સો જોવા મળી રહ્યો છે. આ યોજના યુવાનોના હિત ઉપર હુમલો છે. સરકારે આ યોજના અંગે ફરીથી વિચાર કરવો જોઈએ.

## બેંકોનું ખાનગીકરણ કરવા સરકાર મક્કમ

નવી દિલ્હી, તા. ૨૮: જાહેર ક્ષેત્રની બેંકોના ખાનગીકરણ માટે જરૂરી સુધારાઓનું બીલ સરકાર સંસદના ચોમાસુ સત્રમાં મૂકી શકે છે. આ બાબતથી માહિતગાર એક અધિકારીએ કહ્યું કે આ માટે વિચારાધીન સુધારાઓમાંનો એક છે બેંકોના ખાનગીકરણ દ્વારા સરકાર તેમાંથી સંપૂર્ણપણે બહાર નીકળી જવું. બેંકીંગ કંપનીઝ એકટ ૧૯૭૦ અનુસાર જાહેરક્ષેત્રની બેંકોમાં સરકારનો ૫૧ ટકા હિસ્સો હોવો જોઈએ. આ પહેલા એવુ વિચારાયુ હતુ કે સરકારે ઓછામાં ઓછો ૨૬ ટકા હિસ્સો ખાનગીકરણ દરમ્યાન રાખવો જોઈએ જેને ધીમેધીમે ઘટાડી શકાય.

નાણા મંત્રાલય પણ ખાનગીકરણમાં માલિકી અને શેર હિસ્સા ઉપર નિયંત્રણ બાબતે રીઝર્વ બેંક સાથે ચર્ચા કરી રહી છે, અત્યારે ખાનગી બેંકોમાં પ્રમોટર્સ વધુમાં વધુ ૨૬ ટકા હિસ્સો રાખી શકે છે.

### દક્ષિણ ગુજરાતનાં ઉમરગામથી કચ્છનાં નારાયણ સરોવર સુધી

## ૧૬૩૦ કી.મી. લાંબો કોસ્ટલ કોરીડોર બનાવવાની ગુજરાત સરકારની દરખાસ્ત

ગાંધીનગર તા. ૨૮

રાજયમાં પ્રવાસન અને આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે, ગુજરાત સરકારે દક્ષિણ ગુજરાતના ઉમરગામથી કચ્છના નારાયણ સરોવર સુધીના નવા ૧,૬૩૦ કિલોમીટર લાંબા કોસ્ટલ કોરિડોરની દરખાસ્ત કરી છે. પીએમ ગતિ શકતિ યોજના હેઠળ પૂર્ણ થવા માટે, સરકાર વિવિધ ઔદ્યોગિક અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે હાઈવેની સાથે એક નિયત વિસ્તાર અલગ રાખવાનો પ્રસ્તાવ મૂકે છે. રાજય સરકારે દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, સુરત અને ભરૂચ જિલ્લાઓને આવરી લેતા પ્રોજેક્ટના પ્રથમ ૩૦૦ કિલોમીટર પહેલાથી જ નિર્ધારિત કર્યા છે. વિકાસની નજીકના એક મુખ્ય સ્ત્રોતે પુષ્ટિ કરી કે રાજય સરકારે પીએમ ગતિ શકતિ પ્રોજેકટ હેઠળ નવા કોસ્ટલ કોરિડોર હાઈવેની દરખાસ્ત કરી છે. 'આ કદાચ દેશનો સૌથી લાંબો કોસ્ટલ હાઈવે હશે. કુલ ૧,૬૩૦ કી.મી.ની લંબાઈમાંથી ૧૪૦કી.મી.નો વિસ્તાર ગ્રીનફિલ્ડ કોસ્ટલ એરિયા તરીકે વિકસાવવામાં આવશે જયારે બાકીનો ૧,૪૯૦ કી.મી. બ્રાઉનફિલ્ડ રોડ હશે,' સૂત્રોએ જણાવ્યું હતું. અહેવાલ જણાવે છે. કોરિડોર ત્રણ ડ્રાઈવિંગ લેન સાથે ઓછામાં ઓછો દસ મીટર પહોળો હશે, જયારે હાલના રસ્તાઓ પાંચ મીટરથી ઓછા પહોળા છે.

મગજ અને કરોડરજ્જુના
નિષ્ણાંત આપના શહેરમાં
મગજની તકલીફો
કરોડરજ્જુની તકલીફો


તપાસ ફી ₹600/-
ડૉ. વિરલ વસાણી (કન્સલ્ટન્ટ : ન્યુરોસર્જન)
તારીખ : ૩૦ જૂન ૨૦૨૨, ગુરુવાર
સ્થળ: આદિત્ય બિરલા હોસ્પિટલ, વેરાવળ. | સમય: સવારે ૧૧:૩૦ થી ૦૧:૦૦
સ્થળ: ડૉ. રાજેશ સાંગાણી હોસ્પિટલ, કેશોદ. | સમય: બપોરે ૦૪:૦૦ થી ૦૬:૦૦
અપોઈન્ટમેન્ટ માટે : ૯૯૭૯૭ ૯૩૯૫૯
WOCKHARDT LIFE WINS

ૐ ઉપચાર કેન્દ્ર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ખાસ ઓફર... ખાસ ઓફર... ખાસ ઓફર...
અષાઢી બીજ સુધીમાં બુક કરાવનારને રૂા. ૩૦૦૦/- કેશબેક આપવામાં આવશે




હવે જૂનાગઢમાં પણ દિવા ઈ-બાઈક
આપણા જ ગુજરાતની વિશ્વાસપાત્ર કંપની દિવા ઈ-વ્હિકલ્સ હવે આપના આંગણે
ઈ-બાઈકની વિશેષ સુવિધાઓ
● આકર્ષક સ્ટાઈલીશ ડીઝાઈન
● રીમોટ કંટ્રોલ દ્વારા સ્ટાર્ટ
● ટ્યુબલેશ ટાયર
● ડીઝીટલ સ્પીડોમીટર
● આકર્ષક લાઈટ
● રિવર્સ ગીયર
● ડિસ્ક બ્રેક
● પાવરફુલ મોટર
● રીમોટ લોક
જય દ્વારકાધીશ ઈ-બાઈક
ગેલેકસી કોમ્પ્લેક્ષ, ભરાડ વિદ્યા મંદિરની સામે, મધુરમ બાયપાસ, વંથલી રોડ, જૂનાગઢ
મો. ૮૪૬૦૦ ૨૦૩૨૧ ૮૪૬૯૮ ૪૩૮૮૮

### ડ્રગ્સ અને સાયબર ક્રાઈમ અંગે જન-જાગૃતિ લાવવા કાદરી પાર્ટી પ્લોટમાં કાર્યક્રમ યોજાયો

# સાયબર ક્રાઈમનો ભોગ બનતા બચવા લોકોએ ક્યારેય લોભામણી લાલચમાં આવવું નહીં : સાયબર ક્રાઈમ પીઆઈ જાડેજા

### પોતાનું બાળક નશાખોર ના બને તે માટે વાલીઓ ધ્યાન આપે તે અત્યંત જરૂરી : પી.સી. સોલંકી



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૮

રાજયમાં શહેરીકરણ વધવાની સાથે-સાથે યુવાનો દ્વારા નશીલા માદક દ્રવ્યોના સેવન કરવાના પ્રમાણમાં માતબર વધારો થયો છે. યુવાનો જે રીતે ડ્રગ્સના રવાડે ચડી રહ્યા છે તેવા સંજોગોમાં આ દુષણને નાબૂદ કરવા માટે પોલીસ અને અન્ય એજન્સીઓ આ બદીને રોકવા માટે સક્રિય બની છે. જો કે, ગુજરાતમાં આ દૂષણ રોકાવાનું નામ જ લેતું નથી ત્યારે અમદાવાદ શહેર પોલીસ અને એસઓજીએ વડાપ્રધાનના આઝાદીના અમૃત મહોત્સવ કાર્યકમ અંતર્ગત જન-જાગૃતિ લાવવા કાદરી પાર્ટી પ્લોટમાં ડ્રગ્સ અને સાયબર ક્રાઈમ અંગે અવેરનેસ કાર્યક્રર્મનું આયોજન કરીને લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરાયો હતો. આ કાર્યક્રમની શરૂઆત તિલાવતે કુરાને પાકથી કરવામાં આવી હતી.ત્યાર બાદ ઝોન-૭ ડીસીપી બી.યુ. જાડેજા, સાયબર ક્રાઈમના અમિત વસાવા, પી.સી. સોલંકી, પીઆઈ જાડેજા, એસઓજીના પોલીસ અધિકારીગણ સહિતના પોલીસ અધિકારીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું. આજના આધુનિક યુગમાં લોકો ઈન્ટરનેસ્ટનો વધુને વધુ ઉપયોગ કરી રહ્યા છે જેના કારણે સાયબર ક્રાઈમના કેસોમાં ધરખમ વધારો થઈ રહ્યો છે તેથી નાગરિકોને સાયબર ફ્રોડથી બચાવવા અંગે લોકો પોતાની જાતે જ જાગૃત થાય તે માટે અમદાવાદ શહેર પોલીસ અને એસઓજી પોલીસ ટીમ દ્વારા ડ્રગ્સ અને સાયબર ક્રાઈમ અંગે અવેરનેસ કાર્યક્રમમાં સાયબર ક્રાઈમના ગુના કેમ અટકાવી શકાય તે અંગે માહિતી આપવામાં આવી હતી. જેથી લોકોમાં વધુમાં વધુ સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ આવે અને લોકો ભોગ ન બને. જોકે, અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરીને લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરાશે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, લોકોએ ક્યારેય પણ લોભામણી લાલચમાં આવવું નહીં પહેલા ખરાઈ કર્યા બાદ લેવડ દેવડ કરવી જોઈએ તેમજ પોતાની અંગત માહિતી પણ ક્યાંય શેર ન કરવી જેથી તમે સાયબર ક્રાઈમ ભોગ બનતા બચી શકો છો. એસઓજીના પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, બાળકોની દેખરેખની જવાબદારી પોતાના મા-બાપની હોય છે. તમામ વાલીઓ પોતાનું બાળક નશાખોર ના બને તે માટે ધ્યાન આપે તે જરૂરી છે. ચોરી છુપીથી ડ્રગ્સનો ધનદો કરનારા તત્વોને ખુલ્લા પાડવા પ્રજાને આહવાન કર્યુ હતું. છેલ્લા ત્રણ માસમાં એસઓજી ટીમે નશાયુક્ત પદાર્થો પકડી પાડેલ છે. ડો. ગૌરાંગે જણાવ્યું હતું કે, નશો શરીરમાં જાય ત્યારે પ્રશ્નો ઉભા થાય છે. એકવાર ડ્રગ્સની આદત પડી તો તેમની લાઈફ પતી જાય છે. એકલવાયું જીવન જીવતા લોકોને કોઈ કુટેવ તો નથીને તેનું ધ્યાન રાખવું જોઈએ. આ પ્રંસગે મહેમાનોનું સ્વાગત શૈલા કાદરીએ કર્યુ હતું. આ કાર્યક્રમમાં પોલીસ અધિકારીઓએ પ્રંસંગને અનુરૂપ પ્રવચનો કર્યા હતા. આ કાર્યક્રમમાં સ્થાનિક મ્યુનિ. કાઉન્સિલર સુહાનાબેન, હાજીભાઈ, વિવિધ સંસ્થાના આગેવાનો, કાર્યકરો, પત્રકાર મિત્રો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જયારે અંતમાં કાદરી પાર્ટી પ્લોટના શકીલ અહેમદ કાદરીએ આભાર વિધી કરી હતી.

# આવતીકાલે દૂરદર્શન ગિરનાર ઉપર અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓ વિષે કોલમિસ્ટ પ્રશાંત બક્ષીની મુલાકાત



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૨૮

ભારતની આઝાદીના ૭૫ વર્ષ એટલે "આઝાદીનો અમૃત મહોત્સવ". ભારત દેશની આઝાદીમાં ઘણા ક્રાંતિવીર - વિરાંગનાઓએ લોહીની નદીઓ વહાવી છે. આપણે જાણીએ છીએ કે, કેવી રીતે સ્વતંત્રતા સેનાનીઓએ ભારતીય સ્વતંત્રતા સંગ્રામ દરમ્યાન તેમના જીવનનું બલિદાન આપ્યું. પરંતુ એવા ઘણા ક્રાંતિકારીઓ છે જેમના વિષે આપણામાંથી મોટાભાગના લોકો જાણતા પણ નથી. આ લોકોએ દેશની આઝાદી માટે તમામ પ્રયાસો કર્યા, પ્રાણોનું બલિદાન આપ્યું પરંતુ કમનસીબે આ સેનાનીઓ એટલા પ્રખ્યાત નથી કે ભારતના તમામ લોકો તેમને ઓળખે તેમ છતાં તેમના બલીદાનની વાતો અમર છે. આવાજ અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓ વિષે જાણીતા કોલમિસ્ટ - પત્રકાર પ્રશાંત બક્ષીએ અદભૂત માહિતી રજુ કરી છે જેનું આવતીકાલે એટલેકે તા.૨૯ને બુધવારે બપોરે ૧:૩૦ કલાકે દૂરદર્શન ગિરનાર(ડીડી ગિરનાર) ઉપર પ્રસારણ થશે જ્યારે તેનું પૂર્નઃપ્રસારણ તા.૩૦ને ગુરૂવારે સવારે ૧૦:૩૦ કલાકે થશે. કેટલાક એવા સ્વાતંત્ર્ય સેનાનીઓ પણ હતા જે ઈતિહાસના પાનામાં ઢંકાય ગયા છે. જેમકે રાણી વેલુ નાચિયાર, સૂર્યાસેન, માતંગિની હાજરા, બુધુ ભગત, બાદલ-વિનોદ-દિનેશની ત્રીપૂટી વગેરે ક્રાંતિકારીઓના જીવન અને દેશ માટે તેમણે આપેલા બલિદાન વિષે ક્યારેય જાણવામાં ન આવી હોય તેવી હકિકતો અને માહિતીની જાણીતા કોલમિસ્ટ -પત્રકાર પ્રશાંત બક્ષીએ ખુબ સહજ રીતે રજુ કરી છે. આપણા દેશના આ અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને પણ ક્યારેય ભૂલી શકાશેનહીં.

આઝાદીના આ અમૃત મહોત્સવના પાવન પર્વ ઉપર દેશ પોતાના તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓને, રાષ્ટ્ર રક્ષામાં પોતાની જાતને દિવસ રાત ખપાવી દેનાર, હોમી દેનાર વીર-વીરાંગનાઓ વિષેની આ અમૂલ્ય અને અદભૂત સાચવવા જેવી માહિતી દરેક લોકો માટે એક યાદગીરી બની રહેશે. આ કાર્યક્રમ "ભારતના અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓ"નું નિર્માણ રાજકોટ દૂરદર્શન કેન્દ્રના કાર્યક્રમ નિર્માતા સંજયભાઈ સાગઠિયાએ કર્યુ છે જયારે કોલમિસ્ટ - પત્રકાર પ્રશાંત બક્ષીની મુલાકાત પત્રકાર-કલાકાર તેજસભાઈ શીશાંગિયાએ લીધી છે.

# અમદાવાદમાં સુરક્ષા અને સર્વેલન્સમાં દાખલારૂપ બનશે ૧૪૫મી જગન્નાથજીની રથયાત્રા

### હેલિકોપ્ટર તેમજ ડ્રોનથી આકાશી અને હાઈરિઝોલ્યુશન સીસીટીવી, ૨૫૦૦ બોડીવોર્ન કેમેરાથી જમીની સુરક્ષાને કરાશે સુનિશ્ચિત : રથયાત્રાના વાહનોને GPS સાથે જોડીને કરાશે લોકેશન મોનિટરિંગ, ૧૦૧ ટ્રકોમાં થશે 'એન્ટિ સેબોટેજ ચેક' : સોશ્યલ મીડિયા મોનિટરિંગ અને સુરક્ષાલક્ષી ઈનપુટ માટે હ્યુમન ઈન્ટેલિજન્સનો થશે વ્યાપક ઉપયોગ



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૮

૧લી જુલાઈના રોજ અમદાવાદના જગન્નાથ મંદિરથી પ્રસ્થાન કરનારી ૧૪૫મી રથયાત્રા આ વર્ષે ખુદમાં જ ખાસ હશે. કારણ કે, આ વર્ષે સુરક્ષાના વિવિધ પાસાઓ ઉપર માઈક્રોપ્લાનિંગ સાથે અત્યાધુનિક સાધનોનો ઉપયોગ કરવામાં આવનાર છે. ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીની નેમ પ્રમાણે આ વર્ષે રથયાત્રામાં સુરક્ષાનું એવું અભેદ્ય આયોજન કરવામાં આવશે કે જે દેશના તમામ ધાર્મિક સ્થળો ઉપર યોજાતી યાત્રાઓ માટે દાખલો બની રહે. જગતના નાથની નગરચર્યાના બંદોબસ્તમાં આ વર્ષે ૨૫,૦૦૦ જેટલા વિવિધ રેન્કના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ખડેપગે રહેશે. ઉપરાંત દરવર્ષથી વિશેષ આકાશી અને જમીની એમ બંને સ્તરે ટેક્નોલોજીના માધ્યમથી સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવનાર છે. જેમાં હેલિકોપ્ટર તેમજ ડ્રોનથી આકાશમાં અભેદ્ય સુરક્ષા ગોઠવવામાં આવશે. બીજી તરફ જમીની સ્તર ઉપર હાઈરિઝોલ્યુશન સીસીટીવીથી વોચ રાખવામાં આવશે જેમાં ૪૬ ફિક્સ્ડ લોકેશન અને અન્ય મુવિંગ બંદોબસ્ત તથા વ્હીકલ માઉન્ટેડ હશે. રથયાત્રાના બંદોબસ્તમાં તૈનાત જવાનો પૈકી ૨૫૦૦ને બોડીવોર્ન કેમેરાથી સજ્જ કરવામાં આવનાર છે. આ પોલીસ જવાનો સંવેદનશીલ વિસ્તારમાં દરેક વ્યક્તિની હરકત ઉપર બાજનજર રાખશે. અગાઉથી નક્કી રૂટને આધારે રથયાત્રા કુલ ૭ પોલીસ સ્ટેશન વિસ્તારોમાંથી પસાર થતી હોય છે. ભગવાન જગન્નાથજી, ભાઈ બલભદ્ર તથા બહેન સુભદ્રાજીના રથ સિવાય ૧૦૧ સુશોભિત ટ્રક જોડાશે. આ ટ્રકનું 'એન્ટિ સેબોટેજ ચેક' ફરજિયાત હોય છે. આ તપાસમાં ટ્રકમાં કોઈ જીવલેણ હથિયાર કે અન્ય નુકશાનકારક સામગ્રી ન હોવાની ખરાઈ કરવામાં આવે છે. દર ૧૦ ટ્રક પછી એક પોલીસવાન ગોઠવવામાં આવશે તેમજ GPSની મદદથી વાહનોનું લાઈવ ટ્રેકિંગ કરવામાં આવશે. રથયાત્રા દરમ્યાન સંદેશા વ્યવહાર સતત ચાલુ રહે તે માટે પણ પુરતું આયોજન કરવામાં આવ્યુ છે. VHF વાયરલેસ વોકીટોકીના કુલ ૧૬ ચેનલ ઉપર સતત સંદેશાવ્યવહાર કરવામાં ચાલુ રહેશે. કારંજ, માધવપુરા, શહેરકોટડા, ખાડિયા, શાહપુર, ગાયકવાડ હવેલી, કાલુપુર, દરિયાપુર એમ કુલ ૮ પોલીસમથકોમાં મીની કંટ્રોલરૂમ રાખવામાં આવશે. આજના સમયમાં સોશ્યલ મીડિયાનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. ત્યારે કોઈ ઉપદ્રવી તત્વ સોશ્યલ મીડિયા થકી સૌહાર્દનો માહોલ બગાડવાનો પ્રયાસ ન કરે તે માટે ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટ્વીટર અને વ્હોટ્સએપ સહિતના માધ્યમો ઉપર ચાંપતી નજર રાખવા માટે શહેર પોલીસ સ્થાનિકોની પણ મદદ લેશે. જો સોશ્યલ મીડિયા ઉપર કોઈ વ્યક્તિની શંકાસ્પદ ગતિવિધી જણાઈ આવે તો તાત્કાલિક તેનું IP એડ્રેસ મેળવીને તેની ઉલટતપાસ કરવામાં આવશે. સાયબર ક્રાઈમની વિવિધ ટીમો ખાસ સોફ્ટવેરની મદદથી સોશ્યલ મીડિયા સર્વેલન્સ રાખશે. સુરક્ષા માટે હ્યુમન ઈન્ટેલિજન્સનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવાનું પણ પોલીસ વિભાગનું આયોજન છે. આમ, છેલ્લા બે વર્ષથી કોરોનાકાળને લીધે ભક્તો અને ભગવાન વચ્ચે વધેલા અંતરને મિટાવવા માટે અને લાખો ભાવિકોને સંતોષકારક દર્શન થાય તે માટે શહેર પોલીસે સુરક્ષા અને સલામતી માટે કમર કસી છે.

#### શું ખાસિયત

- ૨૫૦૦૦ વિવિધ રેન્કના પોલીસકર્મીઓ
- હેલિકોપ્ટર, ડ્રોનથી આકાશમાં અભેદ્ય સુરક્ષા
- હાઈરિઝોલ્યુશન સીસીટીવી કેમેરા
- ૪૬ ફિક્સ્ટ લોકેશન સહિત અન્ય મુવિંગ, વ્હિકલ માઉન્ટેડ કેમેરા
- ૨૫૦૦ બોડીવોર્ન કેમેરા
- ૧૦૧ ટ્રકનું 'એન્ટિ સેબોટેજ ચેક'
- VHF વોકીટોકીથી ૧૬ ચેનલ ઉપર સંદેશા વ્યવહાર
- ૮ પોલીસ સ્ટેશનમાં મીનિ કંટ્રોલ રૂમ
- જનભાગીદારીથી સોશિયલ મીડિયા મોનિટરિંગ
- હ્યુમન ઈન્ટેલિજન્સનો વ્યાપક ઉપયોગ

# સરોગેટ માતાએ જન્મ આપેલી બાળકીનો કબજો જૈવિક માતા-પિતાને આપવા હાઈકોર્ટનો આદેશ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૮

અમદાવાદ શહેરમાં રહેતી સરોગેટ મધર દ્વારા જન્મ લેનાર બાળકીનો કબજો તેનાં જૈવિક માતા-પિતાને આપવા ગુજરાત હાઈકોર્ટે સોમવારે આદેશ કર્યો હતો. સરોગેટ મધર અને જૈવિક માતા-પિતા વચ્ચે કરેલા કરારનાં આધારે અદાલતે ગત શુક્રવારે જન્મ લેનાર બાળકીનો કબજો સોંપવાનો આદેશ કર્યો હતો. કેસની વિગતો મુજબ એક દંપતીએ સેરોગેટ મધર દ્વારા સંતાનસુખ પ્રાપ્ત કર્યુ હતું પરંતુ આ સરોગેટ મધરને સંજોગોવસાત જેલમાં જવું પડતા અને તેણે ત્યારબાદ બાળકીને જન્મ આપતા બાળકીની કસ્ટડી બાબતે જૈવિક દંપતીએ હાઈકોર્ટમાં પિટિશન કરી હતી. મુળ રાજસ્થાન અજમેરનાં વતની એવા એક દંપતીએ હાઈકોર્ટમાં હેબીયર્સ કોર્પસ અરજી કરીને રજૂઆત કરી હતી કે, લગ્નનાં ઘણા વર્ષો બાદ તેમને સંતાન પ્રાપ્તિ નહી થતા તેઓએ અમદાવાદમાં સરોગેસી મધર મારફતે સંતાન સુખ પ્રાપ્ત કર્યું હતું.

એક સ્ત્રીએ સંમતિ બતાવતા સરોગેસી મારફતે સંતાનપ્રાપ્તિને લઈ તેઓ છેલ્લા એક વર્ષથી અમદાવાદ રહેતા હતા. જોકે, કમનસીબે જે સરોગેટ મધર છે, તેણી કોઈ અન્ય ગુનામાં જેલમાં છે અને જેલમાં જ તેણીને પ્રસૂતિની પીડા ઉપડતા તેણીને તાત્કાલિક અસારવા સ્થિત સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જયાં તેણીએ બે દિવસ પહેલા બાળકીનો જન્મ આપ્યો હતો. પરંતુ સરોગેટ મધર સામે ગોમતીપુર પોલીસ બાળકીની કસ્ટડી અરજદાર માતા-પિતાને આપવા દેતી નથી. બાળકીનો કબજો આપવા માટે સારોગેટ મધરને વાંધો નથી અને પ્રસૂતિ બાદ જો સરોગેટ મધરને રજા અપાયા પછી તેણીને ફરી જેલમાં લઈ જવાની છે, તો બાળકીને પણ સાથે જેલમાં જવું પડે તો બહુ ગંભીર સ્થિતિ સર્જાય તેમ છે. આ સંજોગોમાં હાઈકોર્ટે નવજાત બાળકીની કસ્ટડી અરજદારો કે જે તેનાં જૈવિક માતા-પિતા છે, તેઓને અપાવવી જોઈએ તેવો હુકમ કર્યો હતો.

# દ્વારકામાં ગૌ હોસ્પિટલની સંકલ્પના સાથે ૮ જુલાઈથી દિવ્યશ્રી ગૌ ગુરૂ ગોવિંદ કથા મહોત્સવ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૮

યાત્રાધામ દ્વારકામાં ગાયો માટેની ગૌ હોસ્પિટલની સંકલ્પના સાથે આગામી તા.૮મી જુલાઈથી દિવ્યશ્રી ગૌ ગુરૂ ગોવિંદ કથા મહોત્સવનું ભવ્ય આયોજન સમસ્ત દેવભૂમિ દ્વારકાના ગૌભકત ભાઈ-બહેનો દ્વારા કરવામાં આવ્યુંછે. ૩૧ વર્ષીય ગૌ પયાસ્વરણ તેમજ અધ્યાત્મ ચેતના પદયાત્રાના પ્રણેતા ગૌભૈરવ ઉપાસક સંતના દ્વારકાની પાવન ધરા ઉપર આગમનના ઉપલક્ષ્યમાં સર્વ આનંદકારક, સર્વ સુખદાયક, સર્વ રોગ નિવારક, સર્વ દુઃખનારક મહોત્સવનું આયોજના કરાયું છે. જીવનમાં કઠોર અનેક સંકલ્પો ધારણ-અંગિકાર કરી દિવ્યતા ધારણ કરેલ સંત દ્વારા આગમી તા.૭ જુલાઈના ગુરૂવાર અષાઢ સુદ આઠમના સાંજે ૫:૧૫ કલાકે શ્રી દ્વારકાધીશ મંદિરની ભવ્ય શોભાયાત્રા નિકળશે જે સ્વામિનારાયણ મંદિર પાછળના નગરપાલીકા ગ્રાઉન્ડમાં કથા સ્થળે પહોંચશે. કથા પ્રારંભ તા. ૮ને શુક્રવારથી થશે જ્યારે કથા વિરામ તા.૧૪મીએ થશે. કથાનો સમય સવારે ૧૦ થી બપોરે ૧ સુધીનો રહેશે. જેનું લાઈવ પ્રસારણ સંસ્કાર તેમજ ધનુષ ચેનલો ઉપર પણ કરવામાં આવનાર છે. કથા દરમ્યાન તા.૧૩મીએ અષાઢ સુદ પુર્ણિમાના રોજ ગુરૂપૂર્ણિમા મહોત્સવ પણ યોજાશે. દરરોજ કથા વિરામ બાદ ઉપસ્થિત ભાવિકો માટે પ્રસાદીનું પણ આયોજન કરાયુંછે. કથા અંગેવધુ માહિતી માટે રામજીભાઈ મજીઠીયા (મો.૯૩૭૭૫ ૮૮૦૧૧), પારસભાઈ રાયઠઠ્ઠા (મો.૮૮૪૯૬ ૩૯૪૬), જેન્તીભાઈ એલ.આર. (મો.૯૯૨૪૪ ૨૪૪૯૯), ધવલભાઈ દાવડા (મો.૯૯૭૪૨ ૫૫૨૬૨), અશોકભાઈ રાજાણી (મો.૯૪૨૬૪ ૯૨૯૯૭) અથવા રવિભાઈ બારાઈ (મો.૭૨૮૪૯ ૧૨૩૪૫)નો સંપર્ક સાધી શકાશે. આ પ્રકારની કથા વિશ્વભરમાં સૌપ્રથમ વખત થઈ રહી છે જેમાં શ્રોતાગણને કયારેય ન સાંભળી હોય તેવી વાતો સાંભળવાનો લહાવો મળશે. કથામાં માનવ જન્મથી મૃત્યું સુધીની તમામ સમસ્યાઓનું સમાધાન મળશે જેમાં નિઃસંતાન દંપતીને સંતાન પ્રાપ્તિ ઉપાય, ગર્ભસ્થ શિશુના ઉત્તમ સંસ્કાર, નોર્મલ ડીલેવરી કઈ રીતે થાય, ઉભણા વિદ્યાર્થીઓની સ્મરણ, શકિત કઈ રીતે વધે, ગૌરી વ્રત, ગૌ પરિક્રમા, વ્યાપારિક સમસ્યાઓ, અસાધ્ય બિમારીઓ, કળયુગમાં ગુરૂનું મહત્વ, ગુરૂકૃપા, ગોવિંદ પ્રાપ્તિ, દોષ નિવારણ, વ્યસનમુકિત, મોબાઈલ અતિરેક ડિપ્રેશન, સારા સંસ્કારના સિંચન જેવા વિષયો ઉપર ઉપયોગી માહિતી શ્રોતાગણને આપવામાં આવનાર છે.

# ઉના તાલુકાની માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ)માં ઓછા મહેકમથી ભ્રષ્ટાચારની થતી આશંકા

### નાણાકીય વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૨ ના કામોની તપાસની માંગ કરતા યુવા કોળી સમાજના પ્રદેશ પ્રમુખ

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૮

યુવા કોળી સમાજના પ્રદેશ પ્રમુખ રસિક ચાવડાએ વિજિલન્સ કમિશ્નર ગાંધીનગરને પત્ર લખી માંગ કરી છે કે, ઉના / કોડીનાર માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ)ની કચેરીમાં ઓછા કર્મચારી છે ત્યારે માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) દ્વારા અનેક કામો કરવામાં આવતા હોય ત્યારે એક કરતા વધારે કામ ચાલતા હોય ત્યારે બિન જવાબદાર અને બિન અનુભવી રોજમદાર કે આઉટસોર્સિંગ કર્મચારીની દેખરેખ નીચે કામો થતા હોય છે. ત્યારે આવા બિન જવાબદાર અનુભવી, રોજમદાર કે, આઉટસોર્સિંગ કર્મચારીની જવાબદારી જે તે કામમાં ના હોય અને બિન અનુભવી હોય કામોમાં ભ્રષ્ટાચાર થવાની શક્યતા રહે છે. માર્ગ અને મકાન વિભાગની કર્મચારીઓને રોડ / રસ્તા કે બિલ્ડિંગના કામો બાબતની માર્ગદર્શીકાનું પાલન ન થવાને કારણે કામોની ગુણવતામાં પણ અસર કરે છે.ત્યારે ઉના / કોડીનારમાં હાલ અધિક મદદનીશ ઈજનેર અને વર્ક આસિસ્ટન્ટ છે. કરોડો રૂપિયાના રોડના કામો સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે ત્યારે ઓફીસમાં માત્ર અધિક મદદનીશ ઈજનેર અને વર્ક આસિસ્ટન્ટ દ્વારા આ કરોડો રૂપિયાના કામોનું મોનીટરીંગ કરવામાં આવશે. નિયમ મુજબ એક કર્મચારીને રોડ સાઈડ ઉપર અને એક કર્મચારીને ડામર પ્લાન્ટ ઉપર રેહવાનું હોય છે ત્યારે આટલા ઓછા કર્મચારીએ કામ ગુણવતાયુક્ત કંઈ રીતે થતું હશે એ પણ એક પ્રશ્ન છે . આ વિસ્તારમાં અનેક કામો મંજૂર થયા છે અને ગયા વર્ષમાં પણ અનેક રોડ રસ્તાના કામો થયા છે.ત્યારે આ બધા કામોમાં ભષ્ટાચાર થયો હોય એવી આશંકા છે.ભષ્ટાચાર અને ગુણવતાની તપાસ થવી જોઈએ.

# ઓખા મંડળના ચકચારી ગુજસીટોક પ્રકરણના ઝડપાયેલા આરોપીઓ રિમાન્ડ ઉપર

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

ઓખા મંડળમાં સ્થાનિકોને વ્યાપક રીતે કનડગત કરનારી ચકચારી બિચ્છુ ગેંગ ઉપર જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા કડક હાથે કામગીરી કરી, ગુજસીટોકના કાયદા હેઠળ કુલ ૧૨ શખ્સો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ સમગ્ર પ્રકરણની તપાસ ખંભાળિયાના ડી.વાય.એસ.પી. હિરેન્દ્ર ચૌધરી દ્વારા હાથ ધરી, દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સુચના મુજબ ડી.વાય.એસ.પી. હિરેન્દ્ર ચોધરી તથા તેમની ટીમ સાથે મીઠાપુરના પી.આઈ. જી.આર. ગઢવી તેમજ મીઠાપુર પોલીસ સાથે એલ.સી.બી. પી.એસ.આઈ. ગળચર અને તેમની ટીમ દ્વારા ઝડપાયેલા ૧૧ આરોપીઓને ગઈકાલે સોમવારે રાજકોટની ગુજસીટોક કોર્ટ ખાતે આ આરોપીઓને રજુ કરવામાં આવ્યા હતા. આ અંગેની સુનાવણી બાદ રાજકોટની સ્પેશિયલ ગુજસીટોક કોર્ટ દ્વારા આરોપી લાલુભા સાજાભા સુમણિયા, વનરાજ પાલાભા સુમણીયા, હાજાભા પાલાભા સુમણીયા, રાજેશભા માલાભા સુમણીયા, જગધીશ અનુભા સુમણીયા, માપભા વિરાભા સુમણીયાના તા. ૬ જુલાઈ સુધીના તથા આરોપી માલાભા સાજાભા સુમણીયા, નથુભા સાજાભા સુમણીયા, માનસંગભા સાજાભા સુમણીયા, સાવજાભા માનસંગભા સુમણીયા, માનસંગભા ધાંધાભા માણેકના તા. ૨ જુલાઈ સુધીના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા છે. આ પ્રકરણમાં પોલીસ રિમાન્ડ તેમજ વધુ ઉંડાણપૂર્વકની તપાસ બાદ કેટલાક શખ્સોના નામ ખૂલે અને વધુ કેટલાક પ્રકરણ સામે આવે તેવી સંભાવનાઓ પણ વ્યક્ત કરાઈ રહી છે.

# ખંભાળિયામાં વધુ એક કોરોના પોઝિટિવ કેસ નોંધાયો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી કોરોનાના કેસો નોંધાઈ રહ્યા છે. જિલ્લામાં છેલ્લા દસેક દિવસના સમયગાળા દરમ્યાન પાંચ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. ગઈકાલે સોમવારે જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડામાં ખંભાળિયાના ૨૧૬ સહિત જિલ્લામાં કુલ ૪૮૩ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં ખંભાળિયાના રામનગર વિસ્તારમાં કોરોનાનો એક દર્દી હોવાનું જાહેર થયું છે.

રાજયના જામનગર સહિતના જિલ્લાઓમાં છેલ્લા કેટલાક દિવસોથી વધતા જતા નવા કેસોના કારણે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોરોના ટેસ્ટિંગનું પ્રમાણ પણ વધારવામાં આવ્યું છે.

# સલાયાના ત્રણ પોલીસકર્મીઓની તાકીદે બદલી

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે તાજેતરમાં થયેલી માથાકૂટ તથા જીવલેણ તકરારના સંદર્ભમાં જિલ્લા પોલીસે સલાયાના એક આરોપીની ધરપકડ કરી હતી. આ શખ્સને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાંથી તે નાસી છુટતાં આ પ્રકરણમાં જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા કડક વલણ અખત્યાર કરી અને સલાયા મરીન પોલીસ મથકમાં ફરજ બજાવતા નગાભાઈ હરદાસભાઈ લુણા, પીઠાભાઈ પાબાભાઈ જોગલ તથા વિરેન્દ્રસિંહ કિશોરસિંહ જાડેજા નામના ત્રણ પોલીસ કર્મીની હેડક્વાર્ટરમાં બદલી કરવામાં આવી છે.

# ભાણવડમાં લાખો રૂપિયાના સરકારી વ્યાજબી ભાવના અનાજના જથ્થા પ્રકરણમાં જામનગરના વેપારીની ધરપકડ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

ખંભાળિયાના પ્રાંત અધિકારી તથા જિલ્લાના ઈન્ચાર્જ પુરવઠા અધિકારી પાર્થ કોટડીયા દ્વારા કરવામાં આવેલી કામગીરી અંતર્ગત સરકારી એવા વ્યાજબી ભાવના અનાજનો તોતિંગ જથ્થો મળી આવ્યો હતો. જે સંદર્ભે અહીંના ડીવાયએસપી હિરેન્દ્ર ચૌધરી તથા ભાણવડના મામલતદાર દક્ષાબેન રિંડાણી દ્વારા ભાણવડ પંથકમાં ડોર ટુ ડોર સપ્લાયનું વ્યાજબી ભાવની દુકાનનોનું અનાજ ગેરકાયદેસર વેંચાણ અર્થે લઈ જતા કરવામાં આવેલી કાર્યવાહીમાં ૩૭ હજાર કિલોગ્રામ ચોખા તથા ઘઉં મળી કુલ રૂપિયા ૧૬ લાખથી વધુની કિંમતનો મુદ્દા માલ ઝડપી પાડ્યો હતો. આ પ્રકરણમાં વાહન ચાલક સાથે રાજુભાઈ ચેતરીયા અને મુકેશભાઈ દુધરેજીયા નામના બે શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જિલ્લામાં અતિ ચકચારી બની ગયેલા આ પ્રકરણમાં ડીવાયએસપી હિરેન્દ્ર ચૌધરીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એન.એચ. જોશી દ્વારા આ પ્રકરણમાં ઊંડી તપાસ કરવામાં આવતા આ પ્રકરણમાં સસ્તા અનાજની ગેરકાયદેસર રીતે ખરીદી કરવા સબબ જામનગરના વેપારી નયન સુરેશભાઈ નામના શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. જેની પૂછપરછમાં આ શખ્સ દ્વારા અગાઉ પણ આ પ્રકારે અનાજનો જથ્થો ખરીદ કર્યાનું કબૂલ્યું હતું. આ બાબતે પુરવઠા અધિકારીને પણ પોલીસ દ્વારા જાણ કરવામાં આવી હતી.

# 'રાષ્ટ્ર ગૌરવ એવોર્ડ'થી રાજસ્થાનમાં જૂનાગઢનાં પ્રતિભાવંત શિક્ષિકા ડો.કોકિલા આર.ઉંધાડનું થયું સન્માન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨૮

ભવ્યા ફાઉન્ડેશન અને ભવ્ય આંતરરાષ્ટ્રીય દ્વારા જયપુર (રાજસ્થાન) આયોજિત આંતરરાષ્ટ્રીય મૈત્રી સંમેલનમાં શિક્ષણ પ્રતિભાઓને "રાષ્ટ્રીય ગૌરવ એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવ્યા જેમાં મુખ્ય અતિથિ તરીકે ડો. પરીન સોમાની લંડન યુ. કે.થી તેમજ ખૂબ ખ્યાતનામ હસ્તીઓ વિશિષ્ટ અતિથિ તરીકે હાજર રહ્યા હતા. દેશના વિવિધ ભાગોમાંથી ૨૦૦ થી પણ વધુ લોકો હાજર રહીને પોતાની વિશિષ્ટ પ્રતિભા થકી ઉમદા કાર્ય કરીને આ "રાષ્ટ્રીય ગૌરવ એવોર્ડ" થી સન્માનિત થયેલા હતા. આ પ્રોગ્રામ અખિલ ભારતીય ખંડેલવાસ વૈશ્ય મહાસભા ઓડિટોરિયમ જયપુર રાજસ્થાનમાં આયોજિત કરવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય મૈત્રી સંમેલન અને રાષ્ટ્ર ગૌરવ એવોર્ડના આ કાર્યક્રમમાં ડો. કોકિલા આર.ઉંધાડ ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કુલ આઝાદ ચોક - જૂનાગઢ(મ.શિ. અર્થશાસ્ત્ર) ને ટ્રોફી, પ્રમાણપત્ર તેમજ મેડલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. ડો.કોકિલા આર. ઉંધાડને આ સન્માન જુદા જુદા વિષય ઉપર તેમણે લખેલી સ્વરચિત કવિતા, લેખ સાંપ્રત સમયના અનુસંધાને આર્ટીકલ, લેખનકાર્ય કે જેમના આર્ટીકલ સૌરાષ્ટ્ર ભૂમિ, દિવ્ય ભાસ્કર અને ફૂલછાબ વગેરેમાં પ્રકાશિત થયેલા છે તેમજ પર્યાવરણ ક્ષેત્રમાં પણ વૃક્ષારોપણ, પંખીના માળા બનાવવા, પંખીઓને ચણ પાણી નાખી જીવો અને જીવવા દોની ભાવનાથી લોકોને જાગૃત કરવા માટેના સામાજિક પ્રયત્નો સોસાયટી અને મહોલ્લામાં કર્યા છે. આ ઉપરાંત અનાથ આશ્રમના બાળકો, એચઆઈવી પીડિત દર્દીઓ માટે પણ કાર્ય કરેલું છે. શિક્ષણ ક્ષેત્રમાં એક આદર્શ શિક્ષકનું ઉદાહરણ પૂરૂ પાડી પ્રવર્તમાન સમયમાં ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કુલ જૂનાગઢમાં આસિસ્ટન્ટ ટીચર તરીકે ફરજ બજાવી રહ્યા છે તેમને આ સન્માનથી ખરેખર રાષ્ટ્રને ગૌરવ પ્રદાન થાય તેવું કાર્ય કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# જૂનાગઢ : મુંડીયા સ્વામી ટ્રસ્ટ તેમજ સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મસમાજ દ્વારા આયુષ્યમાન કાર્ડનો કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨૮

સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ જિલ્લા મહામંત્રી મહેશભાઈ જોશી અને પ્રવકતા શૈલેષ પંડ્યાનીની સંયુકત યાદી જણાવે છે કે, સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢ યુવા પાખ અને મુંડીયા સ્વામી ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મ સમાજના જિલ્લા પ્રમુખ કે.ડી. પંડ્યા તેમજ સહેર પ્રમુખ પ્રફુલભાઈ જોષીના માર્ગ દર્શનમાં યુવા પ્રમુખ ચિરાગ જોશી અને તેની ટીમ દ્વારા આયુષ્યમાન કાર્ડ, ઈ શ્રમ કાર્ડ તેમજ આવકના દાખલાનો કેમ્પ યોજાયો જેમાં દીપ પ્રાગટ્ય તેમજ બ્રહ્મ અગ્રણી છેલભાઈ જોષી, ટ્રસ્ટી હશુભાઈ જોષી, જિલ્લા મહિલા પ્રમુખ રૂપલબેન લખલાણી, ભરત લખલાણી, મુકેશ મેહતા, યોગેશ પુરોહિત, મુંડયા સ્વામી ટ્રસ્ટના ટ્રસ્ટી જે.કે.ભટ્ટ, અજિત પંડયા, હરેશ ભટ્ટ, એન.સી. પંડયા વગેરે ઉપસ્થિત રહી પ્રોત્સાહન આપેલ.

આ કેમ્પને સફળ બનાવવા જાની પ્રકાશ, રવિ જોષી, ધાર્મિક ભટ્ટ, પાર્થ ભટ્ટ, કિશન પંડિત, વંદિત મહેતા, વત્સલ પંડયા, દિપ ભટ્ટ, પ્રિયંશું પુરોહિત, શિવામ પુરોહિતએ જહેમત ઉઠાવેલ હતી.

# ઉનામાં ભાજપ દ્વારા કટોકટીનાં કાળા દિવસ અંતર્ગત દેખાવો કરાયા

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૨૮

ઉના શહેરમાં શહેર- તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો દ્વારા નગરપાલિકા ભવન ખાતે બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ સાથે ઉપસ્થિત રહી ૨૫ જુન કટોકટીનાં કાળા દિવસ અંતર્ગત દેખાવ કર્યા હતા.



# ખંભાળિયા નગરપાલિકાના રોજમદાર કર્મચારીઓને દિવાળી : પગારમાં વધારો

## પાલિકાની તિજોરીને વાર્ષિક રૂપિયા ૫૦ લાખ જેટલો ખર્ચ વધશે

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા નગરપાલિકામાં કામ કરતા તમામ રોજમદાર કર્મચારીઓનો પગાર વધારો મંજૂર રાખવામાં આવતા આ કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. કેન્દ્ર તથા રાજય સરકાર દ્વારા રોજમદાર પગાર કર્મચારીઓના પગારમાં વધારો કરવામાં આવતા ખંભાળિયા નગરપાલિકામાં પણ કર્મચારીઓના પગાર વધારો લાગુ કરવા માટે પાલિકાના સત્તાધીશો દ્વારા આ અંગે જરૂરી પ્રક્રિયા કરવામાં આવી હતી. ખંભાળિયા નગરપાલિકામાં હાજર થયેલા વર્તમાન ઈન્ચાર્જ ચીફ ઓફિસર મેહુલ જોષીપુરાએ પણ રોજમદાર કર્મચારીઓના આ હક્ક અંગે લીલીઝંડી આપી અને સહી કરી દેતા પાલિકાના તમામ રોજમદાર કર્મચારીઓને દર મહિને રૂપિયા ત્રણેક હજાર જેટલો વધારો મળશે. નગરપાલિકામાં કામ કરતા દોઢસોથી વધુ કર્મચારીઓને આ પગાર વધારાનો લાભ મળતા આ કર્મચારીઓમાં દિવાળીનો માહોલ છવાઈ ગયો હતો અને આ કર્મચારીઓએ એકબીજાના મોં મીઠા કરાવીને આનંદની લાગણી વ્યક્ત કરી હતી. હવેથી પાલિકાના કુશળ કર્મચારીઓને રોજિંદા ૩૭૬ ના બદલે રૂપિયા ૪૭૪, અર્ધ કુશળ રોજમદારને રૂા.૩૬૭ ને બદલે ૪૬૧ તથા બિનકુશળને ૩૬૦ ના બદલે ૪૫૨ રૂપિયા હવે દૈનિક પગાર મળશે. આ પગાર વધારાથી નગરપાલિકાને વાર્ષિક આશરે રૂપિયા ૫૦ લાખ જેટલો આર્થિક બોજ વધશે. તેમ છતાં પણ નગરપાલિકા દ્વારા રોજમદાર કર્મચારીઓને આ લાભ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

# ઉના પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક મળી

(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૨૮

ઉના તાલુકામાં કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે તહેવારોને અનુલક્ષીને શાંતિ સમિતિની બેઠક પોલીસ સ્ટેશન ઉના ખાતે મળી હતી. પોલીસ ઈન્સ્પેકટર એમ.આઈ. મસી દ્વારા શહેર અને તાલુકામાં કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે સર્વ સમાજના આગેવાનોને અપીલ કરી હતી. આ બેઠકમાં હિન્દુ-મુસ્લિમ સમાજના તમામ મુખ્ય આગેવાનો ઉપસ્થિતિ રહ્યા હતા. રસિક ચાવડા(પ્રદેશ પ્રમુખ યુવા કોળી સમાજ), યુસુફભાઈ તવક્કલ, યાદગાર બાપુ, નિકુલભાઈ શાહ(વીહિપ), મહેશભાઈ બારીયા, અજય બાંભણિયા મધુવન ન્યુઝના તંત્રી નીરવ ગઢીયા, માવજી વાઢેર, પત્રકાર ચિંતન ગઢીયા, હિન્દુ યુવા સંગઠન, ગૌ રક્ષા દલના આગેવાનો ઉપસ્થિતિ રહ્યા હતા.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મોબાઈલ પશુ દવાખાનાને બે વર્ષ પૂર્ણ : કેક કાપીને ઉજવણી કરાઈ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જી.વી.કે.- ઈ.એમ.આર. આઈ. તેમજ પશુપાલન વિભાગના સંકલન દ્વારા કાર્યરત મોબાઈલ પશુદવાખાનાને સફળતાપૂર્વક બે વર્ષ પૂર્ણ થયા છે. મોબાઈલ પશુ દવાખાનાને વર્ષ પુરા થતાં ખંભાળિયામાં જિલ્લા પંચાયત કચેરી ખાતે જિલ્લા વિકાસ અધિકારી ડી.જે. જાડેજા, નાયબ પશુપાલન નિયામક એન.એન. પટેલ, પશુ તબીબ ડો. અતુલ પટેલ, પ્રોગ્રામ મેનેજર ડો. જતીન સંચાણીયા, પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર જય રતનપરા તેમજ દસ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાનાના વેટરનરી ડોકટર દ્વારા કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી.

# ખંભાળિયા નગરપાલિકામાં વધુ એક ઈન્ચાર્જ ચીફ ઓફિસર : દોઢ વર્ષમાં ૧૧માં ચીફ ઓફિસર તરીકે મેહુલ જોધપુરાએ ચાર્જ સંભાળ્યો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્યમથક ખંભાળિયાની મહત્ત્વની એવી નગરપાલિકા કચેરીમાં છેલ્લા ઘણા સમયથી કાયમી અને લાંબો સમય ચીફ ઓફિસરની સેવાઓ નસીબમાં નથી. ખૂબ જ ટૂંકા ગાળા માટે મૂકવામાં આવેલા કાયમી તથા સતત ઈન્ચાર્જ ચીફ ઓફિસરનો આંકડો ૧૦ સુધી પહોંચ્યા બાદ ખંભાળિયા નગરપાલિકામાં લાંબા સમય બાદ કાયમી ચીફ ઓફિસર તરીકે દાહોદથી મૂકવામાં આવેલા યશપાલસિંહ વાઘેલા તાજેતરમાં થોડા દિવસની ટ્રેનિંગ માટે ગયા હોવાથી અગિયારમા ઈન્ચાર્જ ચીફ ઓફિસર તરીકે મેહુલ જોધપુરાએ પાલિકાનો ચાર્જ સંભાળ્યો હતો. ખંભાળિયા પાલિકાના મહત્વના એવા સેનિટેશન, બાંધકામ, પાણી પુરવઠા, એકાઉન્ટ તથા ઈલેકટ્રીક ડિપાર્ટમેન્ટના વડા સાથે ચિફ ઓફિસર જોધપુરાએ બેઠક યોજી હતી. આ ઉપરાંત ખંભાળિયા નગરપાલિકા વિસ્તારમાં ઘી નદીની પણ મુલાકાત લીધી હતી. તેમની સાથે પાલિકાના ઈજનેર એન.આર. નંદાણીયા પણ જોડાયા હતા. ખંભાળિયામાં આવેલું ઈલેક્ટ્રિક સ્મશાન પૂર્નઃ ચાલુ કરવા તેમજ જર્જરીત રસ્તાના કામો અંગે પણ તેમણે માહિતી મેળવી હતી. શહેરમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ શુદ્ધ બનાવવા, શહેરમાં નિયમિત પાણી પુરવઠાનું વિતરણ થાય તે બાબત પણ સંબંધિતો સાથે ચર્ચાઓ કરી હતી. ભાણવડમાં અગાઉ વર્ષ ૨૦૧૩માં ઓફિસર તરીકે ફરજ બજાવી ચૂકેલા અને કડક અધિકારી તરીકેની છાપ ધરાવતા મેહુલ જોધપુરાએ હાલ ખંભાળિયા પાલિકા તંત્રને દોડતું કર્યું છે.

# દ્વારકા : વિદ્યાર્થીઓનાં બેંક ખાતા ખોલવા પ્રાંતઅધિકારીને રજુઆત



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨૮

સરકાર દ્વારા સરકારી યોજનાઓના લાભો અને શિષ્યવૃત્તિ વિદ્યાર્થીઓના બેંક ખાતામાં જમા થાય એ માટે બેંક અધિકારીઓનો યોગ્ય સહકાર મળતો નથી. તેનાથી વાલીઓને તથા વિદ્યાર્થીઓને હેરાનગતિ વેઠવી પડે છે. બેંક અધિકારીઓના આ વલણ સામે પ્રજાજનોમાં ઉઠતાં રોષને લઈ દ્વારકા શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ બુજડ એ પ્રાંત અધિકારીને લેખિતમાં અરજી કરી રજૂઆત કરી હતી.

# જૂનાગઢ જીલ્લામાં તા.૫ જુલાઇથી વંદે ગુજરાત વિકાસ યાત્રા યોજાશે

**વિકાસકામોનું લોકાર્પણ-ખાત મુહુર્ત કરાશે : છેલ્લા બે દાયકા દરમ્યાન થયેલા વિકાસને જન-જન સુધી પહોચાડાશે : જન હિતકારી યોજનાના લાભોનુ વિતરણ થશે**





જૂનાગઢ, તા.૨૮

સમગ્ર ગુજરાતની સાથે તા.૫ જુલાઈથી જૂનાગઢ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોને આવરી લઈ વંદે ગુજરાત વિકાસ યાત્રા યોજાશે. આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે યોજાનાર આ યાત્રા દરમ્યાન વિકાસકામોનુ લોકાર્પણ-ખાત મુહુર્ત કરાશે. આ વિકાસ યાત્રા દરમ્યાન ૧૮ જેટલા વિવિધ વિભાગોના સહયોગથી જિલ્લામાં છેલ્લા બે દાયકા દરમ્યાન થયેલ વિકાસને જન-જન સુધી પહોચાડવામાં આવશે. તેમજ પ્રજા હિતકારી યોજનાના લાભોને લાભાર્થીઓનો વિતરણ કરાશે. શહેરી વિસ્તાર ઉપરાંત જિલ્લા પંચાયતની સીટ આ મુજબ આ યાત્રા યોજાશે. જિલ્લા વિકાસ અધિકારી મીરાંત પરીખના અધ્યક્ષસ્થાને વંદે ગુજરાત વિકાસ યાત્રાના આયોજન અર્થે કલેકટર કચેરી ખાતે યોજાયેલ બેઠકમાં તાલુકા વાઈઝ નોડલ અધિકારીઓની નીમણુંક કરવા સાથે અધિકારીઓને કામગીરીની સોંપણી કરવામાં આવી હતી. યાત્રાનો રૂટ નક્કિ કરવા સાથે યાત્રા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બેઠકની કાર્યવાહીનું સંચાલન અધિક કલેકટર એલ.બી. બાંભણીયાએ કર્યુ હતું. આ બેઠકમાં નાયબ વન સંરક્ષક ધીરજ મીતલ, ડો. એસ.કે. બેરવાલ, આસીસ્ટનટ કલેકટર હનુલ ચૌધરી સહિત જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# મોરવાડા ગામે મેગા આરોગ્ય કેમ્પ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

ચાંપરડા બ્રહ્માનંદધામ જય અંબે હોસ્પિટલ દ્વારા આયોજિત પૂજ્ય મુકતાનંદ બાપુના આશીર્વાદથી ભેસાણ તાલુકાના મોરવાડા ગામે મેગા આરોગ્ય કેમ્પનું ભવ્ય આયોજન સફળતાથી સંપન્ન થયું હતું. જેમાં ગ્રામ્ય વિસ્તારના હજારો દર્દીઓએ પોતાના આરોગ્ય વિષેની ડોકટરો પાસેથી નિદાન કરાવ્યું હતું.

# કેશોદમાં સમગ્ર સોરઠીયા રબારી અનુસૂચિત જનજાતિ સમાજનું મહાઅધિવેશન યોજાયું

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૨૮

કેશોદના પાનદેવ સમાજ ખાતે અધિવેશન યોજાયું હતું. જેમાં જૂનાગઢ, પોરબંદર, ગિર-સોમનાથ, જામનગર, દ્વારકા, રાજકોટ જિલ્લાના વિવિધ રબારી સમાજના રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનો, કર્મચારીઓ, યુવાનો એમ આશરે ત્રણ હજાર લોકો બિનરાજકીય રીતે એકઠા થયા હતા અને સમાજના વર્ષોથી વણ ઉકેલાયેલ પ્રશ્નો બાબતે મંથન કરવામાં આવ્યું હતું અને સમાજના મુખ્ય મુદ્દાઓ બાબતે ચર્ચાઓ થઈ હતી. જેમાં સને ૧૯૯૨માં સરકારના આદિજાતિ વિભાગ દ્વારા આપવામાં આવેલ વિગતદર્શક કાર્ડ જેને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સમર્થન મળેલ છે તેને માન્યતા, સમાજના અંદાઝે ૩૦૦ ઉમેદવારોને જાતિ પ્રમાણપત્રની ચકાસણીના બહાના હેઠળ ૪ વર્ષથી નિમણુંક આપેલ ન હોય તેમને પ્રોવિઝનલ નિમણુંક આપવી, સરકાર દ્વારા ૨૦૨૦માં રચેલ કારીયા કમીટીના સર્વેમાં વિગતદર્શક કાર્ડ ધારકનો સમાવેશ કરવો, ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાયેલ પિટિશનોની સમીક્ષા, સમાજનું ૨૧ સભ્યોનું બિનરાજકીય સંગઠન બનાવવું, તેમાં યુવાનોનો સમાવેશ કરવો, વિવિધ જિલ્લાઓના સમાજના છાત્રાલય બનાવવું, સમાજનું ૧૦૦ ટકા મતદાન થાય અને સમાજ સાથે રહેલ પક્ષમાં મતદાન થાય તે માટેના કાર્યક્રમો આ તમામ મુદ્દાઓ બાબતે ચર્ચા-વિચારણા થઈ હતી અને આ રબારી સમાજ સૌરાષ્ટ્રની મોટાભાગની બેઠક ઉપર નિર્ણાયક મતદાન ધરાવે છે ત્યારે આગામી સમયમાં સમાજના પ્રશ્નનો હલ નહિ આવે તો આ સમાજ ચોક્કસ કંઈક નવાજૂની કરવાના મૂડમાં જણાઈ રહ્યો છે. હાલમાં વિધાનસભાની ચૂંટણી નજીકમાં છે ત્યારે આ માલધારી સમાજની અવગણના ગમે તે પક્ષને ભારી પડી શકે તેમ છે.



# દેવભૂમિ દ્વારકા જીલ્લાની વિવિધ શાળાઓમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ રંગેચંગે સંપન્ન

## વન અને પર્યાવરણ વિભાગના ઉપસચિવ અને જિલ્લા વિકાસ અધિકારીએ શાળા પ્રવેશ કરાવ્યો



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮


રાજય સરકારના કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દ્વિતીય દિવસે પણ ઉત્સાહભેર કાર્યક્રમોના આયોજનો હાથ ધરાયા હતા. જે અંતર્ગત બજાણા પ્રાથ. શાળામાં વન અને પર્યાવરણ વિભાગના ઉપસચિવ જે.ડી. સુથાર અને જોધપુર પ્રાથ. શાળામાં જિલ્લા વિકાસ અધિકારી ડી.જે. જાડેજાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં માતાઓ ઉપસ્થિત છે જે દર્શાવે છે કે, તેમને તેમના બાળકના અભ્યાસની ચિંતા છે અને બાળકોના શિક્ષણ પ્રત્યે તેઓ જાગૃત છે. એક સારા વાતાવરણમાં અભ્યાસની શરૂઆત થાય તો બાળકોનું ભવિષ્ય પણ સારી દિશામાં બને છે. આપણે સૌ જાણીએ છીએ કે કોરોના મહામારીને કારણે બાળકોના શિક્ષણને ઘણી અસર પડી છે. તો શિક્ષકો પણ તેમની નૈતિક ફરજ સમજી બાળકોને વધુમાં વધુ અભ્યાસ કરાવી અને જે વિષય નબળા જણાઈ તેમાં વધુ ધ્યાન અપાવી બાળકોના ભવિષ્યનું ઘડતર કરવું જોઈએ. વધુમાં જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું કે, માત્ર શાળામાં અભ્યાસ પૂર્ણ કર્યેથી બાળકોનું ભવિષ્ય નહિ બની શકે. પરંતુ બાળક શાળાએથી ઘરે જાય ત્યારે માતા - પિતાએ પણ બાળકને પૂછવું જોઈએ કે આજે શાળામાં શું અભ્યાસ કર્યો ? શું લેશન આપ્યું? જો આમ કરવામાં આવશે તો ચોક્કસપણે બાળક ભવિષ્યમાં દેશનું નામ રોશન કરશે. વન અને પર્યાવરણ વિભાગના ઉપસચિવ જે.ડી. સુથારે પણ પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું. આ તકે બજાણા આંગણવાડી અને પ્રાથ. શાળાના મળીને ૫૪ બાળકોને તેમજ જોધપુર આંગણવાડી અને પ્રાથ. શાળાના મળીને ૧૫ બાળકોને કીટ આપી, પ્રવેશ આપવામાં આવ્યો હતો. ધોરણ ૩ થી ૮ના બાળકો કે જેઓ વાર્ષિક પરીક્ષામાં પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થયા છે તેવા બાળકોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે આઝાદી કા અમૃત મહોત્સવ, પર્યાવરણ બચાઓ જેવા વિષયો ઉપર બાળકોનું વકતવ્ય પણ યોજવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# મોબાઈલનાં વળગણથી બચવા સારા કામમાં મનને વ્યસ્ત કરો


સંસ્કૃતમાં એક કહેવત છે, ‘અતિ સર્વત્ર વર્જયેત’ એટલે કે કોઈપણ ચીજની અધિકતા કે અતિ થવી સારૂ નથી ગણાતું. ૨૧મી સદીમાં મોબાઈલ ફોન અતિની સીમા પાર કરી રહ્યો છે. ફક્ત ભારત જ નહીં, આખી દુનિયામાં નોમોફોબિયાના શિકાર સતત વધી રહ્યા છે. નોમોફોબિયાનો અર્થ થાય છે- નો મોબાઈલ ફોબિયા, એટલે કે મોબાઈલને કોઈપણ સ્થિતિને ખુદથી દૂર ન રાખવી શકવો. આ એવી સ્થિતિ છે કે, માણસ હવા-પાણીની જેમ મોબાઈલ ફોન વિના રહી નથી શકતો. તમે ઘરે પર્સ ભૂલી જાવ, ગાડીના પેપર ભૂલી જાવ તો તમે તેના વિના કામ ચલાવી લેશો, પરંતુ જો તમે મોબાઈલ ભૂલી જશો તો તેને લેવા માટે ઘરે પાછા જશો, કારણ કે મોબાઈલ ફોન વિના રહેવું મુશ્કેલ છે. મોબાઈલ ફોન હવે આપણી લત બની ચૂક્યો છે. એ સાચું છે કે, ફોન આજની જરૂરિયાત છે, પરંતુ તેના જેટલા ફાયદા છે, એટલા જ નુકશાન પણ છે. કારણ કે, અતિ હંમેશા નુકશાનદાયક હોય છે. સાઈબર મીડિયા રિસર્ચના એક રિપોર્ટ અનુસાર દરેક ભારતીય વર્ષના ૧૮૦૦ કલાક મોબાઈલ જોઈ રહ્યો છે. આ રિસર્ચમાં સામેલ અડધાથી વધારે લોકોએ માન્યું કે, તેમને મોબાઈલની ખરાબ લત લાગી ચૂકી છે કે તેઓ તેના વિના રહી શકતા નથી. દર પાંચમાંથી ૪ લોકો માટે મોબાઈલ તે આખરી ચીજ છે જેને સૂવા જતાં પહેલાં જુએ છે, એ જ લોકો સવારે ઊઠીને પહેલાં ફોન જુએ છે. આપણે બધા મોબાઈલ જોવાના એટલા ટેવાઈ ગયા છીએ કે આપણે ફોન વગર એક કલાક પણ વિતાવી નથી શકતા. તે આપણને માનસિક રૂપે કમજોર બનાવી રહ્યો છે. મોબાઈલ ફોનની લતને કારણે માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ, તૂટેલા સંબંધો અને પારિવારિક પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે, આખો દિવસ લોકો સ્માર્ટફોન ઉપર સ્ક્રોલ કરતા રહે છે. તે આપણી માનસિકતા અને રચનાત્મક ક્ષમતા ઘટાડે છે. મોબાઈલ ફોન કે સ્માર્ટફોનનો આવિષ્કાર ચીજોને સુલભ બનાવવા અને સંચાર માધ્યમને બહેતર બનાવવા માટે કરવામાં આવ્યો હતો, પરંતુ તે કેટલીય સમસ્યાઓનું કારણ બની રહ્યો છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અનુસાર દુનિયામાં લગભગ ૧૫૦ કરોડ લોકો કોઈને કોઈ રૂપે સાંભળવાની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. આ સંખ્યા ૨૦૫૦ સુધી વધીને ૨૫ કરોડ થવાની સંભાવના છે, તેથી તેને સ્વાસ્થ્ય સમસ્યા રૂપે જોવામાં આવે છે. હવે ફ્રાન્સની નેશનલ ઈન્સ્ટટ્યિૂટ ઓફ હેલ્થ એન્ડ મેડિકલ ઈન્સ્ટટ્યિૂટના રિસર્ચથી ખબર પડે છે કે, ચારમાંથી એક વ્યક્તિને સાંભળવામાં મુશ્કેલી આવી રહી છે. તેઓ ધીમે ધીમે બહેરા થતા જાય છે. મતલબ ત્યાંની ૨૫ ટકા આબાદી તેનાથી પ્રભાવિત થઈ રહી છે. ફોનને વધુ બારીકીથી જોવા, તેના ઉપર ફિલ્મો કે વીડિયો જોવાની તમારી આદત માથાનો દુ:ખાવો, આંખોની સમસ્યાઓથી લઈને મગજના કેન્સર સુધીનું કારણ બની રહી છે. ફોનની લત સાથે સમસ્યાઓમાંથી એક એપણ છે કે, તમે તમારૂ કામ પુરૂ કરવામાં અસમર્થ થઈ જાવ છો, કારણ કે, તમારો વધારે સમય ફોન જોવામાં વેડફાઈ જાય છે. તમે ધીમે ધીમે એકલા થતા જાવ છો અને દોસ્તો અને પરિવારથી અલગ થવા લાગો છો. બાળકો અને કિશોર ફોનને કારણે હિંસક થઈ રહ્યા છે. ચિકિત્સા વિશેષજ્ઞો પણ વારંવાર ચેતવી રહ્યા છે કે, જેટલું બની શકે બાળકોને મોબાઈલ ફોનથી દૂર રાખો, પરંતુ માતા-પિતા જ મોબાઈલમાં વ્યસ્ત હોય છે તેથી બાળકોને તેનાથી કેવી રીતે બચાવવા ? હાલત એવી છે કે, માણસ તેનાથી દૂર થવાની હિંમત જ નથી કરી શકતો. જો પરિવાર અને દોસ્તો વચ્ચે વાત પણ થાય છે તો તે મોબાઈલના ફીચર સુધી જ સીમિત રહી ગઈ છે. જો તમે મોબાઈલની લતથી બચવા માંગો છો તો તમે ખુદને બીજા પ્રકારના કામોમાં વ્યસ્ત કરવાની કોશિષ કરો, એવાં કામ જેના માટે તમારે ફોનની મદદ લેવાની જરૂર ન પડે. તમારો ફોન માત્ર જરૂરી કોલ કરવા અને મેસેજ મોકલવા માટેનું એક ઉપકરણ છે, તેનું મહત્ત્વ સીમિત છે. તેને એટલું બધું મહત્ત્વ ન આપો કે તમારી જાતને ભૂલી જાવ. એક યુઝર દિવસમાં ૨૫ થી ૧૦૦ વખત સોશ્યલ મીડિયા જોવા માટે પોતાનો ફોન ચેક કરે છે. એવામાં જો તમે મોબાઈલની લતને દૂર કરવા માંગો છો તો એ એપ્સને જ ફોનમાંથી હટાવી દો. ત્યારે જ તમે એ લતથી છૂટકારો મેળવી શકશો. લોકોમાં વધુ પડતા મોબાઈલની લતથી ગંભીર પ્રકારની બિમારી આવી શકે છે. લોકોમાં હતાસા સાથે ગંભીર પ્રકારનું શરીરને નુકશાન પહોંચાડે છે.




# અમરનાથની દિવ્ય યાત્રા : જય બાબા બરફાની







બાબા બરફાનીની યાત્રા શરૂ થઈ છે ત્યારે આજુબાજુનાં વિસ્તારો અને તેની શકય તેટલી ઉપલબ્ધ માહિતીઓ યાત્રીકો સમક્ષ મુકવા માટેનો સંકલીત પ્રયાસ કરી રહ્યો છું. આ યાત્રા આશરે ૧૩ થી ૧૫ દિવસમાં પૂર્ણ થઈ શકે છે અને આપનાં ગામથી જમ્મુ તાવી અથવા તો ટ્રાવેલ્સ એજન્સીઓ મારફત પહેલગામ કે બાલતાલ સુધી જવાની સુવિધા છે.

**જમ્મુ :** જમ્મુ શહેર તાવી નદીનાં કિનારે વસેલ છે. જમ્મુ કશ્મીરનું મુખ્ય પ્રવેશદ્વાર પણ છે. ૯મી સદીમાં રાજા જમ્બુલોચન દ્વારા આ શહેરની સ્થાપના કરવામાં આવેલ છે. સમગ્ર દેશ સાથે રેલ્વે માર્ગથી આ શહેર જોડાયેલ છે. જમ્મુ રેલ્વે સ્ટેશને ઉતાર્યા બાદ શહેરમાં રહેવા માટે મધ્યમ ભાવની તથા ઉંચા વર્ગની હોટલો તથા ધર્મશાળાઓ છે. રેલ્વે સ્ટેશનની બહાર ‘વૈશ્નવિધામ’ સંચાલીત છે. રહેવા માટેની તથા લોકરૂમની વ્યવસ્થા છે. રેલ્વે સ્ટેશન પાસે અન્ય સરસ્વતી ધામ અને એક શિવમંદિર માત્ર ૫ મીનીટનાં અંતરે આવેલ છે. પરંતુ જમ્મુથી પહેલગામ જવા માટેની બસો શહેરીની મધ્યમાં આવેલા પરેડ ગ્રાઉન્ડમાંથી ઉપડતી હોવાથી યાત્રિકે પોતાની રાત્રિ નિવાસની વ્યવસ્થા બસ સ્ટેશન પાસે, હરી માર્કેટ પાસે વિનાયક રોડ ઉપર આવેલી ધર્મશાળા અથવા મધ્ય ભાગની હોટલમાં ઈચ્છનીય છે. જેથી બીજા દિવસે વ્હેલી સવારે પહેલગામ જવા માટેની બસ ઉપડે ત્યારે ધર્મશાળાથી બસ અડ્ડા સુધી પહોંચવાનો પોતાનો સમય બચાવી શકે. રેલ્વે સ્ટેશનથી શહેર અઢી કિ.મી. દુર છે. રઘુનાં મંદિર આસપાસ આવેલું હરીભવન ધર્મશાળા, અગ્રવાલ ધર્મશાળા, રણવિરેશ્વર ભવન વિગેરેમાં રહેવાની સારી સગવડતા છે.

**જમ્મની આસપાસમાં જોવાલાયક સ્થળો :** માનસર, જીલ, ચીચીમાતા મંદિર, પઠાણ કોટનાં માર્ગો ઉપર જમ્મુથી લગભગ ૬૦.૦૦ કિમીનાં અંતરે આવેલું છે. શિવખોડી, કટરાથી ૨૦ કિમી દુર આ સ્થળ આવેલું છે. ભગવાન શિવનાં દર્શન કરવા માટે કુદરતી ગુફામાં કસ્ટ પામીને જવું પડે છે. અમૃતસર જમ્મુથી ૨૫૦ કિમી દુર છે. ટ્રેન અથવા બસ માર્ગે જઈ શકાય છે. અમૃતસર શિખોનું પવિત્ર યાત્રાધામ છે. અહી વિખ્યાત સુવર્ણ મંદિર જોવાલાયક છે. સુવર્ણમંદિરની નજીકમાં જલીયાવાલાબાગ છે. અમૃતસરથી ૧૬.૦૦ કિમી વાઘા બોર્ડર ભારત-પાકિસ્તાન બોર્ડની મુલાકાતે ટુરીસ્ટ પણ જાય છે. ડેલહાઉસી, ચંબા ધર્મશાળા, અજીયાર, હિમાચલ પ્રદેશમાં આવેલા આ સ્થળોનાં સાઈટ સીઈંગ માટે જમ્મુથી બે ત્રણ દિવસમાં આ સ્થળનો પ્રવાસ કરી પરત જમ્મુ આવી શકાય છે. જમ્મુ શહેરમાં રઘુનાથ મંદિર, રણવિરેશ્વર મંદિર, અમરમહલ, મ્યુઝીયમ, બાહુંફોર્ટ, કાલીમાતાનું મંદિર વિગેરે સ્થળો જોવાલાયક છે. શહેરનું મુખ્ય બજાર વિરમાર્ગ, રઘુનાથ બજાર અને હરી માર્કેટ થયા શોપીંગ થઈ શકે છે. હેન્ડીક્રાફટ, ડ્રાયફ્રુટ, બાસમતી ચોખા, રાજમા ખરીદીની મુખ્ય આઈટમ છે.

**પહેલગામ તરફ :** જમ્મુથી પહેલગામ સડક રસ્તે જ જવું પડે છે. જમ્મુ સરકાર તરફથી યાત્રા દરમ્યાન વિશેષ બસોનો પ્રબંધ કરવામાં આવે છે. અમરનાથ યાત્રા માટે જમ્મુથી પહેલગામ જવા માટે ૨૮૫ કિમી અંતર કાપવાનું રહેશે. બસ, ટેકસી વિગેરે પણ મળી શકે છે. જમ્મુથી પહેલગામ જતા ઉધમપુર(૬૬ કિમી), કુંદ(૧૦૭ કિમી), પટનીટોપ(૧૧૫ કિમી), બટોટ(૧૩૪ કિમી), રામવન(૧૪૧ કિમી), બનીહાર(૧૯૫ કિમી), અનંતનાગ(૨૪૦ કિમી) આવે છે. ઉધમપુરથી બસ આગળ વધતા જ પહાડી અને બીઢ બાજું ઉંડી ખીણોથી ભરપુર પહાડી રસ્તાનો શરૂ થાય છે. ૨૦૨૪ મીટરની ઉંચાઈએ પટની ટોપ આવે છે. જે ખૂબ જ સુંદર સ્થળ છે. રામવનથી આગળ વધતા ખરા પોરા ચેકપોસ્ટ પછી પહાડી રસ્તા ઉપર ખુનીનાલા તરીકે ઓળખાતી જગ્યા આવે છે. એ જગ્યાએ એક વિશાળ જાળી બાંધવામાં આવેલી છે. આગળ વધતા જવાહર ટનલ આવેલ છે. જમ્મુ તથા શ્રીનગરનાં રસ્તાને જોડતી આ ટનલ પહાડો કોતરીને બનાવવામાં આવેલી છે. ૩ કિમી લાંબી આ ટનલ ઈજનેરી કૌશલ્યનાં નમુનારૂપ છે. એ ટનલ પાસે બનીહાલ પાસ પુરો થાય છે. ટનલ બાદ મેદાની રસ્તાઓ શરૂ થાય છે. ત્યાંની આગળ વધતા અનંતનાગ આવે છે. અનંતનાગથી એક રસ્તો શ્રીનગર(૫૨ કિમી) તથા બીજો રસ્તો પહેલા પહેલગામ(૪૫ કિમી) તરફ જાય છે. જમ્મુથી પહેલગામ નીકળેલો યાત્રિક સાંજે પહેલગામ પહોંચે છે.

**પહેલગામ :** અમરનાથ યાત્રાની શરૂઆત પહેલગામથી થાય છે. ૭૫૦૦ ફુટની ઉભાઈએ વસેલું પહેલગામ લીડર નદીની ઘાટીમા વસેલ અત્યંત રમણીય સ્થળ છે. પહેલગામમાં પાંડવોનાં સમયનું મામલેશ્વર મંદિર આવેલ છે. પહેલગામમાં વહેતી લીડર નદીનું શાસ્ત્રોકત નામ ‘લંબોદરી’ છે. પહેલગામ એક સમયે ફિલ્મઉદ્યોગનું આકર્ષણ હતું. અહી પણ મધ્યમ ભાડાની તથા ઉંચા ભાડાની એક હોટલો રહેવા માટે ઉપલબ્ધ છે. તેમજ સ્થાનિક રહેવાસીઓ પણ રહેવા માટે વ્યવસ્થા કરતા હોય છે. યાત્રા દરમ્યાન આર્મી, જે.કે. પોલીસ તથા બી.એસ.એફ.નો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવે છે. ૨૦૦૦નાં વર્ષમાં પહેલગામ ભંડારા ઉપર થયેલા આતંકવાદી હુમલા બાદ યાત્રિકો માટે અલગ કેમ્પ રાખવામાં આવે છે. અહી આર્મીનાં નિયમોનું ચુસ્તપાલન કરવાનું રહેશે. ટુરીઝમ ઓફીસ દ્વારા યાત્રાનાં દરેક સ્થળે ટેન્ટની જે વ્યવસ્થા કરવામાં આવે છે તેનું બુકિંગ અહીથી મળી શકે છે. કુદરત અહી ચોવીસ કલાક ખુલેલી રહે છે.

**ચંદનવાડી :** યાત્રાનાં માર્ગ ઉપર પહેલગામથી આગળ જતા ૧૬ કિમી દુર ૯૫૦૦ની ઉંચાઈએ ચંદનવાડી આવે છે. ચંદનવાડી પણ ખુબ જ રમણીય સ્થળ છે. પૌરાણીક કથા મુજબ શ્રી રામ, લક્ષ્મણ અને સીતા પુરાણની કથા મુજબ એક વખત દેવ અને દાનવ સાથે ભગવાનનાં દર્શન માટે યાત્રાએ નીકળ્યા, કોણ પહેલા પહોંચે તે બાબતમાં તકરાર થઈ અને દેવતાઓ હારી ગયા, દેવતાઓએ શિવજીની આરાધના કરી મહાદેવની કૃપાથી અસુરો સાથે યુધ્ધ થયું. અસુરોનો નાશ થયો અને તેમનાં હાડકાનો ઢગલો થયો અને આ જગ્યા પુસ્સુઘાટીનાં નામથી પ્રસિધ્ધ બની. પીસ્સુઘાટીનાં બીજો અર્થ માંકડ થાય છે. જેમ માંકડ માનવીને યાતના કારવે છે તેમ આ ઘાટી પણ યાતનાદાયી છે. આ ચડાઈ યાત્રિકોની બરાબર પરીક્ષા કરે છે. તંદુરસ્ત યાત્રિકોને પણ શ્વાસ ચડવા લાગે છે. અહી પણ ભંડારામાં વિના શ્વાસ ચડવા લાગે છે. અહી દવાખાનાની અને સુરક્ષાની ખુબ જ સુંદર વ્યવસ્થા છે.

**જોજીપાલ :** પિસ્સુટોચાથી નીચે ઉતરવાનો સરળ માર્ગ શરૂ થાય છે અને ૪ કિમી દુર જોજીપાલની જગ્યાએ મેદાનમાં પણ ભંડારા, દવાખાનું તથા આર્મી કેમ્પની વ્યવસ્થા છે. જોજીપાલમાં છેલ્લા ૧૦ વર્ષથી શ્રી અમરનાથ સેવાદાર સમિતિ, દિલ્હી દ્વારા ભંડારાની વ્યવસ્થા કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૩માં અમરનાથ યાત્રિક મંડળ, જૂનાગઢ દ્વારા આ સંસ્થાનાં સહયોગથી કાઠીયાવાડી ભોજનની વ્યવસ્થા કરતો ભંડારો કરવામાં આવેલ.

**શેષનાગ :** ચંદનવાડીથી શેષનાગનું અંતર ૧૩ કિમી છે. જોજીપાલથી ૨ કિમીનાં અંતરે નાગકોટી અને ત્યાંથી શેષનાગની જગ્યા આવેલ છે. શેષનાગની જગ્યા ૧૧૬૫૦ ફુટની ઉંચાઈએ આવેલ છે. અહી રાત્રીરોકાણ માટે ટેન્ટની, દવાખાનાની, ભંડારાની ખૂબ જ સરસ વ્યવસ્થા છે. પરંતુ અતી ઠંડીનો અનુભવ કરાવતો પવન ખૂબ ઝડપથી ફુંકાતો રહે છે. શેષનાગ એ તળાવનું નામ છે. અહીયા પહાડોની વચ્ચે આવેલ આ તળાવનું પાણી નિલવર્ણ અને સ્વચ્છ છે. તળાવની ચારે તરફ પહાડો છે. જે બરફથી છવાયેલો રહે છે. એક પહાડનાં ત્રણ શિખર બરફથી ઢંકાયેલા દેખાય છે. તેને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તરીકે ઓળખવામાં આવે છે. અહી અદભુત સૌંદર્યની અનુભૂતિ થાય છે.

**મહાગુનુસ ટોચ :** શેષનાગથી પંચતરણીનાં રસ્તો આગળ વધતા શેષનાગથી ૪.૬ કિમીનાં અંતરે મહાગુનુસ ટોચ સૌથી વધુ ઉંચાઈ ધરાવતું સ્થળ છે. ૧૪૫૦૦ ફુટનું ઉંચાઈએ આવેલ મહાગુનુસ ટોચ ઉપર પહોંચતા પુસ્સુટોચ કરતા ઓછો થાક લાગે છે. પરંતુ ઉંચાઈને કારણે હવા પાતળી થતા અમુક યાત્રિકોને શ્વાશ્વોશ્વાસમાં તકલીફ પડે છે. અહી યાત્રિકોએ સાથે રાખેલ કપુર સંઘવાથી શ્વાસ લેવામાં રાહત મળે છે. અહી અમુક યાત્રિકોને ઓકિસજનની પણ જરૂરત રહે છે. આર્મીની મદદ દરેક યાત્રિકને એક-એક પગલે મળતી રહેતી હોવાથી યાત્રિકને મુશ્કેલી પડતી નથી.

**પંચતરણી :** શેષનાગથી ૧૩ કિમીનાં અંતરે પંચતરણી આવેલ છે. મહાગુનુસ ટોચથી સરળ રસ્તે આગળ વધતા પબીબાલ અને પોષતરી પસાર કરી યાત્રિકો પંચતરણી પહોંચે છે. પોષપતરીનો ભંડારો વિશાળ અને ભવ્ય છે. ત્યાં ૨૪ કલાક યાત્રિકોને ભોજન વગેરે નિ:શુલ્ક આપવામાં આવે છે. અમરનાથ ગુફા સુધી પહોંચવાનો આ અંતિમ પડાવ છે. અહી યાત્રિકોને રહેવા માટે પુષ્કળ ટેન્ટ અને ભંડારાની વ્યવસ્થા છે. ભંડારાનાં સ્વયંસેવકો ખડાપગે તૈયાર હોય છે. પંચતરણી નદીનો પ્રવાહ એક અલૌકીક અનુભૂતિ કરાવે છે. અહી પાણી ખૂબ જ ઠંડુ હોય છે. પંચતરણી એ એક પૌરાણિક કથા મુજબ એકવાર ભગવાન શિવજી કૈલાશથી ઉતરીને પંચતરણીનાં પહાડ ઉપર આવેલ. આ પ્રદેશ નિર્જર હતો. ચારે તરફ બરફ હતો. શિવજીએ અહી તાંડવ નૃત્ય શરૂ કરેલ, શિવજીનાં તાંડવ નૃત્યથી પહાડ ડગમગવા લાગેલ, વાયુ મંડળ સ્તબ્ધ થઈ ગયેલ, નૃત્ય દરમ્યાન શિવજીની જટા છુટી ગઈ અને તેમાંથી ગંગાજી પ્રગટ થયા, શિવજીનું ધ્યાન જટા તરફ જતા જટા વારંવાર ઠીક કરી પરંતુ પાંચ વખત જટા ઢીલી થતા પાંચ વખત ગંગાજી પ્રગટ થયા અને પહાડીમાં વહેવા લાગ્ય, આમ પંચધારા વહેવાલાગી, આ પંચધારાને કારણે આ સ્થળનું નામ પંચતરણી થયું.

**પવિત્ર ગુફા :** પંચતરણીથી ૬ કિમી દુર ૧૩૫૦૦ ફુટની ઉંચાઈએ અમરનાથી પવિત્ર ગુફા આવેલી છે. રાખોડી રંગનાં પહાડોની વચ્ચે ૫૦ ફુટ લાંબી અને ૫૫ ફુટ પહોળી અને ૪૫ ફુટ ઉંચી આપમેળે બનેલી ગુફા કોઈ એન્જીનીયરોએ બનાવેલ નથી છતાં પણ ભવ્યતાનો ખ્યાલ આપે છે. પંચતરણીથી ગુફા તરફ પ્રયાણ કરતા યાત્રિકો ખૂબ જ ઉત્સાહમાં હોય છે. ઈશ્વરની નજીક જઈ રહ્યાનો આનંદ દરેકનાં ચહેરા ઉપર દેખાય છે. પંચતરણીથી ૩ કિમીનાં રસ્તે સતસિંગપડી નામનું સ્થળ છે. ત્યાં બાલતાલ તરફથી આવતો ટુંકો માર્ગ મળે છે. પંચતરણીની ગુફા તરફ જતો રસ્તો બર્ફીલો અને પ્રમાણમાં સાંકડો છે. વચ્ચે હીમનદી પણ આવે છે. પંચતરણીથી ગુફા તરફ જતા છેલ્લો પહાડ ભૈરવઘાટી આવે છે. આ ભૈરવભાટી પરિક્રમા બાદ ગુફા સુધી પહોંચાઈ છે. ગુફા નજીક પહોંચતા પહેલા અમરગંગા નદી આવે છે. અમરગંગાનાં અતી ઠંડા જળમાં સ્નાન કરી પછી જ યાત્રિકો દર્શન માટે આગળ વધે છે. ગુફા સુધી પહોંચવા માટે ૩૦૦ પગથીયા ચડવા પડે છે. અહી એસટીડીની વ્યવસ્થા, દવાખાનાની વ્યવસ્થા તથા આર્મીની સુરક્ષા ખૂબ જ સરસ છે. હજારો વર્ષથી ગુફામાં શિવલિંગ એક સ્થાન ઉપર થાય છે. શાસ્ત્ર વેદ પુરાણમાં જણાવ્યા મુજબ રૂદ્રનું સ્થાન ઈશાનમાં હોય છે. ગુફા પણ ઈશાન દિશામાં છે અને ગુફામાં શિવલિંગ પણ ઈશાન ખુણામાં સ્વયંભુ પણે બને છે. શિવલિંગ મોટું કે નાનું હોવાનો આધાર ચંદ્રની કળા ઉપર છે. યાત્રિકોનાં આવવા જવાથી ધુપ દીવાથી ગરમીને કારણે શિવલિંગ પીગળવા માંડે છે. દર વર્ષે હજારો યાત્રિકો અહી દર્શાનો લાભ લે છે. શિવલિંગની સાથે સાથે કબુતરોની જોડીનાં પણ દર્શન થાય છે. ગુફામાં એક સાથે ૩૦૦ યાત્રિક દર્શન કરી શકે છે તેમ માનવામાં આવે છે. અમરનાથ ગુફાની શોધ બાબતમાં ભીન્ન-ભીન્ન અભિપ્રાય છે. એક કથા મુજબ બુટા મલીક નામનો ભરવાડ બકરી ચરાવતા એક એવી જગ્યાએ પહોંચી ગયો ત્યાં તેને સાધુનાં દર્શન થયા, તે સાધુએ તેને થોડા કોલસા આપ્યા તેમણે એ કોલસા ઘરે જઈને જોયા તો સોનું બની ગયેલ, સાધુની શોધમાં ગુફા સુધી પહોંચી થયો અને ગુફાની શોધ થઈ, પરંતુ સાધુ ન મળેલ આ અન્ય પણ દંતકથા છે.

**છડી મુબારક :** શ્રીનગરમાં દશનામી અખાડો છે. ત્યાં બાબાની છડી તથા ત્રિશુલ રહે છે. અહી ભારતભરનાં સાધુ મહાત્મા અમરનાથ યાત્રા માટે એકત્ર થાય છે. શ્રાવણ સુદ આઠમને દિવસે લાલચોકમાં છડીની પૂજા થયા બાદ સરકારી બંદોબસ્ત નીચે છડી મુબારક છડી સાથે સરઘસ નીકળે છે. મોટી સંખ્યામાં યાત્રિકો અને સાધુ-સંતો આ સરઘસમાં જોડાય છે. પહેલગામ, ચંદનવાડી, શેષનાગ, પંચતરણી થઈ છડી અમરનાથ પહોંચે છે. ત્યાં પૂજન થયા બાદ યાત્રા પૂર્ણ જાહેર કરવામાં આવે છે. અમરનાથ યાત્રામાં છડી મુબારકનું ખૂબ જ મહત્વ છે. અમરનાથ યાત્રામાં છડી મુબારકની જેમ ઘંટ મુબારક યાત્રા સરઘસ પણ જોવા મળે છે. આર્મીની અલગ-અલગ રેજીમેન્ટ દ્વારા માનતા કરવામાં આવે છે અને યાત્રાનાં સમય દરમ્યાન એક વિશાળ ઘંટને પાલખીમાં ફીટ કરી ગુફાએ લઈ જવામાં આવે છે અને ત્યાં લટકાવવામાં આવે છે.

અમરનાથ જવા માટે પહેલગામ રૂટની જેમ એક ટુંકો રૂટ બાલતાલથી છે. શ્રીનગરથી ૧૨૦ કિમીનાં અંતરે બાલતાલ આવે છે. અહીનું વાતાવરણ ખૂબ જ સુંદર છે. પર્વતની ઘાટી વચ્ચે આવેલ આ સ્થળ આર્મીનું મેઈન સેન્ટર છે. બાલતાલમાં ભોજનની વ્યવસ્થા માટે ભંડારા હોય છે અને બાલતાલનાં ભંડારા સૌથી સારા ગણવામાં આવે છે. અહી ટેન્ટની પણ વ્યવસ્થા ઘણી સારી છે. અહીથી ગુફાનો પેદલ રસ્તો ૧૨ કિમી છે. ચાલવામાં મુશ્કેલી આવે એવા આ રસ્તે એક દિવસમાં દર્શન થઈ શકે છે. અમરનાથ યાત્રામાં સેનાનું મહત્વ ખૂબ જ છે. અમરનાથ યાત્રામાં સેનાનું મહત્વ ખૂબ જ છે. સેનાનાં રક્ષણ વગર આ યાત્રા અસંભવ બની જાય છે. આખાય માર્ગ ઉપર રસ્તાની બંને બાજુ અર્ધસૈનીક દળ અને સેનાનાં જવાનો ખડેપગે યાત્રિકોની સંભાળ લે છે. દરેક કેમ્પ ઉપર તેમજ રસ્તામાં પણ શંકા પડે ત્યારે યાત્રિકોનો સામાન ચેક કરવામાં આવે છે. શેષનાગ, પંચતરણી, બાલતાલ વગેરે જગ્યાએ આર્મીનાં બેઝ કેમ્પ હોય છે. સૈનીકો યાત્રિકોની પુરી મદદ કરે છે. તેઓનો વ્યવહાર પણ ખૂબ જ સરળ હોય છે. વાહનની મુસાફરી સમયે વાહનનાં કાફલાની આગળ અને પાછળ આર્મીની ગાડી રહે છે. આર્મીની સાથે દાકતરી સારવારની પણ ખૂબ જ સુંદર વ્યવસ્થા કરવામાં આવે છે. અમરનાથ યાત્રા દરમ્યાન આજુબાજુનાં સ્થળમાં ખાસ કરીને વૈશ્નોદેવીની પ્રખ્યાત ગુફા છે. જે જમ્મુથી ૫૦ કિમી દુર કટરા આવેલ છે. ત્યાંથી ચાલીને કે ઘોડા ઉપર વૈશ્નોદેવી જવાય છે. જેના ૧૪ કિમી છે. પહેલગામથી શ્રીનગર ૧૭૩૦ ફુટની ઉંચાઈએ ૯૮ કિમી દુર છે. ત્યાં રહેવા માટે હોટેલ, હાઉસબોટ વગેરે હોય છે. જેલમ નદીનાં કાંઠે વસેલ આ શહેર જ ખરેખર કાશ્મીર છે. ત્યાંથી સાઈટસીન માટે ગુલમર્ગ, સોનમર્ગ જઈ શકાય છે.

**અમરનાથ માટે આટલું કરશો :** યાત્ર શરૂ કરો છો ? પીપરમેન્ટ, પાણી, લાકડી, રેઈનકોટ વગેરે ચેક કરી લીધુ ? ખૂબ ઠંડી લાગે છે ? તો સુંઠનો પાવડર છાતી, પીઠ, હાથ, પગનાં પળીયા ઉપર લગાવો. રસ્તામાં ભુખ લાગે છે ? તો પીપરમેન્ટ, બીસ્કીટ જ ખાવ. રાત્રી રોકાણ કરતી વખતે શરીરનાં બધા જ ભાગો ઢંકાયેલા રહે તેવી રીતે ગરમ કપડા પહેરીને સુઓ. ઘોડા, ટટ્ટુ, પીઠુ રાખ્યા હોય તો તેનાં આઈકોર્ડ લઈ લેવા અને યાત્રા પુરી થયા બાદ જ પરત આપશો. યાત્રાનાં માર્ગે પગપાળા તમે ટેકી બાજુ જ ચાલો, પાછળથી હોસ હોસ અવાજ આવે તો ઘોડાને જવા માટે જગ્યા આપો. યાત્રા દરમ્યાન રેઈનકોટ, સ્વેટર તમારી પાસેજ રાખો અથવા પહેરેલા રાખો. ગુફા માટે પ્રસાદ, બીલીપત્ર, ખારેક, બદામ, સાકર વગેરે ઘરેથી તૈયાર કરી નીકળો. તમારૂ ઓળખપત્ર સાથે રાખો, તમારા સામાન ઉપર નામ, સરનામાનાં સ્ટીકર લગાવો. દરેક સ્થળે રહેવા માટે તંબુ, મેડીકલ ટેન્ટ છે જ. વરસાદી વાતાવરણ સમયે ઘોડાવાળા, પીઠુને પુછો, તેમનો અનુભવ કામે લો. કપુર ગોટી, સુંઠ ગોળી લેવાનું ભુલતા નહી. ગરમી થાય તો પણ હાથનાં મોજા, સ્વેટર, કાન-ટોપી કાઢતા નહી. રસ્તામાં ઘી વાળો ભારે ખોરાક, શીરો-જલેબી ઓછું ખાવાનું રાખો. બેટરી, બુટ, સ્વેટર, પહેર્યા વગર રાત્રે નીકળો નહી. મજુર, ઘોડાવાળાને પોર્ટ પેમેન્ટ પણ આપશો નહી. તેમને જમવા માટે માંગે તો ૨૦-૨૫ રૂપિયા આપો. વધુ નાસ્તો કે ખાવાનું સાથે જ રાખો. રસ્તામાં બધુ મળે જ છે. પીવાનું પાણી સાથે રાખો. ઝરણાનું પાણી ભારે હોય છે. રસ્તામાં ઝરણાનું પાણી ન પીવું. રસ્તામાં પડેલી કોઈપણ ચીજને અડકશો નહી. બહેનો સાડી પહેવારનું ટાળે, ડ્રેસ પહેરવો. વરસાદમાં બહાર ન નીકળવું. બરફવાળા આડા રસ્તે ચાલશો નહી. રસ્તામાં ખોટો ખર્ચ કરવાનું ટાળો. આપને સમાચાર આપવાના છે તો તમારા સંપર્ક નંબર આપી જૂનાગઢનાં સંપર્કોનાં નંબર ડાયલ કરો.

**સંકલન : અશ્વીન એ. મણીયાર**

**સૌજન્ય : અમરનાથ યાત્રીક મંડળ, બાબા બરફાની ચેરીટેબલ ટ્રસ્ટ, જૂનાગઢ.**

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

આત્મગૌરવ ખોઈનાખનારનું જીવન મૃત્યુ સમાન છે.

- ભર્તૃહરિ

## : આજનું પંચાંગ :


વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૪, પા.બહમન-૧૩૯૧, મુ. જિલ્કાદ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૮, જયેષ્ઠ વદ-૩૦ દર્શ અમાવસ્યા, અમાસની વૃધ્ધિ છે તા.૨૮ જુન ૨૦૨૨, મંગળવાર, પારસી તા.૧૭, મુસ્લિમ તા.૨૮, મૃગશીર્ષ નક્ષત્ર, વજ્ર યોગ, ચતુષ્પાદ કરણ, સૂ.ઉ.૬:૦૮, સૂ.અ.૭:૪૦ આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : આર્થિક સમસ્યા હળવી બને. અગત્યના કાર્યમાં સાફળતા મળે.
વષભ: મનમાં અશાંતિ રહે. મનની મુરાદ બર ન આવે.
મિથુન: નવિન આયોજનો સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય સાંભાળવું.
કર્ક : કાર્યોમાં વિલંબથી સાફળતા મળે. પરિવારજનોમાં વાદ-વિવાદ થાય.
સિંહ: ખર્ચ પર કાબુ રાખવો. ચિંતાનો ઉકેલ મળે.
કન્યા: મનમાં વ્યગ્રતા રહે. જીવનસાથીના આરોગ્ય અંગે સાંભાળવું.
તુલા : અણધારી આફત આવી પડે. મનમાં ચંચળતા રહે.
વૃશ્ચિક : અણધાર્યો ધન લાભ થાય. ભાગીદારીથી ચેતતા રહેવું.
ધન : કાર્યબોજ વિશેષ રહે. નાણાંભીડ અનુભવાય.
મકર : સાફળતા માટે મહેનત કરવી પડે. નવિન ખરીદી થાય.
કુંભ : મિલ્કત-વાહનોનો લગતા પ્રશ્નો હલ થાય. વ્યર્થ ક્રોધ ટાળવો.
મીન : પરિશ્રમનું શ્રેષ્ઠ ફળ મળે. અધિકારીથી લાભ થાય.

## કેમ ભણશે ગુજરાત ? પ્રાથમિક સ્કૂલોમાં ૧ હજાર શિક્ષકોની જગ્યાઓ ખાલી



(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ તા.૨૮

ગુજરાતની ૩૨ હજારથી વધુ પ્રાથમિક શાળાઓમાં મુખ્યમંત્રી સહિત કેબિનેટ મંત્રીઓ અને અધિકારીઓએ બાળકોને પ્રવેશ અપાવ્યો હતો. આ પ્રવેશોત્સવમાં બાળકોને દફતર, પુસ્તકો સહિતની વસ્તુઓ ગિફટમાં આપવામાં આવી હતી. બાળકો હવે સ્કૂલમાં જશે ત્યારે તેમને ભણાવનાર શિક્ષકો જ નહી હોય તો બાળકો ભણશે કેવી રીતે ? રાજયની પ્રાથમિક અને ગ્રાન્ટેડ સ્કૂલોમાં છેલ્લા પાંચ વર્ષથી એક હજાર જેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી પડી છે. આ જગ્યાઓ કયારે ભરાશે તેની ઉપર પણ સવાલો ઉભા થયા છે.

# વિદ્યાર્થીઓ, યુવાનોએ લોકશાહીનું મહત્ત્વ સમજવું જોઈએ : ભારતના મુખ્ય ન્યાયાધીશ એન.વી. રમન્ના

નવી દિલ્હી તા.૨૮

ભારતના મુખ્ય ન્યાયાધીશ એનવી રમન્નાએ કહ્યું છે કે દેશના દરેક લોકો, ખાસ કરીને વિદ્યાર્થીઓ અને યુવાનોને લોકશાહીનું મહત્વ સમજવું મહત્વપૂર્ણ છે. તેમણે આ ટિપ્પણી ન્યૂયોર્કની કોલંબિયા યુનિવર્સિટીમાં પોતાના પ્રવચન દરમ્યાન કરી હતી. કોલંબિયા યુનિવર્સિટીમાં બોલતા, CJIએ ટિપ્પણી કરી હતી કે, મારા દેશની અત્યાર સુધીની ૭૫ વર્ષની લાંબી સફર લોકશાહીની શક્તિનો પુરાવો છે. માટે જરૂરી છે કે લોકો, ખાસ કરીને વિદ્યાર્થીઓ અને યુવાનો લોકશાહીનું મહત્વ સમજે. યુવાનોની ભાગીદારીથી જ લોકશાહીને ટકાવી શકાય છે. યુવાનોની સક્રિય ભાગીદારી દ્વારા જ લોકશાહીને ટકાવી શકાય છે અને તે મજબૂત થઈ શકે છે. માત્ર સાચી લોકશાહી વ્યવસ્થા જ વિશ્વમાં સ્થાયી શાંતિનો પાયો બની શકે છે. CJI એ બી.આર.આંબેડકરને પણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ન્યૂયોર્કમાં કોલંબિયા યુનિવર્સિટીની મુલાકાત લેતી વખતે, સીજેઆઈએ બી આર આંબેડકરને પણ શ્રદ્ધાંજલિ આપી હતી, જેઓ આ યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા. તેમણે યુનિવર્સિટીની લાયબ્રેરી બિલ્ડીંગમાં આવેલી ડો. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમણે કહ્યું કે, ઘણા વર્ષો પહેલા, ડો. બી.આર. આંબેડકર આ મહાન શિક્ષણ સ્થાનના કોરિડોરમાંથી પસાર થયા હતા. આજે મને તેમના પગલે ચાલવાનું સન્માન મળ્યું છે. તે મારા માટે ભાવનાત્મક ક્ષણ છે. મારી પાસે તેમના જેવી વિશેષાધિકૃત પૃષ્ઠભૂમિ નથી. CJI રમનાએ કહ્યું કે, હું એ સામાન્ય ખેડૂતનો પુત્ર છું. હું પરિવારમાં એવી પ્રથમ વ્યક્તિ છું જેણે યુનિવર્સિટીનું શિક્ષણ મેળવ્યું છે. અને આજે, હું અહી ભારતના મુખ્ય ન્યાયાધીશ તરીકે આવ્યો છું. ભારતના સૌથી પ્રગતિશીલ અને ભવિષ્યવાદી બંધારણને કારણે આવું શક્ય બન્યું છે જે બી આર આંબેડકરના નેતૃત્વમાં ઘડવામાં આવ્યું હતું. હું અને મારા જેવા લાખો લોકો આ સ્વપ્નદૃષ્ટાનો કાયમ ઋણી રહીશું. ઈતિહાસના પુસ્તકો ભારતના આ બંધારણને શ્રેય આપશે. જ્યારે ભારતના યુવા પ્રજાસત્તાકની પરિવર્તન યાત્રા ઈતિહાસના પુસ્તકોમાં નોંધવામાં આવશે, ત્યારે ભારતના બંધારણ અને લોકોના તેનામાં વિશ્વાસને શ્રેય આપવામાં આવશે. તેમણે કહ્યું કે, આ સંસ્થામાં આજે અહીં ઉપસ્થિત રહેવું મારા માટે સન્માનની વાત છે, જેણે આંબેડકર સહિત અનેક વિશ્વ નેતાઓને પેદા કર્યા છે. તેઓ આધુનિક ભારતના સ્થાપકો પૈકી એક હતા. તેમના જીવને ભારતીયોની અનેક પેઢીઓને તેમના પોતાના મૂલ્ય અને ઓળખમાં વિશ્વાસ કરવા પ્રેરણા આપી છે.

# નિવારક અટકાયત કાયદા હેઠળની સત્તાનો નિયમિત રીતે ઉપયોગ કયારેય કરી શકાય નહીં : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા.૨૮



સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, નિવારક અટકાયત કાયદા હેઠળની સત્તાઓ અપવાદરૂપ છે અને તેનો નિયમિત રીતે ઉપયોગ કરી શકાતો નથી કારણ કે, તે વ્યક્તિની સ્વતંત્રતા પર સખત પ્રહાર કરે છે. ગયા વર્ષે ઓકટોબરમાં તેલંગાણામાં બે વ્યક્તિઓની અટકાયતના આદેશ અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા આ અવલોકન કરવામાં આવ્યું હતું. આ બે વ્યક્તિઓ સોનાની ચેઈન સ્નેચિંગના ગુનામાં સંડોવાયેલા હોવાના આધાર ઉપર પોલીસ કમિશ્નર રાચકોંડા કમિશનરેટ દ્વારા અટકાયતનો આદેશ આપવામાં આવ્યો હતો, જેમાં ભોગ બનેલી મોટાભાગની મહિલાઓ હતી. જસ્ટિસ સી.ટી. રવિકુમાર અને સુધાંશુ ધુલિયાની વેકેશન બેન્ચે નોંધ્યું હતું કે જો કે, સત્તાધિકારી અનુસાર, અટકાયતીઓ ૩૦થી વધુ કેસોમાં સંડોવાયેલા હતા, પરંતુ ચેઈન સ્નેચિંગના માત્ર ચાર કેસોને અટકાયત માટેનું કારણ માનવામાં આવે છે, કારણ કે અન્ય કેસ હોવાનું નોંધાયું હતું. સર્વોચ્ચ અદાલતે એ પણ નોંધ્યું હતું કે ગયા વર્ષે ૬ મે અને ૨૬ જુલાઈ વચ્ચેના બે મહિનાના ગાળામાં આ ચાર કેસોમાં ગુનાઓ કથિત રીતે આચરવામાં આવ્યા હતા અને બંને અટકાયતીઓને આ કેસોમાં મેજિસ્ટ્રેટ દ્વારા જામીન આપવામાં આવ્યા હતા. બેન્ચે જણાવ્યું હતું કે, નિવારક અટકાયત કાયદા હેઠળ ઉપયોગમાં લેવાતી સત્તાઓ અસાધારણ સત્તાઓ છે જે અસાધારણ પરિસ્થિતિમાં તેના ઉપયોગ માટે સરકારને આપવામાં આવી છે કારણ કે, તે વ્યક્તિની સ્વતંત્રતા ઉપર સખત પ્રહાર કરે છે અને તેથી તેનો નિયમિત રીતે ઉપયોગ કરી શકાતો નથી. સર્વોચ્ચ અદાલતે ૨૨ જૂનના રોજ અટકાયતીઓની પત્નીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી બે અલગ-અલગ અરજીઓ ઉપર આ આદેશો આપ્યા હતા. અરજદારોએ આ વર્ષે ૨૫ માર્ચે તેલંગાણા હાઈકોર્ટના આદેશને પડકાર્યો હતો, જેણે નિવારક અટકાયત સામેની તેમની અરજીઓને ફગાવી દીધી હતી. તેના આદેશમાં સર્વોચ્ચ અદાલતે નોંધ્યું હતું કે, અટકાયત કાયદાની જોગવાઈઓને યોગ્ય ઠેરવતા સત્તાધિકારી દ્વારા સોંપવામાં આવેલ છે તેનું એક કારણ એ હતું કે અટકાયતીઓને તમામ ચાર કેસોમાં જામીન આપવામાં આવ્યા હતા અને તેઓ સમાન ગુનામાં સંડોવાયેલા હોવાની શકયતા હતી. આ ચારેય કેસમાં જામીન શા માટે મંજૂર કરવામાં આવ્યા હતા તેનું કારણ આપવામાં આવ્યું નથી. આ ચારેય કેસમાં પ્રોસિક્યુશનની અસમર્થતાને કારણે જામીન મંજૂર કરવામાં આવ્યા હતા, જેણે તેની તપાસ સમયસર પૂર્ણ કરી ન હતી. પોલીસ દ્વારા તમામ કેસમાં ૬૦ દિવસના નિયત સમયગાળામાં ચાર્જશીટ દાખલ કરવામાં ન આવતાં જામીન આપવા પડ્યા હતા. આ રીતે આ દોષ પ્રોસિક્યુશનનો છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, બે વ્યક્તિઓ સામે આ કેસમાં નિવારક અટકાયત વાજબી નથી. હકીકતમાં આ કોર્ટના તાજેતરના નિર્ણયમાં કોર્ટે તેલંગાણા રાજયમાં નિવારક અટકાયત કાયદાના નિયમિત અને ગેરવાજબી ઉપયોગ અંગે અવલોકન કરવું પડ્યું હતું. બેન્ચે નોંધ્યું હતું કે અટકાયતના આદેશમાં કહેવામાં આવ્યું છે કે, આ ગુનાઓ ધોળા દિવસે આચરવામાં આવ્યા હતા અને આમ જનતાના મનમાં, ખાસ કરીને મહિલાઓમાં ભય અને ગભરાટ ઊભો થયો હતો અને તેથી જાહેર વ્યવસ્થા જાળવવા માટે સરકારે દખલ કરવી પડી હતી. આ અપીલને મંજૂરી આપતી વખતે ખંડપીઠે અટકાયતના આદેશ તેમજ હાઈકોર્ટના આદેશને રદ કર્યો હતો અને કહ્યું હતું કે, અટકાયતીઓને અન્ય કોઈ કેસમાં જરૂરી નહોય તો તરત જ મુક્ત કરવામાં આવે.

# જરૂર પડતાં મર્યાદિત સમયમાં ઈચ્છિત કાર્યવાહી કરવામાં સક્ષમ છે ભારતીય વાયુસેના : એર ચીફ માર્શલ

નવી દિલ્હી તા.૨૮

એર ચીફ માર્શલ વી.આર. ચૌધરીએ કહ્યું કે ભારતે અસ્થિર પશ્ચિમ અને ઉત્તર સરહદની સ્થિતિને "બે મોરચા" તરીકે જોવી જોઈએ અને તે મુજબ તૈયારી કરવી જોઈએ. તેમણે ચીન અને પાકિસ્તાનના બેવડા સૈન્ય ખતરાથી ઉભા થયેલા સંભવિત પડકારોનો ઉલ્લેખ કરતા આ વાત કહી. મીડિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં વાયુસેનાના વડાએ કહ્યું કે ભવિષ્યમાં ભારત પર તમામ મોરચાથી હુમલો થઈ શકે છે જેમાં સૈન્ય ગતિરોધથી લઈને દુષ્પ્રચાર અને બ્લેકઆઉટ પણ સામેલ છે. એવામાં ભારતના સુરક્ષા સિદ્ધાંત અને ક્ષમતાઓએ આ આશંકાઓનો મુકાબલો કરવામાં સક્ષમ થવું જોઈએ. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું યુક્રેન સામે રશિયાની આક્રમકતા ચીનને વાસ્તવિક નિયંત્રણ રેખા ઉપર વધુ આક્રમક વલણ અપનાવવા માટે પ્રોત્સાહિત કરશે? ત્યારે તેમણે કહ્યું કે વૈશ્વિક ઘટનાઓ અને ભૌગોલિક રાજકીય ઘટનાક્રમોથી ભારત-ચીનના સંબંધોને થનારી અસરનું સતત



વિગતવાર મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે એક રાષ્ટ્ર તરીકે આપણે આપણા વર્તમાન અને ભવિષ્યના જોખમોને સચોટ રીતે ઓળખવાની જરૂર છે, જેથી તેનો સામનો કરવા માટે જરૂરી ક્ષમતા વિકસાવી શકાય. પૂર્વ લદાખમાં સરહદે ગતિરોધ વચ્ચે ચીન દ્વારા એલએસી નજીક ઝડપથી હવાઈ સંસાધન તહેનાત કરવાના સવાલ પર તેમણે કહ્યું કે એરફોર્સ જરૂર પડતાં મર્યાદિત સમયમાં ઈચ્છિત કાર્યવાહી કરી શકે છે.

# બદનક્ષી કર્યા વિના FIR અને કોર્ટના કેસોનો અહેવાલ આપવાનો મીડિયાને અધિકાર છે : બોમ્બે હાઈકોર્ટ

નાગપુર, તા.૨૮

બોમ્બે હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં, બદનક્ષીની કાર્યવાહી વિના પોલીસ દ્વારા પ્રથમ માહિતી અહેવાલો (એફઆઈઆર) અને અદાલતોમાં દાખલ કરાયેલા કેસોની નોંધણીની જાણ કરવાના મીડિયાના અધિકારોને સમર્થન આપ્યું છે. પ્રેસની સ્વતંત્રતા અને મીડિયા દ્વારા પ્રસારિત થતી માહિતીના મહત્ત્વ ઉપર ભાર મૂકતા, કોર્ટની નાગપુર ખંડપીઠના ન્યાયાધીશ વિનય જોશીએ ૨૦૧૮માં લોકમત મીડિયા પ્રાઈવેટ લિમિટેડ ચર્મન વિજય દર્ડા અને એડિટર-ઈન-ચીફ રાજેન્દ્ર દર્ડા સામે દાખલ કરાયેલ માનહાનિના કેસને રદ કર્યો હતો. આ ચુકાદો યવતમાલના રવિન્દ્ર જી. ગુપ્તા દ્વારા દાખલ કરવામાં આવેલા બદનક્ષીના દાવા ઉપર આપવામાં આવ્યો હતો, જેનું પ્રતિનિધિત્વ વકીલ નીતિન લાંબટ દ્વારા કરવામાં આવ્યું હતું, જેઓ લોકમતની ૨૦ મે, ૨૦૧૬ની આવૃત્તિમાં પ્રકાશિત થયેલા અહેવાલથી નારાજ હતા, અને તેઓએ દલીલ કરી હતી કે આ ખોટા સમાચાર છે અને તે તેઓને અપમાનિત કરવા અને સમાજમાં તેનું સન્માન ઘટાડવાના એકમાત્ર ઈરાદા સાથે કરવામાં આવ્યું હતું. ન્યાયમૂર્તિ જોશીએ ૨૦ જૂને આપેલા તેમના ચુકાદામાં જણાવ્યું હતું કે, અરજદારો બદનક્ષીભર્યા સમાચારના પ્રકાશનથી ચિંતિત હતા તે દર્શાવવા માટે તેમની પાસે કોઈ સામગ્રી નથી. તેમણે નોંધ્યું હતું કે અખબારમાં જે કંઈ પણ પ્રકાશિત થયું હતું તે ગુપ્તા વિરૂદ્ધ નોંધાયેલી એફઆઈઆર ઉપર આધારિત હતું, જેને બદનક્ષી કહી શકાય નહીં. બદનક્ષીનો ગુનો ત્યારે જ બને છે જ્યારે તે બે આવશ્યકતાઓને પૂર્ણ કરતો હોય, એક એ કે આ પ્રકાશન માત્ર ખોટું હોવું જોઈએ, અને બીજું, તે વ્યક્તિની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના હેતુ માટે હોય. જસ્ટિસ જોશીએ નોંધ્યું હતું કે દૈનિક અખબારો ગુનાના સમાચારો, એફઆઈઆરની નોંધણી, કોર્ટમાં કેસ દાખલ કરવા, તપાસની સ્થિતિ, ધરપકડ વગેરેના અહેવાલ આપે છે જે સમાચાર હોય છે જે લોકોને જાણવાનો અધિકાર છે. જો કે, કેસોની નોંધણી પરના સચોટ અહેવાલને "બદનક્ષી" તરીકે ગણાવવું એ તપાસ ઉપરના અહેવાલને માત્ર અંતિમ પરિણામ સુધી મર્યાદિત કરવા સમાન છે, જે ઘટનાઓ અંગે



જાણવાના લોકોના અધિકારને વંચિત કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો, જાહેર ડોમેનમાં હોય તેવી બાબતો અંગે સાચા અહેવાલ આપવા એ સ્વતંત્રતાનો એક અધિકાર છે, જે વાણીની સ્વતંત્રતા છે. સાચા અને વિશ્વાસુ રિપોર્ટિંગ વિશે બદનક્ષીની કલ્પના કરવી એ લોકશાહી સેટઅપ માટે અનિચ્છનીય છે. ન્યાયાધીશે લોકોના મનને પ્રભાવિત કરવા માટેની પ્રેસની સત્તા વિષે પણ વાત કરી હતી અને કહ્યું હતું કે, તેથી અખબારમાં કંઈપણ પ્રકાશિત કરવા માટે જવાબદાર વ્યક્તિ દ્વારા યોગ્ય કાળજી લેવી જરૂરી છે. તેમાં કોઈ શંકા નથી કે, અફવાઓ સાથેના સમાચારોનું પ્રકાશન એ પત્રકાર માટે ઘાતક છે, આજે અનેકવાર વિકૃત સમાચાર પણ પ્રકાશિત કરવામાં આવે છે.

# ★ વૈશ્વિક ખાદ્યાન્ન સંકટનો મુદ્દો ઘેરો બનતો જાય છે ★

તાજેતરમાં WTO હેડક્વાર્ટર સ્વિટ્ઝર્લેન્ડના જીનીવા ખાતે યોજાયેલી વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO)ની ૧૨મી મિનિસ્ટ્રીયલ કોન્ફરન્સ (MC12) દરમ્યાન વેપાર સંગઠનના સભ્યો કોવિડ-૧૯ રસીઓ માટે TRIPS (ટ્રેડ રિલેટેડ એસ્પેક્ટ્સ ઑફ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ) માફી, મહામારીનો સામનો, માછીમારી સબસિડી, કૃષિ, અન્ન સુરક્ષા તેમજ WTOના સુધારા અને તેની ભાવિ કાર્ય પ્રાથમિકતાઓ જેવા મુદ્દાઓ ઉપર ચર્ચા થઈ. WTOના ડાયરેક્ટર-જનરલ ન્ગોઝી ઓકોન્જો-ઈવેલાએ જણાવ્યું હતું કે વિશ્વ હાલમાં મહામારી, ખાદ્યપદાર્થોની અછત, જળવાયુ પરિવર્તન અને પ્રાદેશિક સંઘર્ષો જેવા અનેક સંકટનો સામનો કરી રહ્યું છે, અને તેમણે તમામ દેશોને આ મુશ્કેલીઓના હલ માટે સાથે મળીને કામ કરવા વિનંતી કરી છે. ‘કોઈ પણ દેશ આ કટોકટીને પોતાની મેળે હલ કરી શકે તેમ નથી. આ એવો સમય છે જ્યારે સમગ્ર વિશ્વએ સાથે મળીને કામ કરવાની જરૂર છે’ તેમ તેમણે ઉમેર્યું હતું.

WTOની બેઠકમાં ચર્ચાનો સૌથી મહત્વનો મુદ્દો ખાદ્યાન્ન સંકટનો બની રહ્યો. પચાસ જેટલા દેશોએ ખાદ્ય કટોકટી અંગે વહેલી તકે ચર્ચા કરી તેનો નિવેડો લાવવા દરખાસ્ત મોકલી છે. આ દેશો આયાતી અનાજ ઉપર નિર્ભર છે ત્યારે તેમના દેશોમાં ભયંકર ભૂખમરાનું સંકટ તોળાઈ રહ્યું છે. તેમની પાસે લોકોને ખવડાવવા માટે પર્યાપ્ત માત્રામાં અનાજ નથી. રશિયા-યુક્રેન યુદ્ધ પહેલાથી જ ઘણા દેશો વધતી જતી ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી રહ્યા હતા. ક્લાઈમેન્ટ ચેન્જ, દેશો વચ્ચેના ઘર્ષણ અને કોવિડ-૧૯એ પુરવઠા ચેઈનમાં વિક્ષેપ ઊભા કર્યા હતા, જેનાથી કોમોડિટીઝ અને પાક બંનેના ભાવમાં વધારો થયો હતો. યુક્રેનના યુદ્ધે આ પરિસ્થિતિને વધુ ગંભીર બનાવી દીધી છે. વિશ્વ બેંકના જણાવ્યા અનુસાર જાન્યુઆરી ૨૦૨૧ની સરખામણીમાં ૧ જૂન, ૨૦૨૨ સુધીમાં કૃષિ ભાવ સૂચકાંક ૪૦ ટકા વધુ હતો. જાન્યુઆરી ૨૦૨૧ના સ્તરથી મકાઈ અને ઘઉંના ભાવ અનુક્રમે ૪૨ ટકા અને ૬૦ ટકા વધ્યા છે. આ વરસે વૈશ્વિક ખાદ્ય, ઈંધણ અને ખાતરના ભાવમાં તીવ્ર વધારો થવાનો અંદાજ છે અને તે ૨૦૨૪ સુધી ઊંચો જ રહેશે એવો વિશ્વ બેંકનો અંદાજ છે. વિશ્વની લગભગ તમામ અર્થવ્યવસ્થાઓ ખાદ્યપદાર્થોના ઊંચા ભાવથી પ્રભાવિત છે. સમગ્ર પશ્ચિમી જગતમાં અન્ન અને ઉર્જાના વધવા ભાવો સાથે જીવનજરૂરિયાતની ચીજોનો ખર્ચ કેવી રીતે કાઢવો એ પ્રશ્ન લોકોને પજવી રહ્યો છે. અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી જેનેટ યેલને સેનેટરોને જણાવ્યું હતું કે દેશ ‘ફુગાવાના સ્વીકારી ન શકાય એવા સ્તર’નો સામનો કરી રહ્યો છે જે આગામી વરસોમાં પણ યથાવત્ રહેશે. અમેરિકામાં ફુગાવાનો આંક પહેલેથી જ ૪૦ વર્ષની ટોચે પહોંચી ગયો છે. લગભગ ૯૦ ટકા ઊભરતાં બજારો અને વિકાસશીલ અર્થતંત્રોએ આ વરસે ખાદ્યપદાર્થોના ભાવમાં ફુગાવાનો પાંચ ટકા કરતા વધારે દર જોયો છે. ઓછી આવક ધરાવતા દેશો કે જેઓ ખાદ્યપદાર્થો માટે આયાત ઉપર નિર્ભર છે, તેઓને સૌથી વધુ અસર થઈ છે. યુએન વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP) મુજબ, ઈથોપિયા, નાઈજીરિયા, દક્ષિણ સુદાન અને યમન ‘આપત્તિજનક પરિસ્થિતિ’ના હાઈ એલર્ટ સ્તરે પહોંચી ગયા છે. આ યાદીમાં અફઘાનિસ્તાન અને સોમાલિયા ઉમેરાયા છે.

યુએન ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશનના અંદાજ મુજબ, વિશ્વની ઓછામાં ઓછી ૩૫ ટકા વસતી માટે ઘઉં મુખ્ય ખોરાક છે. FAO અનુસાર, લગભગ ૫૦ દેશો તેમના ઘઉંની આયાતના ૩૦ ટકા કરતાં વધુ માટે રશિયા અને યુક્રેન ઉપર નિર્ભર છે. અઝરબૈજાન અને જ્યોર્જિયા તો પોતાની ઘઉંની આયાતના ૮૦ ટકાથી વધુ માટે રશિયા-યુક્રેન ઉપર નિર્ભર છે તો તુર્કી, ઈજિપ્ત, બાંગ્લાદેશ અને લેબનોન પોતાના ૬૦ ટકાથી વધુ ઘઉં રશિયા-યુક્રેનથી આયાત કરે છે. ઘઉં ઉપરાંત, યુક્રેન વિશ્વનો આઠમો સૌથી મોટો મકાઈનો ઉત્પાદક અને ચોથો સૌથી મોટો મકાઈનો નિકાસકાર છે, જે મકાઈની વૈશ્વિક નિકાસમાં ૧૬ ટકા હિસ્સો ધરાવે છે. રશિયા અને યુક્રેન સાથે મળીને વિશ્વના ઘઉંના ચોથા ભાગથી વધુ પુરવઠાનો હિસ્સો ધરાવે છે. તેથી યુદ્ધ અને પ્રતિબંધોએ વિશ્વના ‘બ્રેડ બાસ્કેટ’ ક્ષેત્રને સ્પષ્ટપણે અસર કરી છે.



વૈશ્વિક ખાદ્યપદાર્થોની કિંમતો વધી રહી છે. યુક્રેન અને તેના સાથીઓએ રશિયા ઉપર ખોરાકને શસ્ત્ર બનાવવાનો આરોપ મૂક્યો છે, અને કહ્યું છે કે યુક્રેનના કાળા સમુદ્રના બંદરો પર તેની નાકાબંધી એ વધતી કિંમતોનું મુખ્ય કારણ છે, જ્યારે મોસ્કોએ કટોકટી માટે પશ્ચિમી પ્રતિબંધોને જવાબદાર ઠેરવ્યા છે. યુક્રેન ઉપર રશિયન આક્રમણ શરૂ થયું તે પહેલાં, મુખ્યત્વે કાળા સમુદ્ર/એઝોવના સમુદ્રમાં તેના બંદરો દ્વારા યુક્રેન પાસે એક મહિનામાં છ મિલિયન ટન ઘઉં, જવ અને મકાઈની નિકાસ કરવાની ક્ષમતા હતી. હવે, ઘણા યુક્રેનિયન બંદર શહેરો રશિયન નિયંત્રણ હેઠળ છે અને આ રીતે યુક્રેનમાંથી નિકાસ સ્થગિત થઈ ગઈ છે. જ્યારે પશ્ચિમી પ્રતિબંધોની અસર રશિયાની અનાજ અને ખાતરની નિકાસ ઉપર પડી છે.

યુક્રેનિયન સત્તાવાળાઓ અનુસાર, ૨૦ મિલિયન ટનથી વધુ અનાજ વેરહાઉસ અને કન્ટેનરમાં અટવાયું છે જેને વૈશ્વિક બજારોમાં લઈ જવાનો એકમાત્ર વ્યવહારૂં ઉકેલ એ છે કે કાળા સમુદ્રના માર્ગો ખુલ્લા કરવા. ઉપરાંત રશિયાએ અનાજ અને ખાતર બંનેની નિકાસ પણ વધારવી પડશે. આ માટે યુક્રેન અને રશિયા વચ્ચે કોઈ ડીલ થાય તો જ આ સમસ્યા હળવી બની શકે તેમ છે. રશિયા દરિયાઈ કોરિડોર ખોલવાના બદલામાં પ્રતિબંધોમાં રાહત માંગે છે. જોકે યુક્રેનને રશિયા ઉપર જરાય વિશ્વાસ નથી. જેથી અત્યાર સુધી તો આવી કોઈ દરખાસ્તને સફળતા મળી નથી. યુએન અને તુર્કી બંનેએ યુક્રેનિયન અને રશિયન અનાજની નિકાસ ફરી શરૂ કરવા ઉકેલ શોધવા માટે રશિયા સાથે વાટાઘાટો શરૂ કરી છે, પરંતુ હજુ સુધી કોઈ સફળતા પ્રાપ્ત થઈ નથી.

આ બધા વચ્ચે ભારત પાસે ઘઉંની નિકાસની મોટી તક હતી પણ સખત ગરમીએ દેશની ઘઉંની લણણીને મોટી અસર કરી છે. હીટ વેવને કારણે ભારતમાં ઘઉંનું ઉત્પાદન અપેક્ષા કરતાં ઓછું થવાની શક્યતા જોતાં સરકારે ઘઉંની નિકાસ ઉપર પ્રતિબંધની જાહેરાત કરી છે. જેના પગલે અનેક દેશોમાં ખાદ્યાન્ન સંકટનું જોખમ વધી ગયું છે. ભારત સરકારનો ઘઉંની નિકાસ ઉપર પ્રતિબંધનો નિર્ણય એવા સમયે આવ્યો હતો જયારે ભારત નવું બજાર શોધવા માટે એક વેપારી પ્રતિનિધિ મંડળને ૯ દેશોની યાત્રાએ મોકલવાની જાહેરાત કરવાનું હતું. થોડાક સમય પહેલા અમેરિકાના પ્રમુખ સાથેની મુલાકાતમાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે જો WTO ટ્રેડ નિયમોમાં ઢીલ આપે તો ભારત દુનિયાને ઘઉં ખવડાવી શકે તેમ છે. ભારતે ૨૦૨૧-૨૨માં વિક્રમી ૭૮ લાખ ટન ઘઉંની નિકાસ કરી છે. આ વર્ષે ખુલ્લા બજારમાં ઘઉંના ભાવ રેકર્ડ સ્તરે પહોંચતા સરકારી ખરીદીનો સ્ટોક સાત વર્ષના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો હતો. ભારતે ઘઉંની નિકાસ બંધ કરી દેતા તેના ઘેરા પ્રત્યાઘાતો વિશ્વમાં પડ્યા છે. જી-૭ દેશોના વિદેશમંત્રીઓની બેઠકમાં આ નિર્ણયની ટીકા કરવામાં આવી હતી. સરકારે હાલ નફા માટે થતી ઘઉંની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે જયારે આપત્તિમાં બીજા દેશોની મદદ માટે કરાતી નિકાસ ઉપર કોઈ પ્રતિબંધ નથી. ભારત માટે બીજો મુદ્દો ઘઉંની ગુણવત્તાનો પણ છે. હાલમાં જ તુર્કીએ ભારતના ઘઉં રિજેક્ટ કર્યા હતા.

# ઓખા-રાજકોટનો બારાઈ પરિવાર રાષ્ટ્રપતિજીનો મહેમાન બન્યો

**કોવિંદજી ભાજપના દ્વારકા ઓખાના પ્રભારી હતા ત્યારે મનસુખભાઈ બારાઈ સાથેનો પરિચય ગાઢ મિત્રતામાં પરિવર્તિત થયો હતોઃ સ્વ.મનસુખભાઈના પરિવારને રાષ્ટ્રાપતિ ભવનના મહેમાન બનાવી ત્રણ દિવસ VVIP ટ્રીટમેન્ટ આપી : રાજનૈતિક વ્યક્તિત્વનો સુખદ અનુભવ : રામનાથ કોવિંદજીએ સ્વ. મનસુખભાઈ બારાઈ સાથેની દોસ્તી વર્ષો બાદ પણ જાળવી રાખી**



(પ્રતિનિધિ દ્વારા)
રાજકોટ તા. ૨૮

રાષ્ટ્રપતિ પદ જેવા સર્વોચ્ચ સ્થાને પહોંચ્યા બાદ પણ જૂના દોસ્તોને યાદ કરવા એ રામનાથ કોવિંદની વિશેષતા છે. આ વિશેષતાનો અનુભવ તાજેતરમાં એક રઘુવંશી પરિવારને થયો હતો. મુળ દ્વારકા, હાલ રાજકોટના બારાઈ પરિવારને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદએ આમંત્રણ આપીને રાષ્ટ્રપતિ ભવનનામહેમાન બનાવ્યા હતાં. બારાઈ પરિવારે ત્રણ દિવસ દિલ્હીની વીવીઆઈપી મહેમાનગતી માણી હતી. મુળ દ્વારકા-ઓખા પંથકના અને હાલ રાજકોટ સ્થાયી થયેલા ભરતભાઈ બારાઈ તથા તેમના પુત્ર આલાપભાઈ અને સંગીતાબેન તથા ડો. માધવીબેને રાષ્ટ્રપતિ ભવનની મહેમાનગતી માણી હતી.

આ અકલ્પીનીય અવસર અંગે ભરતભાઈ બારાઈએ જણાવ્યું હતું કે, મારા પિતાશ્રી સ્વ. મનસુખભાઈ બારાઈ અને રામનાથજી કોવિંદ વચ્ચે વર્ષોથી ગાઢ મિત્રતા હતી. એ સમયે બારાઈ પરિવાર દ્વારકામાંસ્થાયી હતો. રામનાથ કોવિંદજી ભાજપની વિવિધ જવાબદારીઓના ભાગરૂપે ઓખા-દ્વારકા આવે ત્યારે પિતાશ્રીની મુલાકાત થતી હતી. આ ઓળખ ધીમે-ધીમે મિત્રતામાં પલટાઈ ગઈ. ભરતભાઈએ જણાવ્યું હતું કે, ૨૦૦૧ ની સાલમાં રામનાથ કોવિંદજી ભાજપના ઓખા-દ્વારકા પંથકના ભાજપના પ્રભારી બન્યા ત્યારથી પિતાશ્રી અને રામનાથજી વચ્ચેની મિત્રતા ગાઢ આત્મિયતામાં પલટાઈ ગઈ હતી. ભરતભાઈએ જણાવ્યું હતું કે, રામનાથજીએ બાદમાં રાજયપાલ પદ પ્રાપ્ત કર્યુ ત્યારે પણ મિત્રતાના સંબંધો અને નિયમિત સંપર્ક જાળવી રાખ્યો જ હતો. પિતાશ્રીના નિધનના દુઃખદ સમયે રામનાથજીએ રાષ્ટ્રપતિ પદેથી લાગણીસભર શોક સંદેશ પાઠવ્યો હતો. સામાન્ય અનુભવો છે કે, રાજનીતિમાં પદ ઊંચું થતું જાય તેમ જૂની ઓળખાણો લૂપ્ત થતી જતી હોય છે. રાષ્ટ્રપતિ રામનાથજી અસામાન્ય વ્યકિતત્વ ધરાવે છે. જૂના સાથીદારો-મિત્રો સાથે લાઈવ સંબંધ જાળવી રાખે છે. બારાઈ પરિવારની તો બીજી અને ત્રીજી પેઢી સાથે આત્મિયતાનો નાતો જાળવ્યો છે. મનસુખભાઈના નિધન બાદ ભરતભાઈ અને આલાપભાઈ સાથે પણ રાષ્ટ્રપતિજી આત્મિયતા ધરાવે છે.

ભરતભાઈએ જણાવ્યું હતું કે, રામનાથજી જયારે ગુજરાત આવ્યા ત્યારે અમને યાદ કર્યા છે. દીવ-ગાંધીનગર અમને મળવા બોલાવ્યા હતાં. દ્વારકા આવ્યા ત્યારે બારાઈ પરિવારના તમામ સ્વજનોને મળ્યા હતાં. ભરતભાઈ બારાઈ, તેમના પુત્ર આલાપભાઈ અને સંગીતાબેન તથા ડો. માધવીબેનને રાષ્ટ્રપતિ ભવનના ખાસ મહેમાન બનાવીને ત્રણ દિવસ વીવીઆઈપી ટ્રીટમેન્ટ આપી હતી. રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત સમયે ૩ દિવસ દિલ્હીના જોવા લાયક સ્થળો જેવા કે પ્રધાનમંત્રી સંગ્રહાલય, પ્રેસિડેન્ટ મ્યુઝીયમ, અક્ષરધામની મુલાકાત પણ કરાવી હતી.

રાષ્ટ્રપતિ સાથેની મુલાકાત દરમ્યાન આલાપભાઈ અને ભરતભાઈએ જલારામ બાપાની છબી અર્પણ કરી ત્યારે રાષ્ટ્રપતિજીએ તેઓની આરંભડા જલારામ મંદિરની મુલાકાતની યાદો પણ તાજી કરી હતી. દ્વારકા ઓખા પંથકમાં સ્વ. મનસુખભાઈ બારાઈ પરિવારનું બહુ મોટું નામ, પેટ્રોલ પંપો સહિત વિશાળ બિઝનેસ છતાં ફકત વેપારમાં ગળાડૂબ રહેવાને બદલે તેમના સામાજિક કાર્યો પણ ખુબ કર્યા છે. જમાડવાનો ખુબ શોખ, અને આની પાછળ કોઈ સ્વાર્થ નહીં, વજુભાઈ હોય કે વિજયભાઈ કે પછી વડાપ્રધાન નરેન્દ્રભાઈ વ્યકિતગત ઓળખે, આવી વિરલ વ્યકિતના પરિચયમાં હાલના રાષ્ટ્રપતિ રામનાથ કોવિદજી જયારે તેઓ ભારતીય જનતા પક્ષના દ્વારકા ઓખાના પ્રભારી હતા ત્યારે દ્વારકા આવતા, મનસુખભાઈ બીજેપી સાથે જોડાયેલ હોવાથી રામનાથ કોવિંદજી તેમના પરિચયમાં આવેલ, આ પરિચય મિત્રતામાં પલટાયેલા, જાજરમાન વ્યકિતત્વવ ધરાવતા સ્વ. મનસુખભાઈ ખુબ સંબંધો રાખે. રામનાથ કોવિંદજી પણ દ્વારકા આવવાનું થાય ત્યારે પ્રથમ તેમને ફોન કરે, રામનાથ કોવિંદજી ગવર્નર સહિત વિવિધ પદો ઉપર પહોંચ્યા પરંતુ તેમના વ્યવહારમાં કયારેય મોટાઈ ન આવી, રાષ્ટ્રપતિ બની ગયા બાદ પણ તેઓ સાથે સંબંધ યથાવત રહેલ. રાષ્ટ્રપતિજીને સ્વ.મનસુખભાઈ બારાઈ સાથે આત્મીય સંબંધો તો હતા જ પણ હવે તેઓને તેમના પરિવારજનો સાથે પણ લાગણીના સંબંધો બંધાઈ ચુકયા છે. અને તેઓએ ખુબ ટુંકાગાળામાં ચાર વખત બારાઈ પરિવારને મુલાકાત આપી હતી.

તાજેતરમાં કોવિંદજીની દ્વારકાની મુલાકાત પણ અવિસ્મારણીય બની રહેલ. દ્વારકા મુલાકાત સમયે અનુપમભાઈ બારાઈ, ભરતભાઈ, સુનીલભાઈ સંજયભાઈ, આલાપભાઈ, રઘુભાઈ સહીત સમગ્ર બારાઈ પરિવારજનોને લાભ મળેલ. ભરતભાઈ અને આલાપભાઈને દર્શન અને આરતી સમયે મંદિરમાં પણ તેઓની સાથે રાખેલ હતા. આ પારિવારિક મુલાકાતમાં રાષ્ટ્રપતિના ધર્મપત્ની, તેમના પુત્રી સ્વાતિબેન પણ પારિવારિક મિલન પ્રસંગે સાથે જોડાઈ યાદગાર સંભારણું બની ગયું છે.

### મનસુખભાઇની સેવાની જ્યોત ચાલુ રાખજો : રામનાથ કોવિંદજી : આલાપભાઇ તથા માધવીબેને રાષ્ટ્રપતિ ભવનમાં ગોલ્ફ ખેલ્યા

દ્વારિકા-રાજકોટના બારાઈ પરિવાર સ્વજનો તાજેતરમાં રાષ્ટ્રપતિ ભવનની મહેમાનગતી માણી હતી. આ સમયે રાષ્ટ્રપતિએ બારાઈ પરિવાર પ્રત્યે આત્મિય હુંફ વહાવતા સંદેશ આપ્યો હતો. કે સ્વ. મનસુખભાઈ બારાઈએ પ્રગટાવેલી સેવાની જયોત ઝગમગતી રાખજો. ભરતભાઈના પુત્ર આલાપભાઈએ જણાવ્યું હતું કે અમે રાષ્ટ્રપતિ ભવનમાં હતા ત્યારે સવારે છ વાગ્યે રાષ્ટ્રપતિજીના પ્રાઈવેટ સેક્રેટરીએ અમને ગોલ્ફ ખેલવાની અને સાઈકલિંગ કરવાની વ્યવસ્થા કરી આપી હતી. આલાપભાઈએ જણાવ્યું હતું કે, ભુતકાળમાં મીઠાપુરના આરંભડામાં જલારામ મંદિરે રામનાથજી અને તેમના જીવન સાથીએ સજોડે પુજા કરી હતી અને રામનાથજીએ પૂ.જલારામબાપાની મૂર્તિ અર્પણ કરી ત્યારે આ પ્રસંગ યાદ કરીને તેઓ ભાવવિભોર બન્યા હતા.

# જૂનાગઢમાં રહેતા સિંધી સમાજના બાળકો માટે સરસ્વતી સન્માન સમારોહ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા. ૨૮

સિંધી રિયાસત જનરલ પંચાયત તેમજ લાડી લોહાણા સિંધી પંચાયત જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે જૂનાગઢમાં રહેતા તમામ સમાજના સિંધી સમાજના બાળકો માટે સરસ્વતી સન્માન સમારોહનું આયોજન આગામી જુલાઈ માસમાં કરવાનું નકકી કરવામાં આવેલ છે. જેમાં વર્ષ ૨૦૨૨માં ધો. ૧૦-૧૨ તથા ગ્રેજયુએટ, ડિપ્લોમા, માસ્ટર ડિગ્રીમાં જે વિદ્યાર્થીઓએ ૭૫ ટકા અથવા તેથી વધુ માર્કસ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટ તા. ૧૦-૭-૨૨ સુધીમાં નીચે જણાવેલ સ્થળોએ પહોંચાડવાના રહેશે. જેમાં (૧)રમેશકુમાર સેવકાની, એમ.જી. રોડ (મો.૯૪૨૭૯ ૪૬૮૨૨), (૨)મનહરલાલ આહુજા, સાંઈબાબા એપાર્ટમેન્ટ સામે, હરભોલે એસ્ટેટ, ગિરીરાજ સોસાયટી, (૯૯૦૯૩-૮૬૧૪૦), (૩)ખિયલભાઈ સોની મોટવાણી, સહજાનંદ સોસાયટી-૧, ગરબી ચોક પાસે, જૂનાગઢ (૯૩૭૫૯ ૭૯૩૮૦), (૪)ચંદ્રકાંત બુલચંદાણી, જયઅંબે જવેલર્સ, મોચી બજાર (૮૭૮૦૦૬૨૧૮૪), (૫)હર્ષાબેન (સોનીબેન) અડવાણી, બ્લોક નં.૬, સિંધી સોસાયટી, ગાંધીગ્રામ, જૂનાગઢ (૬)લલિતભાઈ ગોધવાણી, બ્લોક નં.૧૩૦, ગલી નં.૬, રાયજીબાગ, જૂનાગઢ (૯૩૭૭૧-૦૯૮૯૨) તેમ વીરભાન આહુજા અને લાલચંદભાઈ ગેહનાણીની યાદીમાં જણાવાયું છે.

## ટોલનાકા ગાયબ થશે : હવે અંતર પ્રમાણે રુપિયા કપાશે




હાઈવે પર હવે લાંબી લાંબી લાઈનો લગાવવાની જરૂર નહીં પડે. ટૂંક સમયમાં જ રાજસ્થાનથી નીકળતા હાઈવે હાઈટિક થવાના છે. તેના પર ટૂંક સમયમાં ઓટોમેટિક નંબર પ્લેટ રિડર સિસ્ટમ લાગુ થવાની છે. ગ્રીન ફિલ્ડ એસ્કપ્રેસ બનવાનો છે જ્યાં એક પણ ટોલનાકુ બનાવાશે નહીં. વ્હિકલના માલિકે તેટલા જ રૂપિયા ટોલ ટેકસ ચૂકવવો પડશે જેટલા કિલોમીટર તે હાઈવે પર ગાડી ચલાવશે. તેની શરૂઆત રાજસ્થાનથી પસાર થતા ગ્રીન ફિલ્ડ એક્સપ્રેસ- વેથી થશે.

## જામકંડોરણામાં મોંઘવારી અને અગ્નિવીરોના મુદ્દે કોંગ્રેસ દ્વારા તંત્રને આવેદનપત્ર અપાયું



(હરપાલસિંહ દ્વારા)
જામકંડોરણા, તા.૨૮

જામકંડોરણા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા બેરોજગારી, મોંઘવારી અને અગ્નિવીરોના મુદ્દે જામકંડોરણા મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું અને સરકારની નીતિ વિરોધમાં નારેબાજી કરવામાં આવી હતી જેમાં તાલુકા કોંગ્રેસ પ્રમુખ સુરેન્દ્રસિંહ વાળા, રાજકોટ જીલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ ભાવનાબેન ભૂત, તાલુકા પંચાયત સદસ્ય જગતસિંહ જાડેજા, રાજકોટ જિલ્લા કોંગ્રેસ અગ્રણી જયુભા જાડેજા, જિલ્લા મહામંત્રી સેજુલભાઈ ભૂત, જેતપુર કોંગ્રેસ પ્રમુખ કિરીટભાઈ પાનેલિયા, નીતિનભાઈ મકવાણા, દીપકભાઈ અને કાર્યકરોએ હાજરી આપી હતી.

## તાલાળા મત વિસ્તારના ધારાસભ્યએ તેમના વિસ્તારના ગામડાનો પ્રવાસ કરી લોકોના પ્રશ્નો સાંભળ્યા





(ભોળા જાદવ દ્વારા)
લોઢવા તા. ૨૮

તાલાળા મત વિસ્તારના ધારાસભ્ય ભગવાનભાઈ બારડે તેમના મતવિસ્તારના તાલાળા તાલુકાના ગામડાના ત્રણ દિવસના પ્રવાસ દરમ્યાન તાલાળા તાલુકાના ગામડાનો પ્રવાસ કરીને ગામના પ્રશ્નો સાંભળ્યા હતા. જેમાં આરોગ્ય, પીવાના પાણી, રોડ-રસ્તા, વીજળી તથા સરકારી સહાય અંગેના પ્રશ્નો રજુ થયા હતા. તેમાંથી અમુક પ્રશ્નો અંગે સ્થળ ઉપરથી જ અધિકારીઓને ફોન કરીને નિરાકરણ લાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ હતો.

## મુકેશ અંબાણી અને અનંત અંબાણીએ આસામ મુખ્યમંત્રી રિલીફ ફંડમાં આપ્યા ૨૫ કરોડ

ભયંકર પૂરનો સામનો કરી રહેલ આસામની આર્થિક મદદ કરવા માટે રાજ્યના મુખ્યમંત્રી હિમંત બિશ્વ સરમાએ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને એમડી મુકેશ અંબાણી અને તેમના પુત્ર અનંત અંબાણીનો આભાર માન્યો છે. અધિકારીઓના મતે બ્રહ્મપુત્ર અને બરાક નદીઓ પોતાની સહાયક નદીઓ સાથે ઉફાન પર છે. જોકે કેટલાક ક્ષેત્રોમાં પૂરના પાણી ઉતરી રહ્યા છે. રાજ્યમાં પૂરના કારણે છેલ્લા ૨૪ કલાકમાં અન્ય સાત લોકોના મોત થયા છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૧૦૮ થયો છે. જિલ્લામાં સ્થિતિની જાણકારી માટે હેલ્પલાઇન નંબર ૦૩૬૧- ૨ ૨૩૭૨૧૯, ૯૪૦૧૦૪૪૬૧૭ ૨ અને ૧૦૭૯ સેવા શરૂ કરી છે. - અધિકારીઓના મતે લગભગ ત્રણ લાખ લોકોને ભોજન, સ્વચ્છ પાણી અને દવાઓનો અછતનો સામનો કરવો પડી રહ્યો છે. કારણકે લગભગ આખું સિલચર શહેર પાણીમાં ડુબેલું છે. અધિકારીઓએ કહ્યું કે પ્રભાવિત વિસ્તારમાં ભોજનના પેકેટ, પાણીની બોટલો અને અન્ય જરૂરી વસ્તુઓ વાયુસેનાના હેલિકોપ્ટર દ્વારા આપવામાં આવી રહી છે.

# સ્વામિ લીલાશાહ મિત્ર મંડળ, જૂનાગઢ દ્વારા ફુલસ્કેપ ચોપડાનો વિમોચન કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા. ૨૮

સ્વામિ લીલાશાહ મિત્ર મંડળ જૂનાગઢ દ્વારા સતત ૧૧ માં વર્ષે રાહત ભાવના ફુલસ્કેપ ચોપડા બનાવેલ હોય તેનો વિમોચન કાર્યક્રમ અર્પણ કોમ્પ્લેક્ષ રાણાવાવ ચોક, એમ.જી. રોડ, જૂનાગઢ ખાતે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના મેનેજીંગ તંત્રી કાર્તિકભાઈ ઉપાધ્યાયની પ્રેરક ઉપસ્થિતીમાં યોજવામાં આવ્યો હતો. વિમોચન બાદ ફુલસ્કેપ ચોપડાનું વિતરણ સંસ્થાના પ્રમુખ રમેશકુમાર સેવકાણીના હસ્તે કરવામાં આવેલ હતું.

## શ્રી ઉમા ફ્રેન્ડઝ ઓર્ગેનાઈઝેશન (યુફો) અને કડવા પટેલ ડોકટર પરિવાર દ્વારા મેગા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢ શહેર કડવા પાટીદાર સમાજના ડોકટર ગૃપના સહયોગથી તા.૨૬ ને રવિવારના રોજ જૂનાગઢ ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું સર્વ જ્ઞાતિઓ માટે આયોજન કરવામાં આવેલ હતું જેમાં ૨૨૫થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં જૂનાગઢ શહેરના સમાજના ૨૦થી વધુ નામાંકિત ડોકટરોએ સેવા આપેલ હતી. આ કેમ્પમાં આવનાર તમામ દર્દીઓને વિનામૂલ્યે નિદાનની જરૂરીયાત સાથે જરૂરીયાતમંદ દર્દીને બ્લડ રીપોર્ટ, એકસ-રે, સોનોગ્રાફી જેવી તપાસ અને મેડીસીન નજીવા દરે આપવામાં આવેલ હતી.

આ કેમ્પને સફળ બનાવવા માટે શ્રી ઉમા ફ્રેન્ડઝ ઓર્ગેનાઈઝેશન (યુફો) સંસ્થા તેમજ ઉમા પદયાત્રા યુવા સમિતિના સંયુકત ઉપક્રમે જહેમત ઉઠાવવામાં આવી હતી. આ કેમ્પનું ઉદ્‌ઘાટન ઉમિયા માતાજી મંદિર, ગાંઠીલા આરોગ્ય સમિતિના ચેરમેન ડો.દીપક ભલાણી, ડો.નિરવ મારડીયા, ડો.જેનિલ ચીકાણી, ડો.આનંદ વાછાણી, ડો.પરસાણીયા અને તેમની ટીમ તેમજ યુફો સંસ્થાના પ્રમુખ મુકુંદ હીરપરા તથા હોદેદારો દિલીપ મકવાણા, નટુભાઈ કનેરીયા, મયુર સુરેજા, અક્ષય કનેરીયા, પ્રવિણ ભાડજા, ઉમા યુવા પદયાત્રા સમિતિના પ્રમુખ સાચીન ભુત, અનીલ માકડીયા તથા અરવિંદભાઈ વાછાણી હાજર રહયા હતા.

આ તકે યુફો સંસ્થાના સલાહકાર સમિતિના ડો.ડી.ડી. બેરાએ જૂનાગઢ શહેર ડોકટર પરિવારનો 'સર્વજન હિતાય, સર્વજન સુખાય' મંત્રને સાર્થક કરવા બદલ આભાર વ્યકત કરેલ હતો. આવા કેમ્પ યોજવા બદલ ડો.સી.બી. રાજપરા અને મહેન્દ્રભાઈ કાલરીયાએ યુફો સંસ્થાનો અભિનંદન પાઠવ્યા હતા.

## મહારાષ્ટ્રીયન પંચ જૂનાગઢની મિટીંગમાં પાંચ વર્ષ માટે હોદેદારોની નિમણૂંક કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા. ૨૮

મહારાષ્ટ્રીયન પંચ જૂનાગઢની મીટીંગ તા.૨૯-૫-૨૨ ને રવિવારના રૂદ્ર આર્કેડ, જોષીપરા, જૂનાગઢ ખાતે યોજાયેલ હતી. જેમાં જૂનાગઢ, વેરાવળ, પોરબંદર અને રાજકોટથી સભ્યો આવેલા હતા અને વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૭ સુધીના સમય માટે હોદેદારો નિમાયેલ જેમાં પંચ અધ્યક્ષ ગોવિંદરાવ જી. જીરોડે, ગોપાલરાવ એમ. જીરોડે, પંચ પ્રમુખ સુનિલ એલ. શીંદે, પંચ ઉપપ્રમુખ રાજેશરાવ આર. શીંદે, જય ડી. થોરાત, પંચ સેક્રેટરી કિશનરાવ એ. જીરોડે, પંચ જો.સેક્રેટરી કમલેશરાવ જી. જીરોડે, કપીલરાવ એસ. શીંદે, પ્રદિપરાવ એ. શીંદે, પંચ ખજાનચી આશિષરાવ વી. જીરોડે, પંચ સહખજાનચી ગણેશરાવ બી. જીરોડે, પંચ સંગઠન મંત્રી રવિન્દ્રરાવ કિંજલકર -જૂનાગઢ, રમેશરાવ મોરે -રાજકોટ, જયવંતરાવ એન.વાઘમારે -રાજકોટ, મનોજરાવ ડી. વાર-વેરાવળ, વિનોદરાવ વી. પવાર-વેરાવળ, રોહીતરાવ બી. થોરાત-પોરબંદર, અર્જુનરાવ એસ. કાકડે-પોરબંદરની નિમણૂંક કરાયેલ હતી.

## કેશવ કો.ઓપ. ક્રેડીટ સોસાયટીમાં ખાલી જગ્યાઓ ઉપર ૨૧ યુવાનોની ભરતી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા. ૨૮

શ્રી કેશવ કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી ગુજરાત રાજયમાં ૨૨ શાખા તેમજ ISO 9001-2015 સર્ટીફીકેટ ધરાવતી ગુજરાતની પ્રથમ નંબરની સોસાયટી છે અને આ સોસાયટીમાં ખાલી પડેલ વિવિધ જગ્યાઓ જેવી કે જુનીયર ઓફીસર, કલાર્ક તેમજ કલાર્ક કમ સહાયક માટે ઈન્ટરવ્યુ દ્વારા કુલ ૨૧ યુવાનોની ભરતી કરવામાં આવી હતી. જેમાં જુનીયર ઓફીસર -૭, કલાર્ક-૯, કલાર્ક કમ સહાયક-૫ ને નિમણૂંક ઓર્ડરો ડિરેકટરોના હસ્તે આપવામાં આવ્યા હતા.

# સોરઠમાં એકપણ બાળક શિક્ષણના અધિકારથી વંચિત ના રહે તેવા લક્ષ સાથે યોજાયેલ શાળા પ્રવેશોત્સવ સફળતાપૂર્વક સંપન્ન

● ધો.૧માં ૯૦૮૦ બાળકોનો શાળા પ્રવેશ
● આંગણવાડીમાં ૬૧૮૪ ભૂલકાઓનું સ્વાગત
● રૂા.૩૧.૭૭ લાખનો સહયોગ મળ્યો
● ૨૮૨ ઓરડાઓનું લોકાર્પણ



(પ્રતિનિધિદ્વારા) જૂનાગઢ, તા.૨૮

શિક્ષણ વિભાગ દ્વારા શાળામાં અને આંગણવાડીમાં પ્રવેશપાત્ર ભુલકાઓના અવસરને યાદગાર બનાવવા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ તા.૨૩, ૨૪ અને ૨૫ જુનના રોજ યોજાયો હતો. જૂનાગઢ જિલ્લામાં રાજ્યકક્ષાએથી ૨૧ અને જિલ્લા કક્ષાએથી ૨૩૫ જેટલા અધિકારીઓ-પદાધિકારીઓ સહભાગી થયા હતા. ૪૬૩૩ કુમાર અને ૪૪૪૭ કન્યા એમ કુલ ૯૦૮૦ બાળકોના ધો.૧માં પ્રવેશ સાથે શાળા પ્રવેશોત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો છે.

સરકારે પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશને વેગ આપવા સાથે પ્રવેશપાત્ર એક પણ બાળક શિક્ષણના અધિકારથી વંચિત ના રહે એવા લક્ષ સાથે જિલ્લાની ૭૨૦ શાળામાં આયોજીત પ્રવેશોત્સવમાં લોકોએ કુલ રૂા.૩૧.૭૭ લાખનો ઉદાર હાથે રોકડ તેમજ વસ્તુ સ્વરૂપે સહયોગ આપ્યો હતો.

જિલ્લાની ૭૨૨ શાળાઓમાં માળખાગત સુવિધા પુરી પાડવા શાળા પ્રવેશોત્સવ દરમ્યાન મહાનુભાવોના હસ્તે કુલ રૂા.૨૭૧૧ લાખના ખર્ચે ૨૮૭ નવનિર્મિત ઓરડાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ૮૧૩ લાખના ખર્ચે નવા નિર્માણ થનાર ૮૯ ઓરડાઓનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં ૨૦૦૨-૦૩ ત્તકાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ કરાયેલા શાળા પ્રવેશોત્સવની આ અવિરત યાત્રા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ૨૦૨૨માં પણ સફળતાપૂર્વક યોજાઈ હતી. શાળા પ્રવેશોત્સવથી ડ્રોપ આઉટ રેશીયામાં નોંધપાત્ર ઘટાડો થવા સાથે શિક્ષણના સ્તરમાં પણ નોંધપાત્ર સુધારો થયો છે. ધો.૧માં શાળા સાથે નાના ભુલકાઓ આંગણવાડીના બાળકોનું પણ ઉમળકાભેર સ્વાગત કરાયું હતું. જૂનાગઢ જિલ્લામાં આંગણવાડીમાં ૩૨૪૬ કુમાર અને ૨૯૩૮ કન્યાને પણ વિધિવત પ્રવેશ અપાયો હતો.

## ગાયત્રી શકિતપીઠ ખાતે કથાકાર સપ્તમ જ્ઞાનગોષ્ઠી યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢતા.૨૮

ગાયત્રી શકિતપીઠ જૂનાગઢમાં તા. ૨૬-૬-૨૨ને રવિવારનાં વૈદિક સનાતન ધર્મનો કથા દ્વારા પ્રચાર અને પ્રસાર કરતા બ્રહ્મનાદ બ્રહ્મકથાકારોની સપ્તમ કથાકાર જ્ઞાનગોષ્ઠી યોજાયેલ હતી. જેમાં શેરનાથબાપુ, દલપતગીરી સ્વામીજી, બટુકબાપુએ દિપ પ્રાગટ્ય કરેલ અને ઉપસ્થિત સર્વે કથાકારોને પ્રશસ્તિપત્ર આપીને સન્માનીત કર્યા હતાં.

વર્ષમાં બે વાર યોજાતી કથાકાર જ્ઞાનગોષ્ઠીને સફળ બનાવવા ગોપાલકૃષ્ણ જોષી, આનંદભાઈ પેરાણી, નરેન્દ્રભાઈ જોષી, મનોજભાઈ પુરોહીત, મનોજભાઈ ભટ્ટ (શાપુર), વિપુલભાઈ વેગડા, મોન્ટુભાઈ રાવલે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અરવિંદભાઈ ત્રિવેદીએ કરેલ હતું.

## છોડવડી : પરિણીતાએ ગળાફાંસો ખાધો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢતા.૨૮

ભેસાણનાં છોડવડી ગામે રહેતા અસ્મિતાબેન કરણભાઈ ગુજરાતી (ઉ.વ.૨૪)એ કોઈપણ કારણસર પોતાની મેળે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યું નિપજયું હતું. આ બનાવમાં પીએસઆઈ કે.એમ. ગઢવીએ આગળની તપાસ હાથ ધરી છે.

**ઈશાપુર : પડી જતાં પ્રૌઢનું મૃત્યું**

ધોરાજીમાં રહેતા માલાભાઈ પુંજાભાઈ રાઠોડ (ઉ.વ.૬૫) જૂનાગઢ તાલુકાનાં ઈશાપુર ગામે પોતાના વેવાઈના ઘરે અગાશી ઉપર સુતા હતા તે દરમ્યાન બાથરૂમ કરવા ઉઠતા શરીરનું સંતુલન ગુમાવતા નીચે પડી જતાં સારવાર દરમ્યાન તેમનું મોત નિપજયું હતું.

**મેંદરડા : દારૂની હેરાફેરી કરતો શખ્સ ઝડપાયો**

મેંદરડા પોલીસે ઝીંઝુડા ગામ કેનાલ પાસેથી બાઈક નં. જીજે-૧૧-બીસી - ૭૦૪૮માં દૂધનાં કેનમાં દારૂની હેરાફેરી કરતા દર્શનભાઈ કરણાભાઈ રાડાને દારૂની બે બોટલ, મોબાઈલ અને બાઈક સહિત કુલ રૂા. ૧૮,૮૦૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

## ઉનાનાં માણેકચોક વિસ્તારમાંથી કુટણખાનું ઝડપાયું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) ઉના તા.૨૮

ઉનામાં માણેક ચોકની બાજુમાં રહેતા હફીજાબેન દાદાભાઈ સુમરા દેહવ્યપાર કરાવતોવાની બાતમીના આધારે પોલીસે રેડ પાડી હફીજાબેન દાદાભાઈ સુમરા, ખીમભાઈ ભાણાભાઈ વાઘેલા, રાજુભાઈ મકવાણાને ઝડપી લઈ ઈમોરલ ટ્રાફીક પ્રીવેન્સ એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ એ.વી. સાંખટ ચલાવી રહયા છે.

## જંત્રાખડીની ઘટનામાં કોમી એકતા સમિતિ જૂનાગઢ દ્વારા કલેકટરને આવેદન અપાયું



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢતા.૨૮

જૂનાગઢ જીલ્લા કલેકટર મારફત મુખ્યમંત્રીને સંબોધન કરતું આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં જંત્રાખડીની ઘટનામાં આરોપીને કડક સજા અને મૃતક દિકરીના પરિવારને રૂા.૨૫ લાખની સહાય કરવા માંગ કરાઈ છે. આવેદનપત્રમાં કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ જૂનાગઢના આગેવાનો બટુકભાઈ મકવાણા, એડવોકેટ જીસાન હાલેપોત્રા, વહાબભાઈ કુરેશી, મનોજભાઈ ભટ્ટ, હરેશભાઈ બાટવીયા, પ્રફુલભાઈ કાલરીયા, કે.ડી.સગારકા, શેહજીનાબેન શેખ, ફિરોઝભાઈ શેખ, દેવાભાઈ ઝીંઝુવાડીયા, કાદુભાઈ વાઘેલા, અનીતાબેન સમજુભાઈ, મયુરભાઈ, કુરજીભાઈ મકવાણા, યુસુફજય એમ.એ., રણછોડભાઈ સહિતના જોડાયા હતા.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : જૂનાગઢ નિવાસી જયેશ ચંદ્રકાંત ખખ્ખર(ઉ.વ.૪૪) તે સ્વ. ચંદ્રકાંતભાઈ તથા ગં.સ્વ. જ્યોતિબેનના પુત્ર, કિશોરભાઈ તથા સ્વ. હસમુખભાઈના ભત્રીજા, દર્પણભાઈ, નયનભાઈ, અજયભાઈ, મયુરભાઈ, વિશાલભાઈ, કિરણબેન, ઉમાબેન, માયાબેન તથા ઉષાબેનના ભાઈ તથા કિરીટભાઈ જીવરાજાનીના ભાણેજનું તા.૨૮-૬-૨૨, મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતની સ્મશાનયાત્રા આજે સાંજે ૬ વાગ્યે, સનરાઈઝ એપાર્ટમેન્ટ A ૨૧, રોયલપાર્ક એપાર્ટમેન્ટ સામે, જલારામ સોસાયટી, જાગનાથ મંદિર રોડ, તળાવગેટ તેમના નિવાસસ્થાનેથી નિકળશે.

લોઢવા : સ્વ. ધાનીબેન સાર્દુળભાઈ ભોળા (ઉ.વ. ૮૮) તે સાર્દુળભાઈ મેણસીભાઈ ભોળાનાં ધર્મપત્ની, આદર્શ એગ્રોવાળા પુંજાભાઈ, હમીરભાઈ, ગોવિંદભાઈનાં માતા, આદર્શ એગ્રો કોડીનારવાળા નારણભાઈ, જીવાભાઈનાં મોટાબાનું તા. ૨૫-૬-૨૨ શનિવારનાં રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૩૦-૬-૨૨ ગુરૂવારે લોઢવા વાડીએ રાખેલ છે.

## જૂનાગઢમાં હનુમાન મંદિરની સફાઈ કરતા વિહિપ અને બજરંગદળ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૮

જૂનાગઢનાં જયશ્રી ટોકિઝ પાસે આવેલ ફાટકથી અંદર જતા પોલીસ પરેડ ગ્રાઉન્ડની પાસે રોડ ઉપર આવેલ હનુમાનજી મંદિરની સફાઈ વિશ્વ હિન્દૂ પરિષદ અને બજરંગદળની જૂનાગઢ મહાનગર ટીમ દ્વારા કરવામાં આવી હતી. આ સેવાકાર્યમાં બજરંગદળ સંયોજક વિપુલભાઈ આહીર, સહ સંયોજક અલ્પેશભાઈ ગોસ્વામી, સહ સંયોજક હિરેનભાઈ મંગનાની, વોર્ડ સંયોજક રાજુભાઈ રાઠોડ, મહાનગરના મંત્રી હિરેનભાઈ રૂપારેલિયા, કોષાધ્યક્ષ દેવલભાઈ ગોંધિયા, પ્રખંડ સહ મંત્રી નથુભાઈ આહીર, વોર્ડ કાર્યકર્તા કિશનભાઈ હુમ્મર તેમજ પ્રખંડ મંત્રી પરાગભાઈ તન્ના ઉપસ્થિત રહ્યા હતા.

## ભવનાથમાં રાધેશ્યામ રામ રોટી પરિવાર દ્વારા ભુખ્યાજનો માટે ભોજન વ્યવસ્થાનું સેવાકાર્ય

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢતા.૨૮

શ્રી રાધેશ્યામ રામ રોટી પરિવાર તરફથી હાલ જે લોકોને ખરેખર રાત્રિના ભોજન વ્યવસ્થાની મુશ્કેલી છે તે લોકોને ગોતીને તેમના ઘર સુધી ભોજન વ્યવસ્થા કરવામાં આવે છે. આ વ્યવસ્થામાં ક્યાંય રકમ જ આપવી તે જરૂરી નથી. આપ અગાઉથી જાણ કરો તો આપના હાથે અને આપ જે લઈને આવો તે પીરસવાની સેવા બજાવી જાણે છે. આ સેવાનો લાભ લેવા જગદીશ વસાવડા મો.નં.૮૫૩૦૩ ૧૩૧૧૯, ૯૮૭૯૮ ૭૬૫૫૦નો સંપર્ક કરવાથી નિસ્વાર્થ સેવા બજાવી આપશે. આ સેવા બધા જ સેવકો ૭૦ વર્ષ ઉપરના છે જે નિવૃત્ત કર્મચારી દ્વારા કરવામાં આવે છે. આ ભોજન વ્યવસ્થાનેનિહાળવા સાંજે પાંચ વાગે થાળ ધરીને સુવિધા નિહાળવા આપ સૌ રજા અથવા રવિવારે ભવનાથ તળેટીમાં સાંજે જાવ ત્યારે થોડો સમય આપી મુલાકાત લેવા વિનંતી છે.

## વિસાવદરની લેરીયા સેવા સહકારી મંડળીનાં પ્રમુખ તરીકે નરેન્દ્રભાઈ કોટીલા બીનહરીફ ચુંટાયા



(પ્રતિનિધિ દ્વારા) વિસાવદરતા. ૨૮

વિસાવદર તાલુકાનાં લેરીયા ગામની સેવા સહકારી મંડળીની સને ૧૯૭૫-૭૬થી કાર્યરત છે. તેની વાર્ષિક સાધારણ સભા ગઈકાલે મંડળી ગોડાઉન-ઓફીસ લેરીયા ખાતે મળેલ જેમાં આખુ બોર્ડ બીનહરીફ જાહેર થયેલ છે. જેમાં સતત બીજીવાર તાલુકા સહકારી આગેવાન, યાર્ડ ડાયરેકટર અને જૂનાગઢ જીલ્લા ભાજપ મંત્રી નરેન્દ્રભાઈ કોટીલા પ્રમુખ તરીકે, ઉપપ્રમુખ તરીકે કમલેશભાઈ ડુંમર, સભ્યો તરીકે કિશોરભાઈ ડોબરીયા, ધીરૂભાઈ બાબરીયા, પરસોતમભાઈ ડુંમર, બાબુભાઈ મુંગલપરા, શૈલેષભાઈ સોજીત્રા, મનુભાઈ વઘાસીયા, છગનભાઈ ગોંડલીયા, બધાભાઈ દાફડા, સમજુબેન પાટડીયા વગેરે બીનહરીફ ચુંટાઈ આવેલ છે.

# જૂનાગઢ સરદારપરા પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ઉજવાયો



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૮

જૂનાગઢની સરદારપરા પ્રાથમિક શાળામાં ૨૫ જૂનનાં રોજ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે મામલતદાર શ્રી જોષી, નાયબ મામલતદાર શ્રી દવે, આઈસીડીએસ પ્રોગ્રામ ઓફીસર વત્સલાબેન, રેવન્યુ તલાટી મંત્રી શ્રી મારૂ, સીઆરસી શ્રી ગોહીલ તેમજ વોર્ડ નં. ૪નાં કોર્પોરેટરો હરેશભાઈ પરસાણા, ધર્મેશભાઈ પોશીયા, પ્રફુલાબેન ખેરાળા, સરદારપરાનાં અગ્રણી પ્રકાશભાઈ ભાદરકા, સ્કુલનાં આચાર્ય દયાબેન સખરેલીયા, ભાવેશાબેન ગધેસરીયા, અતુલભાઈ રાઠોડ, અનસુયાબેન રાઠોડ, ચેતનભાઈ ચૌહાણ તેમજ આંગણવાડીમાં બહેનો તેમજ બાળકો અને વાલીગણ ઉપસ્થિત રહયા હતાં. આ તકે ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે ધો. ૩ થી ૮માં પ્રથમ ક્રમાંકે આવનાર તેમજ ધો. ૯માં શિષ્યવૃતિ તથા ધો. ૮ માં એનએમએમએસમાં ઉત્તિર્ણ થનાર તથા વિદ્યાલક્ષ્મી બોન્ડ તથા દાતાઓનું સન્માન કરાયું હતું.

આ પ્રસંગને સફળ બનાવવા આચાર્ય દયાબેન સખરેલીયા, ભાવેશાબેન ગધેસરીયા, અતુલભાઈ રાઠોડ, અનસુયાબેન કાથડ, ચેતનભાઈ ચૌહાણ અને આંગણવાડીનાં બહેનોએ જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે બાળકો તેમજ વાલીગણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતાં.

## જૂનાગઢ જીલ્લાના ૪ ગામની ૫૯૦ મહિલાઓને કાનુની જાગૃતિની તાલીમ અપાઈ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ, તા.૨૮

જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી તથા ડીસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે કાનુની જાગૃતિ તાલીમનું આયોજન વિવિધ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કરવામાં આવે છે. જેમાં જૂનાગઢ તાલુકાના પાણીધ્રા, વડાળા અને કમરીબાઈનું મેવાસા, રામેશ્વર ગામની કુલ ૫૯૦ મહિલાઓને કાનુની જાગૃતિની તાલીમ આપવામાં આવી હતી જેમાં બહેનોને કામકાજના સ્થળ ઉપર ક્યા પ્રકારની દુર વ્યવહારને જાતીય સતામણી કોને કહેવાય જો આ પ્રકારની સતામણીનો ભોગ બહેન બને છે. તો આની અરજી ક્યાં સ્થળ ઉપર બહેન કરી શકે, કેટલા દિવસમાં કરી શકે, તેના માટે શું કાયદાકીય જોગવાઈ હોય છે. તેમાં દંડ અને સજાના શું પ્રાવધાનો હોય છે. આ ઉપરાંત ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બહેનોને ઘરેલું હિંસા એટલે શું. તે કેટલા પ્રકારનો હિંસાને ઘરેલું હિંસા કહેવાય આ ઉપરાંત જો આ પ્રકારની હિંસા થતી હોય તો બહેનને સરકારની વિવિધ યોજનાઓ મારફત કઈ રીતે લાભ મેળવી શકે વગેરે માહિતી આપવામાં આવી હતી. ક્યા પ્રકારના દુર વ્યવહારને ઘરેલું હિંસા કહેવાય? જો આ પ્રકારની હિંસાનો ભોગ બહેન બને છે. તો આની અરજી ક્યા સ્થળ ઉપર બહેન કરી શકે, કેટલા દિવસમાં કરી શકે તેના માટે શું કાયદાકીય જોગવાઈ હોય છે તેમાં દંડ અને સજાના શું પ્રાવધાનો હોય છે. તેની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત મહિલા અને બાળ અધિકારીની કચેરી અંતર્ગત ચાલતી મહિલાલક્ષી વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. આ તાલીમમાં પાણીધ્રા અને વડાળા ગામ ખાતે ૨૫૪ તથા કમરીબાઈનું મેવાસા અને રામેશ્વર ગામ ખાતે ૩૩૬ બહેનોને તાલીમ સાથે આઈઈસી વિતરણ કરવામાં આવ્યું હતું.

# વેરાવળ મર્કન્ટાઈલ બેંકએ રૂા.૬૩૯.૦૪ કરોડની ડીપોઝીટ અને રૂા.૩૬૪.૫૦ કરોડના ધીરાણ થકી રૂા.૧૨.૨૫ કરોડનો ચોખ્ખો નફો કર્યો

**બેંકની ૫૧મી સાધારણ સભામાં બેંકની પ્રગતિથી સભાસદોને માહિતગાર કરાયા : બેંક આગામી વર્ષમાં ગત વર્ષ કરતા વધુ ૧૦૦ કરોડનું ધિરાણ વેપારીઓ, નાના-લઘુ ઉદ્યોગોને આપશે**



(રાકેશ પરડવા દ્વારા) વેરાવળતા.૨૮

વેરાવળ મર્કન્ટાઈલ કો – ઓપરેટીવ બેંક લી.ની ૫૧મી વાર્ષિક સાધારણ સભા મળી હતી. જેમાં બેંક પ્રગતિના પંથે મક્કમતાથી આગળ વધવાની સાથે સતત બદલાતા આર્થિક પ્રવાહો વચ્ચે સંતુલન જાળવીને તમામ ક્ષેત્રે નક્કર પ્રગતિ કરી રૂ.૧૨.૨૫ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે.

સૌરાષ્ટ્રમાં બેંકોમાં અગ્રસ્થાને રહેલ વેરાવળ મર્કન્ટાઈલ કોઓપરેટીવ બેંક લી., ની ૫૧ મી વાર્ષિક સાધારણ સભા વેરાવળમાં સભાસદોની વિશાળ હાજરીમાં ચેરમેન નવીનભાઈ શાહના પ્રમુખ સ્થાને મળી હતી જેમાં જો.એમ.ડી.ભાવનાબેન એ. શાહ ડીરેકટરો, મેનેજમેન્ટ અને શાખા સલાહકાર કમીટીના સભ્યો હાજર રહયા હતા. આ તકે બેંકના ચેરમેન નવીનભાઈ શાહએ જણાવેલ કે, બેંક પ્રગતિના પંથ ઉપર મકકમતાથી આગળ વધી રહેલ લોકોની બેંકએ સતત બદલાતા જતા આર્થિક પ્રવાહો વચ્ચે સંતુલન જાળવીને તમામ ક્ષેત્રમાં નકકર પ્રગતિ કરેલ છે. જેમાં બેંકએ રૂા.૬૩૯.૦૪ કરોડની ડીપોઝીટ, રૂા.૩૬૪.૫૦ કરોડના ધીરાણ થકી રૂા.૧૨.૨૫ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે. બેંકનું રીઝર્વ રૂા.૬૭ કરોડએ પહોંચ્યુ છે. બેંકને આ સ્થાન સુધી પહોંચાડવામાં સર્વે સભાસદો, થાપણદારો, ગ્રાહકો, કર્મચારી, સલાહકાર કમીટીના સભ્યો અને સમગ્ર બોર્ડ ઓફ ડીરેકટર્સને આપેલ હતો.

સભાસદો દ્વારા સાધારણ સભામાં રજુ થયેલ દરેક ઠરાવો સર્વાનુમતે મંજુર કરી બેંકની કામગીરી અંગે સંતોષ વ્યકત કરેલ હતો. ડીરેકટર જીતેન્દ્રકુમાર એ. હેમાણીએ ઉપસ્થિત સર્વેનો આભાર વ્યકત કરેલ હતો. આ સમગ્ર સભાનું સુરેખ અને સફળ સંચાલન ડીરેકટર ડો. લજીતન શાહ, પ્રદિપભાઈ પી. શાહએ કરેલ હતું.

બેંકએ ગ્રાહકોની સુવિધા વધારવા અને વિસ્તરણ અંતર્ગત આગામી વર્ષમાં નવી બે શાખાઓ ખોલવા માટે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા પાસે મંજુરી માંગી છે. આગામી વર્ષમાં વેપારીઓ, નાના અને મધ્યમ વર્ગના ઉદ્યોગોને ગત વર્ષના કરતા ૧૦૦ કરોડ વધુ એટલે કે ૪૫૦ થી ૫૦૦ કરોડનું આપવાનું લક્ષ્યાંક રાખ્યો હોવાનું બેંકના જીએમ અતુલભાઈ શાહએ જણાવેલ છે.

## માણાવદરનાં દગડ ડેમમાંથી ઓવરફલો પાણીનો નિકાલમાં અવરોધ દૂર કરવા માંગણી

(પ્રતિનિધિ દ્વારા) માણાવદરતા. ૨૮

માણાવદરનો દગડ ડેમ ઓવરફલો થતાં પાણીનો જથ્થો રસાલા ડેમમાં સંગ્રહિત થાય છે. આ નદીમાં સીધા પ્રવાહને બીજી તરફ વાળવાની પ્રક્રિયા કેમ કરવી પડી? શા માટે નદીમાં અવરોધ કોણે કર્યો? જે પ્રવાહ વર્ષોથી નદી પ્રવાહ વહેતો હોય તે પ્રમાણે પ્રવાહ કરવો જોઈએ તેવી લોક માંગણી ઉઠવા પામી છે.

## અષાઢી નવરાત્રીને વધાવવા માઈભક્તોમાં થનગનાટ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૮

વર્ષની ચાર નવરાત્રીઓમાં અષાઢી નવરાત્રીનું આગમન થવામાં હોય, ભાવિકોમાં અનેરો આનંદ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જૂનાગઢ શહેરના વિવિધ મંદિરો, સોસાયટીઓ, એપાર્ટમેન્ટો, સમાજની વાડીઓ સહિત અનેક નાના-મોટા રહેણાંક એરીયાઓમાં મહીલા મંડળો દ્વારા બેઠા ગરબા સહિત કુંવારકા ભોજનના આયોજનો થવાના છે તો અનેક માઈભક્તો પોતાના ઘર આંગણે માતાજીનું સ્થાપન કરી બેઠા ગરબા અને કુંવારકાનો ભોજન કરાવી ધન્યતા અનુભવશે. આમ, અષાઢી નવરાત્રીના પવિત્ર દિવસો ઉપર માઈભકતો ભક્તિના રંગે રંગાઈ જાશે.

## ભારતમાં ડિજિટલ ક્રાંતિ થકી પાંચ ટ્રિલિયન ઈકોનોમીનું લક્ષ્ય હાંસલ કરાશે

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૨૮

કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા રાજ્યમંત્રી રાજીવ ચંદ્રશેખરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં પાંચ ટ્રિલિયન ડોલરની ભારતની ઈકોનોમી બનાવવાનાં સ્વપ્નને સાકાર કરવા સ્ટાર્ટઅપ અને ઈનોવેશન ખૂબ મોટી ભૂમિકા ભજવશે. આ પાંચ ટ્રિલિયન ડોલરની ઈકોનોમીમાં એક ટ્રિલિયન ડોલરનું પ્રદાન ડિજિટલ ઈકોનોમીનું હશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઈન્ક્યુબેશન સેન્ટર ઉદ્યોગ સાહસિક વિદ્યાર્થીઓ માટે ખૂબ જ જરૂરી એવાં ઈનોવેશન, પ્રિ-ઈન્ક્યુબેશન અને ઈન્ક્યુબેશન ઈકોસિસ્ટમ સપોર્ટ પુરો પાડે છે. જે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ માટે મુખ્ય જરૂરીબાબતો છે. ઈન્ક્યુબેશન સેન્ટર અનુભવી ફેકલ્ટી સભ્યો, સંશોધકો અને ઉત્કૃષ્ટ ઉદ્યોગ સાહસિક સુવિધાઓ થકી યુનિવર્સિટી કેમ્પસમાંજ નવા વિચારોને એક સશકત પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવે છે.

ધ અર્બન હેલ્થ સોસાયટી, મહાનગરપાલીકા, જૂનાગઢ
(આરોગ્ય શાખા)
" ઓનલાઈન અરજીની જાહેરાત "
[illegible] https://junagadhmunicipal.org [illegible]

| [illegible] | જગ્યા | જરૂરી શૈક્ષણિક લાયકાત | [illegible] |
|---|---|---|---|
| [illegible] NPM [illegible] | [illegible] | [illegible] (N.P.M.) [illegible] | [illegible] |

[illegible]

[illegible] મહાનગરપાલીકા, જૂનાગઢ
માહિતી/જૂના/૩૪૨/૨૦૨૨

# બાંટવામાં અલગ-અલગ ગોડાઉનમાંથી ૭.૯૩ લાખની કિંમતનો બિલ વગરનો અનાજનો જથ્થો ઝડપાયો

## જૂનાગઢ એસઓજીએ બે ટ્રક સહિત કુલ રૂા.૧૭.૯૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો






(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૨૮

જૂનાગઢનાં બાંટવા શહેરનાં અલગ-અલગ ગોડાઉનોમાંથી બીલ વગરનો કિંમત રૂા.૭,૯૩,૨૦૦નો બિનઅધિકૃત અનાજનો જથ્થો તથા ૨ ટ્રક મળી કુલ રૂા.૧૭,૯૩,૨૦૦નો મુદ્દામાલ એસઓજીએ ઝડપી પાડયો હતો. જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક મનીન્દર પ્રતાપસિંહ પવારની સુચના તેમજ પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટીની સુચના તથા માર્ગદર્શન હેઠળ જીલ્લામાં અનાજનું ગેરકાયદેસર વેંચાણ કરતા ઈસમો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવા એસઓજી જૂનાગઢનાં પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. ગોહિલ, પોલીસ સબ ઈન્સ્પેકટર જે.એમ. વાળા તથા પોલીસ સ્ટાફનાં માણસો સતત પ્રયત્નશીલ હોય, જે અન્વયે એસઓજીનાં એ.એસ.આઈ. પી.એમ. ભારાઈ તથા સાથેનાં પોલીસ સ્ટાફનાં માણસોને અલગ-અલગ ખાનગીરાહે હકિકતો મળેલ કે, બાંટવા કુષ્ણપરા પીએસસી પાછળ ગોડાઉનમાં તથા બાંટવા નાનાડીયા રોડ, રાજપુતપરા, ખરાવળમાં આવેલ ગોડાઉનમાં તથા પાટાવાળા ઉપર આવેલ ગોડાઉનમાં બીલ વગરનો બિનઅધિકૃત અનાજનો જથ્થો રાખેલ હોય જે બાબતે નાયબ મામલતદાર પુરવઠા શાખા માણાવદરને સાથે રાખી આ જગ્યાઓ ઉપર રેઈડ કરતા બીલ વગરનો બિનઅધિકૃત જથ્થો પકડી પાડેલ અને આગળની કાર્યવાહી માટે બાંટવા પોલીસ સ્ટેશનને સોંપી આપેલ છે. જેમાં ૧.ગોડાઉન કબજેદાર દેવાભાઈ રબારી તથા મંગુભાઈ ગોસ્વામી (રહે.બાંટવા)નાં કબજામાંથી ૧ ટ્રકજેમાં ઘઉંનો જથ્થો ૭૭૫૦ કિ.ગ્રા. અને ૧ ટ્રકજેમાંચોખાનો ૭૮૫૦ કિ.ગ્રા., ૨. ગોડાઉન કબજેદાર જયસિંહ લખધીરસિંહ પરમાર (રહે.બાંટવા, ભડુલા રોડ, દાળમબાપાનાં મંદિર સામે વાડીએ)નાં કબજામાંથી ઘઉંનો જથ્થો ૧૧૭૫૦ કિ.ગ્રા. તથા ચોખાનો જથ્થો ૨૪૦૦ કિ.ગ્રા. તથા ૩. ગોડાઉન કબજેદાર મંગાભાઈ ગોસ્વામી (રહે.બાંટવા)નાં કબજામાંથી ઘઉંનોજથ્થો ૩૦૦૦ કિ.ગ્રા.તથા ચોખાનો જથ્થો ૫૩૫૦ કિ.ગ્રા. સહિત ઘઉંનો જથ્થો કુલ ૨૨,૫૦૦ કિ.ગ્રા. જેની કિંમત રૂા.૪,૫૦,૦૦૦ અને ચોખાનો જથ્થો કુલ ૧૫,૬૦૦ કિ.ગ્રા. જેની કિંમત રૂા.૩,૪૩,૨૦૦ મળી કુલ કિંમત રૂા.૭,૯૩,૨૦૦નો બિલ વગરનો બિન અધિકૃત અનાજનો જથ્થો પકડી પાડેલ છે. આ કામગીરીમાં એસઓજીનાંપોલીસ ઈન્સ્પેકટર એ.એમ. ગોહિલ, પોલીસ સબ ઈન્સ્પેકટર જે.એમ. વાળ, બાંટવા પોલીસ સ્ટેશનનાંપોલીસ સબઈન્સ્પેકટર વી.આર. ચાવડા, એસઓજીનાં એએસઆઈ એમ.વી. કુવાડીયા, સામતભાઈ બારીયા, પી.એમ. ભારાઈ, પોલીસહેડકોન્સ્ટેબલ મજીદખાન પઠાણ, અનિરૂધભાઈ વાંક, બાબુભાઈ કોડીયાતર વિગેરે સ્ટાફ આ કામગીરીમાં જોડાયેલ હતો.

# સાબલપુર ચોકડી પાસે કારમાંથી ૫.૧૩ લાખનો વિદેશી દારૂ ઝડપાયો, બુટલેગર રિમાન્ડ ઉપર

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૨૮



જૂનાગઢનાં સાબલપુર ચોકડી પાસેથી એલસીબીએ ૫.૧૩ લાખનાં ઈંગ્લીશ દારૂ સાથે એક શખ્સાને ઝડપી લીધો હતો. પ્રાપ્ત વિગત મુજબ ગોંડલ તરફથી આવતી જીજે-૦૩-એએકસ-૬૬૪૩ નંબરની ઈંગ્લીશ દારૂ ભરેલી કાર સાબલપુર ચોકડી પાસેથી પસાર થઈ રહી હોવાની એલસીબીને બાતમી મળી હતી. બાદમાં એલસીબી પીઆઈ એચ.આઈ. ભાટી અને સ્ટાફે સાબલપુર ચોકડી પાસેથી પસાર થતી કારને રોકાવી તલાશી લેતા તેમાંથી ૫,૧૩,૬૦૦નો ઈંગ્લીશ દારૂ મળી આવ્યો હતો. એલસીબીએ રાજસ્થાનનાં સાંચોર ગામનાં આરોપી દિનેશ રામલાલ બિષ્નોઈની અટક કરી દારૂ, કાર તેમજ અન્ય મળી કુલ ૧૦,૨૩,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. બાદમાં આરોપીને કોર્ટમાં રજુ કરતા કોર્ટે ૩ દિવસનાં રિમાન્ડ મંજુર કર્યા છે. ત્યારે તાલુકા પીએસઆઈ પી.વી. ધોકડીયા અને સ્ટાફે આરોપીને રિમાન્ડ ઉપર લઈ વધુ પુછપરછ હાથ ધરી છે. ખાસ કરીને દારૂ કોણે મોકલ્યો, કોને ત્યાં ડિલેવરી કરવાની હતી સહિતનાં મુદ્દે તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં રડી રહેલી મહિલાના ૧૮૧ અભયમની ટીમે આંસુ લુછ્યાં

## સરનામુ ભૂલી ગયેલ મહિલાનું પરિવાર સાથે પુર્નઃમિલન કરાવતી ૧૮૧ અભયમ હેલ્પ લાઈન



જૂનાગઢ, તા.૨૮

જૂનાગઢ શહેર વિસ્તારમાં વસવાટ કરતા એક મહિલા પોતાના ભાઈના ઘરે જવા માટે નીકળ્યા હતા. પરંતુ આ ૪૯ વર્ષીય મહિલા સરનામું ભૂલી જતા શહેરની એક સોસાયટીમાં રડી રહ્યા હતા. આ સ્થિતિમાંથી આ મહિલાને ઉગારવા ૧૮૧ અભયમની ટીમ તેમની વ્હારે આવી હતી અને તેમના આંસુ લુછી તેમના પરિવાર સાથે પુનઃ મિલન કરાવ્યું હતું. આ ઘટના સંદર્ભે એક જાગૃત નાગરિકે ૧૮૧ હેલ્પલાઈનનો સંપર્ક કરતાં, અભયમ હેલ્પલાઈનની તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી હતી અને આ મહિલાનું કાઉન્સેલિંગ શરૂ કર્યુ હતું.

કાઉન્સિલિંગ દરમ્યાન સામે આવ્યું કે, માનસિક સ્થિતિ યોગ્ય ન હોવાનું અને તેઓ પોતાના ભાઈના ઘરે જવા ઈચ્છતા હતા પરંતુ ઘર ન મળતા એક જગ્યાએથી બીજી જગ્યાએ ભટકી રહ્યા હતા. ઉપરાંત આ મહિલાના પરિવારની પણ વિગતો મેળવવામાં આવી, ત્યારબાદ મહિલાના પરિવારનો સંપર્ક કરતા મહિલાની માનસિકસ્થિતિ સારી ન હોવાથી સારવાર ચાલુ હોવાનું સામે આવ્યું હતું. જેથી કોઈને ખ્યાલ ન હોય તેમ ઘરેથી નીકળી ગયા હતા. આમ, આ મહિલાનો પરિવાર પણ તેમને શોધતો હોય, તેવા સમયે વન આ મહિલાના દીકરાનો સંપર્ક કરી, ફરી તેઓના પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. આ પરિવારે પણ ૧૮૧ અભયમ હેલ્પલાઈનની ટીમની આ સેવા માટે આભાર વ્યક્ત કર્યો હતો.

# જૂનાગઢમાં સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન દ્વારા બ્રહ્મસમાજ માટે પરશુરામ ધામનું નિર્માણ થશે

## ૬ વિદ્યા જમીન ઉપર ૫૦ રૂમ, બે હોલ બનશે, પૂ. મુકતાનંદ બાપુએ સ્થળની મુલાકાત લીધી






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા. ૨૮

જૂનાગઢમાં સૌ પ્રથમ વખત સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન દ્વારા સમસ્ત બ્રહ્મસમાજ માટે ૬ વિઘા જમીન ખરીદી ત્યાં પરશુરામ ધામનુંનિર્માણ કરવામાંઆવનાર છે. સમસ્ત બ્રહ્મ યુવા સંગઠનનાં સંસ્થાપક જયદેવભાઈ જોષીએ જણાવ્યું હતું કે સમસ્ત બ્રહ્મ યુવા ટ્રસ્ટનાં નેતૃત્વમાં પૂ. મુકતાનંદ બાપુનાં આર્શિવાદ અનેપ્રેરણાથી જૂનાગઢ નજીક આવેલ ઈવનગર સોનારડી વચ્ચે પરશુરામ ધામનું નિર્માણ કરવામાં આવશે. જેમાં ૫૦ રૂમ, બે હોલ અને સ્કીલ ડેવલપમેન્ટ માટેની તાલિમ સુવિધા આકાર લેશે.

સમસ્ત બ્રહ્મ યુવા સંગઠનનાં સંસ્થાપક ટ્રસ્ટી જયદેવભાઈ જોષી, કાર્તિક ઠાકર, કમલેશભાઈ ભરાડ સહિતનાં કાર્યકર્તાઓ દ્વારા ૨૦૧૭માં ટ્રસ્ટની સ્થાપના કર્યા બાદ કોરોના કાળનાં બે વર્ષ બાદ કરતાં ત્રણ વર્ષમાં ભૂદેવોને સંગઠીત કરવાનું કાર્ય કર્યુ અને શહેરનાં દરેક વોર્ડમાં સંગઠન મજબુત બનાવી સામાજીક સત્કાર્યો કરવા જોળીયાત્રા શરૂ કરેલ જેને પ્રચંડ આવકાર મળેલ હતો તેમજ કોરોનામાં જીવ ગુમાવનાર દિવંગતો માટે પૂ. મહાદેવ પ્રસાદનાં વ્યાસાસને શ્રીમદ ભાગવત સપ્તાહનું પણ આયોજન કરાયું હતું. ઉપરાંત યુવાનો માટે બાળકો માટે સમર કેમ્પ કર્યા બાદ નવરાત્રીનું પણ ભવ્ય આયોજન સંપન્ન થયું હતું.

જયદેવભાઈ જોષીએ વધુમાં જણાવેલ કે પરશુરામ ધામ બનાવવાનો વિચાર એટલા માટે આવ્યો કે બ્રાહ્મણો અલગ ૮૪ તળગોડમાં જ તેનાં વિકાસ માટે પ્રયાસ કરતા હતાં. સમસ્ત પાટીદાર કે સમસ્ત પ્રજાપતિ કે સમસ્ત કોળી સમાજ પાસેથી પ્રેરણા લઈ સમાજ માટે યુવાનો તૈયાર કરવા માટે સમસ્ત બ્રહ્મ યુવા સંગઠને આ કાર્ય શરૂ કર્યુ અને અમારા મિત્ર મંડળ સમક્ષ આ પરશુરામ ધામ બનાવવા માટે વિચાર મુકતા તેમણે જબારો પ્રતિસાદ આપેલ ત્યારબાદ આપણા સૌનાં આદર્શ પૂ. મુકતાનંદ બાપુ પાસે જઈને આ વાત રજુ કરતાં તેમણે રાજીપો વ્યકત કરી રૂડા આર્શિવાદ આપતા આ પરશુરામ ધામનું નિર્માણ થવા જઈ રહયું છે.

રવિવારે સવારે ૧૧ કલાકે આ જમીન ઉપર સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન અને ધારાસભ્ય ભીખાભાઈ જોષી સહિત ભૂદેવોએ પૂ. મુકતાનંદ બાપુનું સ્વાગત કર્યુ હતું. અને પરશુરામ ધામ જયાં નિર્માણાધિન થવા જઈ રહયું છે તેમાં પૂ. ગોપાલાનંદ બાપુની દિવ્ય ચેતના પણ સાથે છે તેમ જણાવી પૂ. મુકતાનંદબાપુએ ૩૪લાખની ધનરાશી આપવાની પરશુરામ ધામનાં નિર્માણ અર્થે જાહેરાત કરતાં સૌએ કૃતજ્ઞાતા વ્યકત કરી જય જય પરશુરામનાં નાદનાં નારા સાથે વધાવેલ હતી.

પરશુરામ ધામનાં પરિસરમાં ભવ્ય મંદિર થશે જેમાં પરશુરામ ભગવાન, ગાયત્રી માતા અને મહાદેવની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા ઉપરાંત આદ્ય ગુરૂ શંકરાચાર્યજી દ્વાર અને પ્રતિમા પણ મુકવામાં આવશે. આ પરશુરામ ધામમાં સમસ્ત બ્રહ્મ સમાજ માટે બનશે જેમાં કોઈપણ તળગોડ બ્રાહ્મણો પોતાનાં દિકરા દિકરીનાં લગ્ન-સગાઈ જેવી ખુશીનાં પ્રસંગો માટે અદ્યતન સુવિધા મેળવી ઉજવી શકશે.

# મોંઘી વિજળી, વિજ ધાંધીયા, બેરોજગારી, પ્રજાકીય અણઉકેલ પ્રશ્નો સહિતનાં મુદ્દે જૂનાગઢમાં કોંગ્રેસ દ્વારા ધરણા યોજાયા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા. ૨૮

સમગ્ર ગુજરાત રાજયની પ્રજા હાલ અસહય મોંઘવારીનાં વિષચક્રમાં ફસાઈ ગઈ છે. અધુરામાં પુરૂ વિજળીનાં દર વધારી દેવાતાં મોંઘી વિજળી મળી રહી છે. તેમજ પ્રજાકીય અણઉકેલ પ્રશ્નો તેમજ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વિજળીનાં ધાંધીયા પણ જોવા મળી રહયા છે. આ ઉપરાંત બેરોજગારીમાં શિક્ષીત યુવાનો ફસાયા છે. તેમજ સામાન્ય અને મધ્યમ વર્ગ તો આ મોંઘવારીનાં સમયમાં વિષમ સ્થિતિમાં મુકાયો છે ત્યારે પ્રજાને ન્યાય અપાવવા અને રાજય સરકાર તથા દિલ્હી કેન્દ્ર સરકાર સુધી પ્રજાનો અવાજ પહોંચાડવા જૂનાગઢ શહેર અને જીલ્લા કોંગ્રેસ દ્વારા આજે જૂનાગઢમાં ધરણાનો કાર્યક્રમ યોજાયો હતો અને સરકાર સામે ભારે આક્રોષ ઠાલવાયો હતો અને સુત્રોચ્ચાર કરાયા હતાં.

## જૂનાગઢમાં બિમારીથી કંટાળી જઈ આધેડે ગળાફાંસો ખાધો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ નાગબાપાનાં મંદિર પાસે રહેતા કિશોરભાઈ શામજીભાઈ ચાવડા (ઉ.વ.૪૪)ને એચઆઈવીની બિમારી હોય તેમજ ૧૫ દિવસ પહેલા મોતિયાનું ઓપરેશન કરાવેલ હોય આ બિમારીથી કંટાળી જઈ પોતાની જાતે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યું નિપજયું હતું. આ બનાવમાં પોલીસે રામજીભાઈ શામજીભાઈ ચાવડાનું નિવેદન નોંધી સી ડીવીઝન પીએસઆઈ આર.ડી. ડામોરે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## વિસાવદર : ઝેરી દવા પીતા આધેડનું મોત

વિસાવદરનાં આંબલીયાપરા બસ સ્ટેશન વિસ્તારમાં રહેતા નારણભાઈ લક્ષ્મણભાઈ દેવીપૂજક (ઉ.વ.૪૫)એ તેમની માનસીક તબિયત ખરાબ રહેતી હોય જેથી લાગી આવતા પોતાની મેળે ઝેરી દવા પી લેતા તેનું મૃત્યું નિપજયું હતું.


**શ્રી જૂનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી.**

જે.બી. કોમ્પ્લેક્ષ, બસ સ્ટેશન પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોન : (૦૨૮૫) ૨૬૩૬૩૮૧

**વાર્ષિક સાધારણ સભાની નોટીસ**

આથી શ્રી જૂનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી. જૂનાગઢનાં તમામ માનવંતા સભાસદ બહેનોને જણાવવાનું કે, આપણી મંડળીની ૩૦મી વાર્ષિક સાધારણ સભા નીચે જણાવેલ એજન્ડા માટે રાખવામાં આવેલ છે. તો તમામ સભાસદ બહેનોને હાજર રહેવા વિનંતી.

**તારીખ :** ૧૫-૦૭-૨૦૨૨, શુક્રવાર
**સમય :** બપોરે ૪.૩૦ કલાકે
**સ્થળ :** હોટલ ઈન્દ્રલોક, પહેલો માળ, રેલ્વે સ્ટેશન રોડ, મજેવડી દરવાજા પાસે, જૂનાગઢ

જાહ્નવીબેન ઉપાધ્યાય
પ્રમુખશ્રી
શ્રી જૂનાગઢ મહિલા શરાફી સહકારી મં. લી.

**નોંધ :**
(૧) કોરમનાં અભાવે મુલત્વી રહેલ સભા તેજ દિવસે અડધા કલાક બાદ તેજ સ્થળે એજન્ડામાં દર્શાવેલ કામો માટે મળશે. જે કાયદેસર ગણાશે.
(૨) હિસાબો મંડળીની ઓફિસમાંથી મેળવી લેવા.
(૩) ફકત સભાસદ બહેનોએ હાજર રહેવું.


# પરિણીતાને સાસરીયાઓ દ્વારા ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૨૮

હાલ માળીયા હાટીનાનાં જામવાડી ગામે રહેતા પરિણીતા રિધ્ધીબેન હરસુખભાઈ ચાંડેગરા (ઉ.વ.૨૬)નો આરોપીઓ રવિ હરસુખભાઈ ચાંડેગરા, મીનાબેન હરસુખભાઈ ચાંડેગરા રહે. બંને રાજકોટ, હરસુખભાઈ લખમણભાઈ ચાંડેગરા, રંજનાબેન હરસુખભાઈ અને ચેતનાબેન હરસુખભાઈ રહે. તમામ ભંડુરી દ્વારા રિધ્ધીબેનને ભુંડી ગાળો બોલી શારીરિક - માનસીક ત્રાસ આપી લાકડી તેમજ ઢીકાપાટુનો મુંઢમાર મારી ખોટા આક્ષેપો નાખી ખોટા કેસમાં ફસાવી દેવાની તથા મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવમાં માળીયા પોલીસે ફરીયાદ નોંધી પીએસઆઈ એસ.આઈ. મંધરાએ આગળની તપાસ હાથ ધરી છે.

# રાજયમાં ખાનગી વાહનો ઉપર પોલીસ-એમએલએ કે અન્ય હોદ્દા લખાયેલા હશે તો કડક કાર્યવાહી કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૮

ગુજરાત રાજયમાં ખાનગી વાહનો ઉપર પોલીસ તથા એમએલએ સહિતનાં લખાણો લખી ફરતા લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે. વાહન વ્યવહાર વિભાગ દ્વારા ટ્રાફીક બ્રાન્ચનાં પોલીસ મહાનિરીક્ષકને પત્ર લખી આવા વાહનોનું ચેકિંગ કરી તેમની સામે કાર્યવાહી કરવા માટે સૂચના આપી છે. ખાનગી વાહનો ઉપર લાલ કલરની પટ્ટી રાખી વિવિધ લખાણો લખી સરકારી વાહનો હોવાનો ભ્રમ ઉભો કરવામાં આવતો હોવાનું સામે આવ્યા બાદ તેમની સામે કાર્યવાહી કરવા માટે સત્તાવાર પરિપત્ર કરવામાં આવ્યો છે, જેથી હવે ખાનગી વાહનો ઉપર પોલીસ, એમએલએ કે અન્ય હોદ્દા દર્શાવતા બોર્ડ લગાવવામાં આવેલા હશે તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. આ અંગે વાહન વ્યવહાર વિભાગની કચેરીનાં ખાસ ફરજ ઉપરનાં અધિકારી દ્વારા પરિપત્ર કરી કાર્યવાહી કરવા માટે સૂચના આપી હોવાનું જાણવા મળે છે.

# બામણાસા ગામે ઘરમાં રાખેલ રોકડ રૂા.૧.૩૦ લાખનાં ડબ્બાની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૨૮

કેશોદનાં બામણાસા ગામે કોઈ અજાણ્યો શખ્સ ઘરમાં રોકડ રૂા.૧.૩૦ લાખ રાખેલ ડબ્બાની ચોરી કરી જતાં પોલીસે તપાસ હાથ ધરી છે. કેશોદનાં બામણાસા ગામે રહેતા કરશનભાઈ વેજાણંદભાઈ કરંગીયાનાં ઘરમાં રાખેલ ડબ્બો જેમાં રોકડ રૂા. ૧ લાખ ૩૦ હજાર તથા ડોકયુમેન્ટ રાખેલ હોય આ ડબ્બો કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી જતા પોલીસે ફરીયાદ નોંધી પીએસઆઈ એસ.એન. સોનારાએ આગળની તપાસ હાથ ધરી છે.

# વિસાવદર : વિદેશી દારૂની ૧૫ બોટલ સાથે એકની અટક : એક નાસી ગયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૨૮

વિસાવદર પોલીસે સરસઈ ગામ ધ્રાફડ ડેમની પાછળ અવાવરૂ જગ્યા ઉપર રેડ કરી હાર્દિકભાઈ વિજયભાઈ નથવાણીને વિદેશી દારૂની ૧૫ બોટલ સાથે ઝડપી લઈ બાઈક સહિત કુલ રૂા. ૨૬૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે રેડ દરમ્યાન સંજયભાઈ ઠાકોર નાસી ગયો હતો. પોલીસે બંને વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.





**ચંદનનાં રોપા કેન્દ્ર - પ્લાસવા**

**જન કલ્યાણ નર્સરી એન્ડ ફાર્મ**

**(ગામ પ્લાસવા)**

સફેદ ચંદન, લાલ જાંબુ, લીંબુડી, લીલી ચા, કેસર આંબા, મીઠી તુલસી (સ્ટેવીયા) વગેરેના રોપા અમારે ત્યાંથી મળશે

**ઘનશ્યામભાઈ સાવલીયા**
**મો. ૭૪૦૫૭ ૪૧૯૦૬**

**કલ્યાણભાઈ સાવલીયા**
**મો. ૯૮૨૪૮ ૨૨૬૫૦**


Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volum 46, Issue 167, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India